વિશાળ હૉલ, ખાવાપીવાની, રહેવાની જગા છે, અને સગવડ છે; વળી સુંદર હવાપાણી છે; એકાંતમાં ઈશ્વરોપાસના કરવી હોય, ધાર્મિક અભ્યાસ કરવો હોય; તો આ સ્થાન ઘણું જ ઉત્તમ હોવાથી બહારગામના લોકો યાત્રાનિમિત્તે આવે છે અને કેટલાય દિવસ સુધી મુકામ કરે છે. એટલે આ સ્થળ એક તીર્થક્ષેત્ર તરીકે પ્રસિદ્ધ છે. ખંભાતના શ્રીમદ્‌ને માનનારા દર પૂર્ણિમાએ આવે છે. આજે તો આ ક્ષેત્ર જોવા જેવું થયું છે એટલું જ નહિ પણ ખંભાતના ભૂષણરૂપ ગણાય છે, જેનું વર્ણન આગળ કરવામાં આવ્યું છે.

મુસલમાનોનું તીર્થક્ષેત્ર

ખંભાતમાં ઘણી મસ્જિદો, રોજા વગેરે છે. કેટલાક પવિત્ર પુરુષોને પૂરતી મદદથી તથા શોભાવાળી ઘટતા માનમરતબાથી ખંભાતમાં બોલાવીને વસાવેલા; અને કેટલાક સુજ્ઞ પુરુષો ગુજરાતી સુલતાનોનાં વખાણ સાંભળી સુમાર્ગે દોરવાના હેતુથી ખંભાત આવેલા; અને કાયમી રહેલા. એમની દરગાહો ખંભાતમાં છે. શેખ અહમદખાતુ ઈ. સ. ૧૪૪૬ ( હિ. સ. ૮૪૮ ) અમદાવાદ સરખેજના રોજામાં ગુજરી ગયા તે ખંભાત આવેલા. વળી મક્કા જવા માટે ખંભાત આવવું પડતું. એટલે ખંભાત લગભગ મુસ્લિમોનું જાત્રા જેવું થઈ પડેલું.

અબુતાલેબના રોજાનો મેળો

નારેશ્વર તળાવથી ઉત્તર તરફ જતાં આ પીરની દરગાહ આવે છે. પાલનપુર તરફના ધાનધારિયા લોકો તેમને ખૂબ માને છે. અને તેમનો ઓરસ ભરે છે.

વહોરા લોકોનું યાત્રાનું ધામ

મુસલમાની ધર્મના પ્રથમ ફિરકાઓ અત્રે આવેલા છે. જેમની કબરો ખંભાતમાં છે, તે પીરનારિએરી, કાકાઅકેલાના રોજા ખંભાતમાં છે; જેથી વહોરા લોકો ખંભાતમાં જાત્રા કરવા આવે છે. તેમને માટે મુસાફરખાનું પણ છે.

પ્રકરણ ૧૯મું

# ખંભાત શહેરનો કોટ તથા દરવાજા

'નગરકોટ અને ત્રિપોલીઉ,
માણેકચોકે બહુ માણસ મિળયું'

ખંભાત શહેર પ્રાચીન છે; અને તેના રક્ષણ માટે કોટ, બુરજો વગેરે બાંધવામાં આવેલું. તેમાં ઈંટો અને છો વપરાયેલી છે. ક્યારે બંધાયા હશે, અને કોણે બંધાવ્યા હશે તે નક્કી શોધી કાઢવું મુશ્કેલ છે. સોલંકી અને વાઘેલા યુગમાં તેનાં એંધાણ મળે છે. વસ્તુપાળ અને શંખ સાથેનું યુદ્ધ સમુદ્રકિનારે થાય છે. કરણ વાઘેલા ઉપર દિલ્હીના બાદશાહે ઈ. સ. ૧૨૯૭માં ચડાઈ કરવા લશ્કર મોકલ્યું, અને તેના સરદારે ખંભાતને લૂંટયું, તે સમયે ખંભાત ને કોટ દરવાની ખાસ. મિરાતે

સિકંદરી ઈ. સ. ૧૬૧૧માં લખાઈ. તેમાં ખંભાતના દરવાજાના ઉલ્લેખ મળે છે. તે ' ભરૂચના દરવાજા ' અને ' અમદાવાદી ' દરવાજાનો નિર્દેષ કરે છે.[૧] વળી મિરાતે એહમદીમાં ' ગવારા '[૨] અને ફુરજા દરવાજાનું નામ મળે છે. વળી મોમીનખાને કોટ દુરસ્ત કરાવ્યો એવું જણાવ્યું છે. વળી ગુજરાતી સાહિત્યમાં મધુસૂદન વ્યાસે ' હંસાવલી વિક્રમ-ચરિત્ર વિવાહ ' વિ. સં. ૧૬૧૬ (ઈ. સ. ૧૫૬૦) માં લખી તેમાં તેણે ખંભાતના વર્ણનમાં જણાવ્યું છે કે ' દીઠો પ્રાતઃકાલે કાર ત્રાંબાનો ગઢ સાર '[૩] વળી કવિ શામળ ગંધર્વસેનની અને બીજી વાતોમાં ખંભાતના ગઢનું વર્ણન કરે છે. તેને તાંબાનો કોટ હતો. અને તે ઉપરથી ' ત્રંબાવટી ' નામ પડયું છે. આ વિશે વિદ્વાનો કહે છે કે આ સ્થળ પાસે કોઈ કાળે તાંબું નીકળતું હશે; અથવા તાંબાની ચીજો બનાવવાના ઉદ્યોગનું કેન્દ્ર હશે એવો તર્ક કરીને અટકવાનું છે.[૪]

## બાર દરવાજા

ઈ. સ. ૧૬૩૮માં જર્મન મુસાફર મેન્ડેલ્સ્લો ખંભાત આવ્યો હતો. તેણે પોતાના પ્રવાસગ્રંથમાં લખ્યું છે કે ખંભાત ગામને ફરતે કોટ હતો અને ગામને બાર દરવાજા હતા. ઘણાં ભવ્ય મકાનો હતાં. સીધા અને પહોળા રસ્તા હતા. સુરતના કરતાં રસ્તા વધારે મોટા હતા.[૫]

---

૧ મિરાતે સિકંદરી પૃ. ૪૫૫

૨ મિરાતે એહમદી વૉ. ર. ખંડ ૩ (ગુ. ભા.) પૃ. ૫૨૨

૩ સંપાદક – શંકરપ્રસાદ રાવળ પૃ. ૨૫

૪ શ્રી ભોગીલાલ સાંડેસરા – ' ભૂલાયેલી નગરી – નગરા ' ' ગુજરાત ' તા. ૪–૫–૬૫

૫ મેન્ડેલ્સ્લોની મુસાફરી (અં.) પૃ. ૩૯

## એહમદીકારના નકશાનાં ખંભાત

મિરાતે એહમદીના લેખક અલીમોહંમદખાને (ઈ. સ. ૧૭૫૬) પોતાના ઉપયોગ માટે ગુજરાતનો નકશો કપડા ઉપર ૧૩ ફૂટ લાંબો અને ૧૪ ફૂટ પહોળો ચીતરાવેલો છે. તેમાં ખંભાત, પેટલાદ, વડોદરા, નડિયાદ અને અમદાવાદ વગેરે શહેરના નકશા ચીતર્યા છે. સૌથી મોટો નકશો અમદાવાદનો છે. ખંભાત શહેરનો જે નકશો ચીતર્યો છે; તેમાં પૂર્વ બાજુએ અને પશ્ચિમે ચારચાર અને ઉત્તર અને દક્ષિણ બાજુએ બબ્બે દરવાજા બતાવ્યા છે. એમ કુલ ૧૨ દરવાજા છે. ફરતો કોટ છે. પરંતુ પાછળથી દરવાજાની સંખ્યા ઓછી થઈ, અને ચારે દિશામાં બબ્બે દરવાજા રહ્યા, જેથી કુલ આઠ દરવાજાની સંખ્યા અને નામ રહ્યાં.[૬]

**દરવાજાની રચના અને માપ :** ગવારા, લાલ દરવાજો, મહંમદી વગેરે ગૌમુખી આકારના બેવડા દરવાજા હતા. પહેલો દરવાજો ઉઘાડયા પછી બીજો દરવાજો ઉઘાડીને શહેરમાં દાખલ થવાનું હતું. દરવાજાની અંદર રક્ષકોને રહેવાનું તથા લડાઈ માટેના સાધનો રાખવામાં આવતાં. તેવા સિપાઈઓને ' બિરાદરી ' કહેતા; અને જે દરવાજાની રચના તેવી ન હતી, ત્યાં તેની પાસે રક્ષકોને રહેવા મકાનો અલગ હતાં. શહેરના આઠે દરવાજા સરખા માપના હતા. તેમની ઊંચાઈ ૧૬ ફૂટ અને પહોળાઈ ૧૨½ ફૂટ હતી.

વળી આગળપાછળના બે દરવાજા વચ્ચેની ઊંડાઈ ૧૨ ફૂટ હતી. એના ઉપર અગાસી રાખતા. મક્કઈ દરવાજો શહેરના ભાગ કરતાં નીચો અને

---

૬ આ નકશો બાદશાહી દિવાનના વંશજો ખંભાતમાં છે તેમની પાસેથી લેખકને જોવા મળ્યો હતો.



ખંભાતના ત્રણ દરવાજા

દરિયા કરતાં ઊંચો બાંધવામાં આવેલો. તેના મથાળેથી દોરી મૂકી હોય તો જુમ્મા મસ્જિદના તળિયા સુધી પહોંચે. આ દરવાજેથી દરિયો લગભગ ૨૦ ફૂટ નીચો છે. એટલો ઢાળ છે.


ત્રણ દરવાજા : (હિ. સ. ૯૯૨) (ઈ. સ. ૧૫૮૪). ખંભાતને શોભીલું કરનાર, સમુદ્ર તરફ જતાં બજારમાં આવે છે. આ ત્રણ દરવાજા અકબર બાદશાહના જમાનામાં થયા છે. ત્રણ દરવાજા પૈકી વચલા દરવાજાની પશ્ચિમ બાજુના દરવાજા ઉપર ફારસીમાં એક લેખ છે, તેમાં જણાવ્યું છે કે — 'અકબર બાદશાહના જમાનામાં (ઈ. સ. ૧૫૮૪) હિ. સ. ૯૯૨માં ઈમારત તૈયાર થઈ છે. જ્યારે આત્માને પસંદ પડી તો પછી તેના વખાણની શી જરૂર ?'

જાફરઅલીખાન બુરજ ઘડિયાળ (ઈ. સ. ૧૮૮૮–૮૯)

ત્રણ દરવાજાના વચલા દરવાજા ઉપર ઈ. સ. ૧૮૯૧માં ટાવર મૂકવામાં આવ્યું છે. તેનું ડીઝાઈન કરનાર સોરાબજી શાપુરજી મહેતા હતા. ટાવરની ઊંચાઈ ૫૦ ફૂટ છે. ઘડિયાળ મેસર્સ લન્ડ બ્લોકલી ઍન્ડ કંપની લંડન પાસેથી આણેલું છે. આ ઘડિયાળના દરવાજા ઉપર જુદી જુદી ચાર ભાષામાં લેખ લખ્યા છે. 'તેમાં બાંધવાનું શરૂ કર્યા તા. ૬ નવેમ્બર સને ૧૮૮૮ અને પૂરું થયાની તા. ૧લી નવેમ્બર સને ૧૮૯૧. નવાબ જાફરઅલીખાન નજમુદૌલા મુમતાજુલ મુલ્કે પોતાને હાથે તા. ૧૦મી નવેમ્બર, સને ૧૮૯૧માં ચાલુ કરી. આ બાંધવામાં રૂા. ૧૦૭૨૫ ખર્ચ થયો છે.' લેખમાં અગત્યની લીટી લખવામાં આવી કે

ટકે ન કોને કારણે જલધિતણો જુહાર,
સારો માઠો ન રહે કોને સારુ કાળ.

આ દરવાજા ઉપર સ્ટેટના વખતમાં બપોરના બાર વાગે તોપ ફોડવામાં આવતી હતી. જે દૂર દૂર સંભળાતી હતી.



ખંભાતનું પ્રવેશદ્વાર : ગવારાનો દરવાજો


**દરવાજાનાં નામ :**

(૧) ગવારા — વિ. સ. ૧૬૮૦ હસ્તલિખિત દસ્તાવેજોમાં 'હવેલી ગોઆરાની મધે' આવા શબ્દો છે. બીજા ઘણા દસ્તાવેજોમાં ગોઆરાને એક મોટો વિસ્તાર (ચકલા) તરીકે લખવામાં આવ્યો છે. તેમાં હાલમા ઝંડાચોક આગળના લત્તાને

નાના ગવારા અને 'ઘાસિયા ગોઆરા,' શબ્દો લખેલા દસ્તાવેજો મળ્યા છે. મિ. એ. ( ગુ. ભા. ભા. ૪ – પૃ. ૫૨૨ )માં જણાવ્યું છે કે,

'પૂર્વાભિમુખના ગવારાના દરવાજાની જોડના બુરજ અને ગઢી રક્ષકો વિનાનાં હતાં. 'ગવારા' શબ્દના અર્થ વિષે અમદાવાદના ફારસીના ઇતિહાસવિદ્ પ્રો. અબુઝફર નદવીસાહેબ કે જેઓ ખંભાત આવેલા હતા; તેમને પૂછતાં તેઓશ્રીએ જણાવ્યું કે મૂળ શબ્દ 'ધવ્વારા' છે. એનો અર્થ પારણું થાય છે; જે સ્થળે પારણાં વગેરે ખરીદીનું કામ ઘણું થતું હોય તે જગા ગવારા કહેવાય. ગવારામાં ખરાદીનાં ઘરો હતાં, તો તે ઉપરથી આ નામ પડયું હશે, કારણ કે જેવી રીતે સુથાર, કડિયા, સોની વગેરે જ્ઞાતિઓ ઉપરથી તે પોળનાં નામ પડયાં છે; તેવી જ રીતે આ નામ પડયું હશે. આથી જણાશે કે કેટલીક જ્ઞાતિઓ કેવી વિસ્તરેલી હશે. વળી એમ પણ કહેવાય છે કે ગામમાંથી ગાયો આ દરવાજામાં થઈને સીમમાં જતી અને તેથી પણ ગઉવાળા દરવાજા એવું નામ પડયું. પાછળથી ગવારા કહેવાયો. આ દરવાજો સને ૧૯૫૪માં ખં. મ્યુ. તરફથી તોડી પાડવામાં આવ્યો.

(૨) પાણીયારી : માદળું તળાવ, ચારપાંચ વાવો, અને ઘણા કૂવા વગેરે પાણીનાં ઘણાં સ્થળોને લીધે આ દરવાજાનું નામ પડેલું છે. એ દરવાજામાં થઈને શહેરમાં સ્ત્રીઓ બહારનાં વાવ-કૂવામાંથી ચમકતાં બેડાંમાં પાણી ભરીને આવતી. સવારમાં તો પનિહારીઓની ઠઠ જામતી – આ ઉપરથી આ દરવાજો પનિહારી અગર 'પાણીઆરી' કહેવાય છે.




પાણીયારી દરવાજો

આ દરવાજો સને ૧૯૫૫માં ખં. મ્યુ. તરફથી પાડી નાખી ત્યાં વિશાળ ચોગાન બનાવ્યું છે. મોટે ભાગે આ દરવાજેથી શહેરમાં હિન્દુ લોકોનાં શબ સ્મશાને જાય છે. હમણાં અહીં બગીચો, સ્નાનાગાર ( ન્હાવા માટે ) તથા તળાવમાં સુધારો મ્યુ. તરફથી થઈ સૌંદર્યધામ બન્યું છે. આ દરવાજેથી શહેરના ઘણા ભાગનાં લોકો સ્મશાન તરફ શબ લઈ જાય છે.

( ૩ ) ભોઈબારી : આ દરવાજો ખંભાતની દક્ષિણ દિશાએ આવેલો, દરવાજાની નજીકમાં ભોઈ લોકોની વસ્તી ઘણી હતી, તેથી તેનું નામ પડયું છે, તેવી રીતે વહોરવાડ આગળ એક બારી હતી તેને વહોરાબારી નામ પાડેલું. આજે આ દરવાજો પડી ગયો છે.

( ૭ ) મહંમદી : આ નામ 'મહંમદ'ના નામ ઉપરથી પડેલું હોય એ સ્પષ્ટ દેખાય છે. એ કયો મહંમદ તે નક્કી કરી શકાય નહીં. આ દરવાજો પડી ગયો છે.

( ૮ ) ફત્તેહ દરવાજો : પહેલાં આ દરવાજો પીરજપુર આગળ હતો. કહેવાય છે કે કલ્યાણરાયે



મક્કઈ દરવાજો

( ૪ ) મક્કઈ દરવાજો : આ દરવાજેથી મક્કા હજ ( જાત્રા ) કરવા જતા હતા, તેથી આ નામ પડયું છે. આ દરવાજાનું નામ 'ભરૂચના દરવાજા' એવું મલી આવે છે. ( મિરાતે સિકંદરી પૃ–૪૫૫) આ સમુદ્રકાંઠે આ દરવાજો છે.

( ૫ ) ફુરજાનો દરવાજો : દરિયાકાઠે આવેલો માલ આ દરવાજેથી શહેરમાં આવતો હતો. અહીંયાં જકાત લેવામાં આવતી હતી. જેને માટે જુદો અધિકારી રાખવામાં આવતો હતો.


( ૬ ) ચોકામલી : ખંભાતની પશ્ચિમે આવેલો છે. કેટલાક કહે છે ત્યાં આમલીનાં ઝાડ વધારે હતાં તે પરથી આ નામ પડયું છે. આજે તો આ દરવાજો પડી ગયો છે.

વિજય મેળવ્યો અને પીરજપુરનો દરવાજો પાડી નાખી તેનાથી આગળ ચોગાનમાં બીજો દરવાજો બાંધ્યો, અને ત્યાં હલકી કોમોને વસાવી, તે દરવાજાનું નામ ફત્તેહ દરવાજો રાખ્યું. આ દરવાજો પડી ગયો છે.

લાલ દરવાજો : આ દરવાજો પણ પહેલાં પીઠમાં હતો. ત્યાંથી કાઢી નાખીને કલ્યાણરાયે આગળ ચોગાનમાં બંધાવ્યો, અને તેનું નામ 'લાલ દરવાજો' રાખ્યું. મિરાતે એહમદીમાં 'પીઠ'નો દરવાજો નામ આપેલું છે.[૭] એટલે ઈ. સ. ૧૭૫૬માં મિરાતે એહમદી લખાઈ તે વખતે

૭ મિ. એ. વો. ૨, ખં. ૪, પૃ. ૬૫૮ આ પૃષ્ઠ ઉપર 'ગવારા'નો અને 'પીઠ'નાં બન્ને દરવાજાનાં નામ આપ્યાં છે.

પીઠનો દરવાજો હતો. આ દરવાજાનું નામ પાડવાનું કારણ એ સંભવિત છે કે રજપૂતોની માતા 'હરસિદ્ધ' હાલ અંધારી શેરી પાસેના રજપૂતવાડામાં છે તે પહેલાં પીઠ આગળ હતાં, આથી તે સ્થાન 'પીઠ' નામથી પ્રસિદ્ધ થયું અને તે દરવાજો પીઠનો દરવાજો નામથી ઐતિહાસિક બન્યો. પણ પછી તેને પાડી નાખીને આગળ લાલ દરવાજો બંધાવ્યો, એ દરવાજો પણ કાઢી નાખવામાં આવ્યો છે.



લાલ દરવાજો

## પ્રકરણ ૧૭ મું

# ખંભાતની પોળો અને મહોલ્લાઓ

'નગર ચોરાસીચહુય શોભંત હાટ તે મોટાં.'
(કવિ ઋષભદાસ – ભરત બાહુબલી)

### ખંભાત શહેરની પોળો અને મહોલ્લા

ખંભાત શહેરની પોળોનો ઇતિહાસ મેળવવો મુશ્કેલ છે. છતાં જૂનાં હસ્તલિખિત ખતપત્રો પરથી માલૂમ પડે છે કે કેટલીક પોળો ઘણી પ્રાચીન છે; અને તેનાં તે જ નામ ચાલ્યાં આવે છે; જ્યારે કેટલીક પોળોનાં નામ બદલાઈ ગયાં છે. ખતપત્રો વાંચતાં એક પોળમાં બીજી પોળોનાં નામ મલી આવે છે; આજે તો તેવાં નામ મળતાં નથી. વળી શહેરમાં ઘણાં જ દેવમંદિરો છે; એટલે તે દેવ કે દેવીના નામ ઉપરથી તે પોળનું નામ પડ્યું છે; જ્ઞાતિઓ એક સ્થળે રહેતી હોવાથી જ્ઞાતિઓના નામથી પોળો ઓળખાય છે, આજે તો તે જ્ઞાતિનું એક પણ ઘર ન હોય છતાં તે જ્ઞાતિના નામથી તે પોળ ઓળખાય છે.

શહેરના મોટા લત્તાને 'હવેલી' કહેતા, નાના લત્તાને 'મહોલત' અને તેના નાના ભાગને પોળ, શેરી, ખડકી, વાડ, વાડો, ખાંચો, પાડો, ફળી, ફળિયું વગેરે કહેવામાં આવે છે, હવે તેને વિગતવાર ગણાવીએ.

દેવોનાં નામ ઉપરથી પડેલી પોળો :

કાલમપાડો, ખંડાઈમાતાનો ભાટવાડો, બહુચરાજીની પોળ, દેવની પોળ, આચતા માતાજી

પોળ, પ્રતિજ્ઞેશ્વરની પોળ, છત્રીસીપોળ, અલીંગનું ચકલું, અંબામાતાની ખડકી, મહાલક્ષ્મી માતાની પોળ, નારણદેવની પોળ, વડાવાસુદેવની પોળ, ભવાનીપાડો, ભૈરવનાથનો ખાંચો, કૃષ્ણપોળ, રણછોડજીનો ખાંચો, હનુમાનની પોળ, કાળકામાતાની પોળ, સામુદ્રીમાતાની પોળ, સિંધવઈમાતાનો ખાંચો, સત્યનારાયણનાં મંદિર, પીઠ ( હરસિદ્ધિ માતા ); જીરાળા પાડો ( જીરાવલ્લી ), વગેરે.

જ્ઞાતિઓનાં નામ ઉપરથી —

બ્રાહ્મણવાડો, ચોવીસી બ્રહ્મપોળ, સાત બ્રહ્મપોળ, ભૈડાવાડ, વાણિયાપોળ, લાડવાડો, નાગરવાડો, ખેડાવાળની પોળ, કંસારવાડ, ભાટવાડો, લૌકાપરી, સોનીવાડો, રજપૂતવાડો, સુતારવાડો, કંદોઈવાડો, શ્રીમાળી શેરી, ચોકસીની પોળ, હાળીવાડો, આળીપાડો, કડીઆપોળ, કાછીઆપોળ, ખાત્રીપોળ, મોટો કુમારવાડો, નાનો કુમારવાડો, વાળંદવાડો, માળીવાડો, પખાલીવાડ, કુંભારવાડો, દલવાડીવાડ, કોલીવાડ, છીપવાડ, રવાળિયાવાડ, નગારથીવાડ, મોચીવાડ, ખારડીવાડ, ચુનારવાડ, વહોરવાડ, પારસીવાડ, પોમલાવાડ, રબારીવાડ, ખનાલીવાડ, સાબળીપોળ, મનિયારવાડો, ગુજ્જરવાડો, ભાવસારવાડો, ઢીંમરવાડો, સૈયદવાડો, કસાઈવાડો, પીંજારકોટ, દલવાડીવાડ, માવચાવાડ, દૂધારવાડ, ચામડીયાવાડ હરિજનવાસ, રાણાચકલું, ગળિફળિયું, હીજડાવાડ, સાલવીવાડ, કાઠીટોળું, પટલાવાડી.

મુસ્લીમ નામના મહોલ્લા —

કાજી સાહેબનો મહોલ્લો, નાબળ મહોલ્લો ઈમામવાડો, બડામીંયાનો મહોલ્લો, સદરે અવ્વલનો મહોલ્લો, હાજી ફજ્જુનો મહોલ્લો, હુસેની મહોલ્લો, બાવા બાજીશાહનો મહોલ્લો, કાબરાનો મહોલ્લો.

માણસોનાં નામ ઉપરથી —

અબદાલવાડો, અલૈયાપાડો, આણંદજી પારેખની ખડકી, કામા વ્યાસની પોળ, કાજીવાડ, કાજી સાહેબનો મહોલ્લો, કાબટાનો મહોલ્લો, ગરીબાની ખડકી, ગાંજાવાળાની ખડકી, ગુંદરીઆની પોળ, છતરદાસનો મહોલ્લો, જીભાઈ દેસાઈની ખડકી, તોરણશા, દાદાસાહેબની પોળ, દાતણવાળાની પોળ, દારૂવાળાની ખડકી, દંતારવાડો, દિવાનજીની પોળ, નાકારાતની પોળ ( સોદાગરની પોળ ) બડામીંયાનો મહોલ્લો, બાવા બાજીશાહ, ભટ્ટની શેરી, લૌકાપરી, ભણસારીવાડો, મોતીવાળાની, ખડકી, રત્નાગણેશની ખડકી, રાધેકૃષ્ણની ખડકી, રાજારામની ખડકી, રામકલીની પોળ, લાલાજીની પોળ, લાલ મહેલ, વાઘમાસીની ખડકી, સદરે અવ્વલનો મહેલો, સંઘવીની પોળ, સાજનફળિયું, ચોક, નગીનાવાડી, પરભુભીખાની ખડકી, કોર્ટનો પાડો, ભુલાનો મહોલ્લો, મકતુવાડો, હીરા વણારસીની ખડકી, ખુશાલ મનોરની ખડકી.

અટકોથી ઓળખાતી પોળો —

જોષી ફળીયું, દેસાઈની પોળ, પારેખની ખડકી, પટેલની શેરી, સંઘવીની પોળ, મુન્સીની પોળ, ઘીઆપોળ, ભટ્ટની શેરી, વગેરે.

ઝાડપાન ઉપરથી ઓળખાતી પોળો —

પાનપોળ, પીપળાશેરી, લીમડાશેરી, એરંડાફળી, ગંઠોડાશેરી, વડફળિયું, શેરડીની પોળ, બોળપીપળો, નાળિયેરી ખડકી, ચોળાવાડો, કપાસીપોળ, થાપડાપોળ, લીમપાડો, કોઠીપાડો, કોઠિયોવાડ, વાંસડાવાડ, થુલીની પોળ, ઝૂંપડીપોળ, બોરિયાપાડો.

જનાવરનાં નામ ઉપરથી –

વાંદરાબુરજ, માંકડિયાપોળ, કબતરિયાપાડો, ભેંસતવાડો વગેરે.

સંખ્યાદર્શક નામો – મોટી ત્રણપોળ, નાની ત્રણપોળ, પાંચહાટડા, ત્રણલીમડી વગેરે.

જમીન અને વસવાટ ઉપરથી – ટેકરી, ઊંચીશેરી, સાંકડીશેરી, વચલીશેરી, નાનફળિયું, નાની ખડકી, કડાકોટડી, ભોંયરાપાડો, ટેકરાફળી,

શત્રુખાનું, જ્ઞાકીપોળ, પથ્થર મસીદ, વાયનો પાડો વગેરે.

ગુણદર્શક નામ ઉપરથી – ખારીવાડી, ખારોપાટ, મીઠોપાટ, કડવાપોળ, ખારીકૂઇ વગેરે.

ખંભાતની પોળો અને મહોલ્લાનાં નામ પાટણ શહેરના મહોલ્લા પ્રમાણે મળતાં આવે છે તેમ રચના લગભગ મળતી આવે છે.

મંડાઈ –

'મંડી' ઉપરથી મંડાઈ શબ્દ થયો છે. આ સ્થળે જથાબંધ વેપાર કરવાની દુકાનો હતી, અને ત્યાં જુદા જુદા કર લેવાતા હતા. ગામડાનાં ગાડાં અનાજ વગેરે ચીજો ભરીને ત્યાં આવતાં. આ બાબતને લગતો ફારસી – અરબી એક શિલાલેખ મુઝફ્ફરશાહ (ઈ. સ. ૧૫૧૧ – ૧૫૨૫)ના સમયનો છે. જે મંડાઈની કન્યાશાળામાં હતો, પરંતુ કન્યાશાળાનું મકાન નવું કરાવવાથી તે લેખ ૨. પા. આર્ટ્સ કૉલેજમાં મોકલવામાં આવ્યો છે. આ સિવાય ઘીમંડી, કપાસમંડી, કેરીમંડી, ગલેમંડી, ઘીકાંટો, ખુશકીમંડી વગેરે મંડી – મંડાઈ હતી. હાલ જ્યાં મુખ્ય નિશાળ, મુખ્ય કન્યાશાળા વગેરે છે તે સ્થળ જૂની મંડાઈ નામથી ઓળખાય છે અને હાલ જકાતખાતું – સ્ટેશનથી આવતાં છે તે સ્થળ પણ મંડાઈ નામે ઓળખાય છે.

ચિતારી –

ચારે બાજુ રસ્તા હોવાથી આ શબ્દ પ્રચલિત થયો લાગે છે. વિ. સં. ૧૭૧૧નાં ખતપત્રોમાં 'ચિતારીઢાળ' શબ્દ વાપર્યો છે. તેનું કારણ એ છે કે તે ભાગ ઊંચાણવાળો છે. જે ઢાળનું પાણી ઠેઠ ગવારા સુધી આવે છે. મુખ્ય બજાર અહીં ગણાય છે.

ચકલાં –

જ્યાં ચાર રસ્તા ભેગા થતા હોય તે સ્થળને ચકલું કહે છે. ગવારાનું, અલીંગનું ચકલું, રાણા ચકલું, મંડાઈનું ચકલું, પીઠનું ચકલું, હાટડીનું ચકલું, ત્રણ લીમડીનું, ખારાપાટનું, ધોબીચકલું, મીઠાપાટનું, પીરજપરનું, ચિતારીનું ચકલું.

ચોક –

ખોજબાડાનો ચોક અને માણેક ચોક. માણેક ચોકમાં ઝવેરીઓ બેસતા હતા, અને ત્રણ દરવાજા આગળ શુકવારે ગુજરી ભરાતી હતી.

## પ્રકરણ ૧૮ મું
## ખંભાતનાં પરાં

વાસ સ્તંભતીરથ સ્વસ્થાન,
શ્રી રત્નાકર સમીપ નિધાન
સ્નાને સ્વર્ગ પમાડે જ્યાંય,
આ આખ્યાન મેં કીધું ત્યાંય,
વૈષ્ણવજનનો કહાવું દાસ,
ખાનપુરમાં મારો છે વાસ.
– કવિ વિષ્ણુદાસ (હરિશ્ચંદ્રપુરી)

ખંભાત શહેરની આસપાસ પરાં આવેલાં છે.

ખાંજિયાપરું, અકબરપરું, જહાંગીરપરું, પીરોજપરું, ખાનપુર, મેતપુર, કતબપર, મોસમપરું, (મોઆઝમપરું), માછીપરું. ઉપરનાં કેટલાંક નામ મુસલમાની રાજ્યકાળમાં પડયાં છે; અને શહેરની બહાર તે વસ્યાં છે.

૧. ખાંજિયા પરું : ખંભાત શહેરના પૂર્વ દિશાના કોટને બરાબર અડકીને ગવારા દરવાજા નજીક આ પરું આવેલું છે. 'ખાન'ના નામ ઉપરથી આ પરાનું નામ પડયું છે. મુસ્લિમ રાજ્યકાળમાં અમલદારો પણ કંઈક આવાં કામો કરતા; એટલે અંત્ય અક્ષર 'ખાન'વાળા કયા અધિકારીના નામથી પડયું હશે તે કહેવું મુશ્કેલ છે. આજે અહીં પટેલોની વસ્તી છે. ભદ્રકાળીમાતાનું સ્થાન છે. આ પરાનો બીજો છેડો રણછોડજીના મંદિર આગળ પૂરો થાય છે. આ મંદિરનાં જૂનાં ખતપત્રો સંવત ૧૮૨૮નું મળ્યું તેમાં 'ખાનપરું' લખ્યું છે. અને સંવત ૧૯૫૨ના ખતમાં 'ખાંજિયાપરું' લખ્યું છે. તથા 'માદળાની પાળે' એમ લખ્યું છે.

૨. મોસમપરું : ખંભાતને શાકભાજી વગેરે મોસમી ચાજો પૂરી પાડવાથી આ નામ પડયું હોવાનો સંભવ છે. અથવા મોઆઝમખાનના નામ ઉપરથી પડયું હોય.

૩. પટલાવાડી : પટેલોની વસ્તીને કારણે નામ સંભવિત છે.

૪. અકબરપુર : ખંભાત શહેરના કોટ બહાર જે જે ભાગો વસ્યા છે તે 'પરાં' નામે પ્રસિદ્ધ છે. દિન-પ્રતિદિન તેમાં ફેરફાર થતા હોવાથી જતે દિવસે તેનો ખ્યાલ પણ ન આવે એવું બને.

અકબરપુર એ ખંભાત શહેરના ઇશાન ખૂણામાં અને સ્ટેશનની નજીક આવેલું છે. હાલ ત્યાં મુસલમાનો તથા ઈતર કોમોનાં ઘરો, વખારો વગેરે છે. આ સ્થળ ઘણું પ્રખ્યાત અને વસ્તીથી ભરપૂર હશે એમ ઇતિહાસોમાં આપેલાં વર્ણનો પરથી જણાય છે.

અકબરપુર નામ દિલ્હીના મુગલ બાદશાહ અકબરના નામ ઉપરથી પડયું છે એ સ્પષ્ટ દેખાય છે. ગુજરાતનો મુલક મુસલમાનો અમીરોએ વહેંચી લીધો તે વખતે અમદાવાદ, ખંભાત બંદર અને રાજ્યનો કેટલોક ભાગ એતમાદખાનના હાથમાં આવ્યો હતો.[૧] તે વખતે ગુજરાતમાં કેટલાંક તોફાન થયાં. એતમાદખાન અકબર બાદશાહને મળ્યો.

અકબર ખંભાતમાં : [૨]શાબાન માસની ૨જી સોમવાર, હિ. સ. ૯૮૦ (ઈ. સ. ૧૫૭૩)ને દિવસે અકબર બાદશાહની સવારી અમદાવાદથી ખંભાત આવવા નીકળી તે છઠ્ઠી તારીખે ખંભાત બંદરે આવી ત્યારે વેપારીઓ તથા વતનીઓ સન્માન કરવા માટે સામા ગયા; અને ઘણા જ માનપૂર્વક તેમને શહેરમાં તેડી લાવ્યા. બાદશાહે અહીં પહેલવહેલો સમુદ્ર જોયો. એક વહાણમાં બેસી તેમણે સમુદ્રની મુસાફરી કરી. ગુજરાતના શહબાઝખાન તથા એતેમદખાન વગેરે અમીરો બાદશાહની હજૂરમાં હાજર થયા અને દેશના બંદોબસ્તની વ્યવસ્થા કરી. મુલક એકએક ભરોસાદાર માણસના તાબામાં સોંપવામાં આવ્યા. હસનખાન ખજાનચીને ખંભાતનો વહીવટ સોંપી બાદશાહ ૭ દિવસ ખંભાતમાં રહી ૧૨મી તારીખે તે વડોદરા તરફ ગયા. અકબર બાદશાહે પોતાના નામ ઉપરથી ખંભાતનું આ 'અકબરપરું' વસાવ્યું.[૩] તથા તેના મૂકેલા હસનખાને તેના સ્મરણાર્થે ત્રણ દરવાજા બંધાવ્યા.[૪]

અકબરે ચલાવેલા વર્ષોનો ઉલ્લેખ જૈન પ્રતિમાઓ ઉપર જણાય છે संवत १६५४ वर्षे षा श्री. अकब्बर प्रवर्तित ४२ व. माघ वदि ६ खो. गंगाई नाम्ना श्री सुमतिनाथबिंब आत्मश्रेयसे कारितं

૧. મિરાતે સિકંદરી પૃ. ૪૫૩ તથા મિરાતે એહમદી ભા. ૧. પૃ. ૮૯

૨. મિ. એ. ભા. ૧. પૃ. ૧૦૬

૩. બૉમ્બે વૉ. ૫. પૃ. ૨૧૮

૪. ખંભાતનો ઇતિહાસ જુગલરામ મં. કૃત. પૃ. ૨૪

प्रतिष्ठितं श्री तपाभः श्री हीरविजयसूरि पट्टालंकार श्री विजयसेनसूरिभिः[૫] ॥

**જૈન મંદિર અને ઉપાશ્રય :** વિ. સં. સત્તરમા સૈકામાં થઈ ગયેલા જૈન કવિ ઋષભદાસે બનાવેલી અને પોતાને હાથે લખેલી ખંભાતની ચૈત્યપરીપાટી ઉપરથી જણાય છે કે ત્યાં ત્રણ દેરાસરો હતાં. ૧. વાસુપૂજ્યનું જેમાં સાત બિંબો હતાં. ૨. શાંતિનાથનું, જેમાં એકવીસ બિંબો હતાં. અને ૩. આદીશ્વરનું જેમાં વીસ પ્રતિમાઓ હતી.[૬] વિ. સં. ૧૬૮૧ના આષાઢ સુદી ૭ના એક શિલાલેખમાં 'श्री अकब्बर पुरोवाश्रये श्रीः ।।' એવો ઉલ્લેખ છે. તે પરથી જણાય છે કે ત્યાં ઉપાશ્રય હશે.'[૭]

**શ્રી વિજયસેન સૂરિનો સ્વર્ગવાસ :** અકબર બાદશાહના સમયના મહાન જૈનાચાર્ય શ્રી હીરવિજય સૂરિના પટ્ટશિષ્ય અને તેમના પછી તે પાટના મહાન આચાર્યશ્રી વિજયસેન સૂરિ કે જેમના હાથે ખંભાતમાં ઘણી પ્રતિષ્ઠાઓ થઈ છે. તે આચાર્યશ્રીના અંતિમ સમયે પ્રકૃતિ બગડી ત્યારે તેઓ વિ. સં. ૧૬૭૨માં ખંભાત આવ્યા, અને અકબરપુરના ઉપાશ્રયે ઊતર્યા. અહીં વિ. સં. ૧૬૭૨ના જેઠ વદી ૧૧ને દિવસે સ્વર્ગવાસી થયા. ખંભાતના જૈન સમાજે હજારો રૂપિયા ખરચી તેમનો નિવાર્ણપ્રસંગ ઉજવ્યો.[૮]

**સૂરિનો સ્તુપ :** શ્રી વિજયસેન સૂરિના મરણસ્થાને ખંભાતના વતની સોમજીશાહે એક સ્તુપ બનાવરાવ્યો. આ સમયે દિલ્હીની ગાદી ઉપર જહાંગીર બાદશાહ હતો. તે વખતે ચંદુ સંઘવીએ અહીં જમીન માગી. બાદશાહ તરફથી તે મંજૂર થઈ. તેમાં લખવામાં આવ્યું છે કે 'ચંદુ સંઘવીને ગામ અકબરપુર, પરગણા ચોરાસી કે જે ખંભાત નજીક છે, ત્યાં દસ વીઘાં ખેતીની જમીનનો 'મદદે મુઆશે' નામની જાગીર તરીકે આપવામાં આવે છે હિ. સં. ૧૦૨૪ ૧૭મી રજબુલ મુરજ્જબ 'તેની ઉપજનો ઉપયોગ દરેક ફસલ, દરેક સાલ પોતાના ખર્ચને માટે કરે અને અનન્ત બાદશાહી અસ્ખલિત રહેવાને માટે તે પ્રાર્થના કરે.'[૯]

**પેશ્વા અને મરાઠાના મુકામ :** ઈ. સ. ૧૭૫×માં પેશ્વા તરફથી શ્રીપતરાવે ખંભાત ઉપર ચડાઈ કરી અને ગવારા દરવાજા બહારથી તેના લશ્કરે શહેરમાં પેસવા ઘણો પ્રયત્ન કર્યો. દરવાજા આગળ ખૂબ લડાઈ ચાલી. આવેલું લશ્કર થાકેલું હતું. નવાબ મુફતાખીરખાન મોમીનખાન તરફથી સમજૂતી કરવામાં આવી. લશ્કર તથા મરાઠા પેશ્વાના અમલદારો અકબરપુરમાં આરામ લેવા લાગ્યા. અકબરપુરમાં મરાઠા અને પેશ્વાના અમલદારો રહેતા હતા. અને તેમના તરફથી રાજ્યવહીવટ ચલાવતા હતા. જૂનાં ખતપત્રોમાં મુસલમાન બાદશાહોના અધિકારીઓ તથા પેશ્વાના અધિકારીઓ એમ બન્નેનાં નામ લખવામાં આવતાં.

પેશ્વા બાલાજીરાવના નાયબ ભગવતંતરાવે હિ. સ. ૧૧૬૮ (ઈ. સ. ૧૭૫૪ – ૫૫)માં ખંભાત ઉપર ચડાઈ કરી હતી. મોમીનખાને તેમની સાથે સલૂકાઈથી કાર્ય લીધું. તેને અકબરપુરમાં ઉતારો આપ્યો. તેને ઘેરી લીધો. પાછળથી તેને છોડી મૂકયો હતો.[૧૦]

---

૫. જૈન ધાતુપ્રતિમા લેખસંગ્રહ (બુદ્ધિ) ભા. રજો, પૃ. ૨૦૪ માં લે. નં. ૧૧૩૬, ૩૮

૬. સૂરીશ્વર અને સમ્રાટ પૃ. ૨૩૬ ટીપ.

૭. જૈ. ધા. પ્ર. લે. સં. ભા. ૨. પૃ. ૧૯૯ લે. નં. ૧૧૦૮

૮. 'શ્રી વિજયસેન સૂરિ નિર્વાણ રાસ' તથા ઐ. સજઝાયમાલા ભા. ૧લો, પૃ. ૩૯.

૯. 'સૂરીશ્વર અને સમ્રાટ'માં તે ફરમાન આખું પરિશિષ્ઠ ચ તરીકે આપ્યું છે.

૧૦ મિરાતે એહમદી ખં. ૩, પૃ. ૫૩૯

ઈ. સ. ૧૮૦૨ની ૩૧મી તારીખે મુંબઈના ગવર્નર ડંકન સાહેબ અને ગાયકવાડના દિવાન રાવજી આપાજી વચ્ચે નારેશ્વર આગળ અંગ્રેજો અને પેશ્વા તરફથી તહનામું થયું ત્યારથી ખંભાતના સઘળા હક પેશ્વાએ અંગ્રેજોને આપી દીધા.

આમ ખંભાતનું અકબરપુર એ ખંભાતના ઇતિહાસમાં ઐતિહાસિક સ્થળ તરીકે પ્રસિદ્ધ છે.

૫. જહાંગીરપરું : ખંભાતના જહાંગીર બાદશાહ ઈ. સ. ૧૬૧૭, હિ. સ. ૧૦૨૬ના છેલ્લા મહિનામાં ( ૩૦ ડિસેમ્બર ) છેલ્લી તારીખે આવ્યો હતો. અને દરિયા ઉપર સુલતાન એહમદે બાંધેલા બાગમાં રહેવાનું રાખ્યું હતું. તેણે વહાણમાં બેસી દરિયાની સહેલ કરી હતી.[૧] બાદશાહ પોતાની નોંધમાં લખે છે કે ખંભાતના બંદરમાં નાનાં વહાણો આવી શકે છે.[૨] અહીંયાં બાદશાહે સોનાના સિક્કા પડાવ્યા ને તેના ઉપર ખંભાત નામ લખ્યું.[૩] મને વિ. સં. ૧૬૮૩ના ફાગણુ સુદી ૩ ને ગુરુવારનું જહાંગીર બાદશાહનું નામવાળું ખત મળ્યું છે. તેમાં માત્ર અમદાવાદની ટંકશાળનો ઉલ્લેખ કર્યો છે, અને ત્યાર પછી ખતપત્રોમાં ખંભાતની ટંકશાળ અને અમદાવાદની ટંકશાળ એમ બંને સ્થળોની ટંકશાળનો ઉલ્લેખ ખતપત્રોમાં કરવામાં આવેલો છે. જહાંગીર ખંભાત આવ્યો તેની યાદગીરીમાં જહાંગીરપરું નામ પડ્યું. તેના બંદોબસ્ત માટે કોટવાલ વગેરે નીમવામાં આવતા. વસ્તી પણ સારી હશે.

૬. કતબપુર : આ પરું વસ્યાને લગભગ પાંચસો ઉપરાંત વર્ષ થઈ ગયાં છે. વિ. સં. ૧૫૨૬ અષાડ સુદ ૯ને રવિવારનો એક ધાતુપ્રતિમા લેખ મળે છે. તેમાં ત્યાં શ્રી કુંથુનાથની પ્રતિમા સ્થાપેલી લખેલી છે.[૪] અને બીજા વિ. સં. ૧૫૬૬ના મહા વદ ૧૧ ખંભાતના શ્રીમાળી જ્ઞાતિના અમરાદેએ શ્રી વાસુપૂજ્યની મૂર્તિ પધરાવેલી તેનો લેખ છે.[૧] આ ઉપરથી સમજાય છે. આ પરું ઘણું જૂનું અને જૈનો તથા બીજી વસ્તીથી શોભતું હશે. લેખોમાં 'कतबपुर' શબ્દ છે.

૭. ખાનપુર : ખંભાતનું આ પરું આજે તો વસ્તીથી ભરપૂર છે. તેમા મુખ્ય ખેડૂતો વસે છે. જગતજનની શ્રી અંબાજીની પ્રાચીન પ્રતિમા ત્યાં છે. ત્યાં નવરાત્રમાં હિંદુ કોમો દર્શનાર્થે જાય છે. વિ. સં. ૧૬૨૪માં ત્યાં નાગર કવિ વિષ્ણુદાસ થઈ ગયા છે. તેમણે મહાભારત, રામાયણ, જાલંધરાખ્યાન, લક્ષ્મણાહરણ, શુકદેવાખ્યાન, રૂકમાગદ આખ્યાન, અંબરિષ આખ્યાન વગેરે મળીને લગભગ ૩૦–૩૫ પુસ્તકો લખ્યાં છે. અને સત્તરમા સૈકામા ગુજરાતી સાહિત્યમાં ખંભાતનું નામ આણ્યું છે. તેના એક કાવ્યને અંતે તેણે આ પ્રમાણે લખ્યું છે :

'સાગરત્રટ ત્રંબાવટી પાસ સદા
સર્વદા લીલ વીલાસ ૪૫
કવિજન જ્ઞાત મકરકુલ સોય
પાસ ખાનપુર મધે હોય ૪૬
ગંગાજીનો સુત વિષ્ણુદાસ સદા
શ્રીકૃષ્ણ જમુને તારી આશ. ૪૭*

આ કવિએ પોતાના કાવ્યમાં 'ખાનપુર'નો ઉલ્લેખ કર્યો છે.

૮. માછીપરું : ખંભાત શહેરના અગ્નિ ખૂણામાં સમુદ્રકિનારે ટેકરા ઉપર આ પરું આવેલું છે. ખંભાતમાં કેટલીક પોળોનાં નામ જ્ઞાતિઓ ઉપરથી પડયાં છે તેમ આ પરામાં માછીઓની ઘણી વસતી ઉપરથી 'માછીપરું' નામ પડ્યું છે. તેમાં માછી, ખારવા, ખલાસી વગેરે દરિયા સાથે સંબંધ ધરાવતી જ્ઞાતિઓ વસે છે.

---

૧ મિરાતે એહમદી ભા. ૧ પૃ. ૧૯૭
૨ ગુ. અ. ૯, પૃ. ૮૩
૩ એ જ પૃ. ૯૫
૪. જૈ. ધા. પ્ર. લે. સં. ભા. ૧ લેખાંક ૮૭૨

૧ પૂરણુ ચંદ્ર નાહરકૃત લેખ સ. ભા. ૧ પૃ. ૨૫
* 'કવિચરિત પૃ. ૩૨૫

મીઠું પકવવાના અગરો પાસે જ છે. હજારો મણ મીઠું તે પકવતા અને તે વેચતા, મીઠાના મોટા કૂવા માછીપરામાં મળે છે. ખેતરોની પેઠે અગરો પણ ગીરો મૂકતા, નમૂના તરીકે વિ. સં. ૧૭૬૧ના ભાદરવા સુદ ૧૨નું ખતપત્ર મળ્યું છે તેમાં લખ્યું છે કે 'માછી હીરજી પ્રજા જોગ લખીતંગ કડીઆરા હીરા હીરજી......અગર ૧ મીઠાનો તેનું નામ 'માછડીઓ' ભાગ ૬ તે ઉપર દેવા......' વગેરે. મીઠું પકવવાનું ઈ. સ. ૧૮૮૧માં બંધ થયું. તેની ધંધા ઉપર અસર થઈ. માછીઓ મુંબઈ, સુરત, વડોદરા, અમદાવાદ, ભરૂચ વગેરે શહેરમાં ગયા. હાલ તેઓની વસ્તી બહારગામ વધારે છે.

ખલાસીઓનો મુખ્ય ધંધો વહાણ ચલાવવાનો હતો. દરિયાની સફરો કરતાં દેશપરદેશમાં તેઓ ઘૂમતા. 'એક ઐતિહાસિક હકીકત એવી સાંપડે છે કે દુનિયાના નવા દેશોની – અમેરિકાની શોધમાં નીકળેલો સાહસવીર ફિરંગી વાસ્કોડીગામા આફ્રિકાના ઉત્તર-પશ્ચિમ ને દક્ષિણકિનારાને વીંધીને પૂર્વ કાંઠા પર આવ્યો ત્યાં તે અટવાઈ પડ્યો હતો. એનાં ઘણાં માણસો અનેક કારણોસર મરી ગયાં. કેટલાંક બળવો પણ કર્યો અને તે વખતે આફ્રિકાના ખૂબ જાહોજલાલી પામેલા કિલ્વા બંદરે જ્યારે એનાં વહાણો નાંગરેલાં હતાં ત્યારે ત્યાં હિંદમાંથી ચરોતરના ખંભાત બંદરેથી આવેલા કાનજી નામના ખલાસીનો ભેટો થઈ ગયો અને એ કાનજી ખલાસી વાસ્કોડીગામાને કાલીકટના બંદર ઉપર લઈ આવ્યો.'[૧] (ઈ. સ. ૧૪૯૮માં) – ખંભાતમાં વહાણો બનાવવામા આવતાં. તે કામ 'વાડિયા' કરતા. હાલ કેટલાક વાડિયા નામથી ઓળખાય છે.

માછલાં પકડવાનો ઉદ્યોગ મોટા પ્રમાણમાં ચાલતો. જ્યારે કોઈ ખાસ ધાર્મિક પ્રસંગ હોય ત્યારે ધાર્મિક લોકો માછલાં પકડાવવાનું બંધ રખાવતા. તેના ઘણા ઉલ્લેખો મળે છે.

માછીપરું વસ્તીથી ભરપૂર હતું. સરકાર તરફથી ત્યાં પોલીસથાણું રાખવામાં આવતું. ખંભાતના વેપારીઓ ત્યાં દુકાનો કરતા; શાહુકારો ધીરધાર કરતા અને સારી કમાણી કરતા, કેરીઓ તથા બીજી વસ્તુઓનાં ત્યાં ગાડાં છૂટતાં; તેના ઉપર જકાતની સારી આવક થતી.

માછીપરામાં ઘણી ખડકીઓ છે. તેના નામ નીચે મુજબ છે. મેંતપુર, કઠીયાવાડ, નાની હનુમાન ખડકી, મોટી હનુમાન ખડકી, કુંભારનો ટેકરો, માલીવાડ, ભૈડાવાડ, એરીવાડ, ભુવાનું ચકલું, હજામવાડ, દુનિયાની ખડકી, હોળીવાળી લખીનું ફળિયું, રાણીજીનો મહોલ્લો, ગોજવાડ.

નીલકંઠેશ્વર મહાદેવ, હનુમાનજીનું મંદિર, રામજી મંદિર પૂંજા બાવાનું મંદિર, વગેરે પ્રસિદ્ધ મંદિરો છે. નીલકંઠ મહાદેવ ભોંયરામાં છે તે ખાસ જોવા જેવા છે. પ્રતિવર્ષે કાળીચૌદશને દિવસે ખંભાત શહેરની હિંદુ પ્રજા હનુમાનજીનાં દર્શન કરવા જાય છે. પૂંજા બાવાનું મંદિર પ્રખ્યાત છે. પૂંજા બાવા ખારવા જ્ઞાતિના કવિ થયા છે. તેનાં ભજનો ઘણાં જાણીતાં છે. એક વખત માછીપરું ઘણું આબાદ હતું.

હાલ ત્યાં મુખ્ય ઉદ્યોગ તરીકે કાથીનાં દોરડાં બનાવવાનો ચાલુ છે. કેટલીક સ્ત્રીઓ ગૃહઉદ્યોગ તરીકે તે કરે છે, અને પુરુષો છાપરાં કરવાનું, રંગવાનું તથા મજૂરી કરવાનું કામ કરે છે. ઉદ્યમ માટે ઘણા લોકો મુંબઈ, સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ વગેરે શહેરોમાં ગયા છે. ત્યાં સારા પૈસા પેદા કરે છે. ખંભાતમાં માદળાના તળાવ ઉપર વિ. સં. ૧૯૯૩માં ખારવા જ્ઞાતિના ગૃહસ્થે લક્ષ્મીનારાયણનું મન્દિર તથા એક શિવાલય બંધાવ્યું. જે આજે શહેરને શોભાવે છે. વળી માછીપરામાં એક નિશાળ સ્વ. ખારવા ભાણાભાઈ

---

૧. ચરોતર સર્વસંગ્રહ ભા. ૨, પૃ. ૭૮૨

રામજીના ટ્રસ્ટમાંથી રૂ. ૩૨૦૦) ખારવા કાનજીભાઈ ગોદાજીભાઈએ આ નિશાળ બાંધવા માટે આપ્યા છે.

શહેરમાં જે જે જ્ઞાતિઓથી પોળોનાં નામ પડયાં છે તે તે નામ પ્રમાણે આજે તે કોમની વસ્તી રહી નથી. પરન્તુ આ પ્રાચીન પરું પોતાનું નામ જાળવી રહ્યું છે.

કંસારી કૉલોની : ઈ. સ. ૧૯૬૧.

ખંભાતમાં તેલ નીકળવાથી તેલક્ષેત્રમાં કામ કરનાર કર્મચારીઓ માટે કંસારી નજીક લગભગ ૩૫૦ એકર જમીનમાં તા. ૧૫-૮-૬૧ના રોજ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું; અને તે સ્થળે વસાહતના ઑફિસરો માટે બંગલા, નાના બગીચા, હૉસ્પિતાલ, પ્લેગ્રાઉન્ડ, ગેસ્ટ હાઉસ, શોપીંગ સેન્ટર, શાળા, પોસ્ટ ઑફિસ, ટેલિગ્રાફસ, ટ્રંક કૉલઑફિસ, વાયરલેસ સ્ટેશન, પાણીની ટાંકીઓ, ગટરો વગેરે અદ્યતન સગવડવાળી કૉલોની તૈયાર કરવામાં આવી છે. વીરસદથી ખંભાત તરફ આવતાં મન ઉપર ઊંડી છાપ પડે છે. હવે તેની સામે બીજી ખાનગી માલિકોની કૉલોની બંધાય છે. એટલે તે રસ્તે વસવાટ વધતો ચાલ્યો છે.

## પ્રકરણ ૧૯ મું

# મનોહર જળાશયો

ગુજરાતનું વિસ્તરેલું સામ્રાજ્ય; તેમાં પૌરાણિક અને પ્રાચીન નગર ખંભાત; તેની તળભૂમિમાં અસંખ્ય દેવમંદિરો, મસ્જિદો અને જાહોજલાલી ભોગવતા નગરને પાણીની પૂરતી સગવડો કરવી જ રહી; આ માટે નારેશ્વર, મોટું તળાવ તથા કૂવા, વાવ વગેરે પાણીની સંપત્તિનાં સાધનો રાજા, રાણી, ગૃહસ્થો, અધિકારીઓએ કે જેણે જેણે ખોદાવી જીવનસાફલ્ય થયાં માન્યાં છે, આમાં મુખ્ય હેતુ મનુષ્યને સૌથી વધુ અગત્યનું પાણી છે, અને તેને માટે દ્રવ્ય ખરચવું કીમતી છે. કારણ કે વરસાદની અનિયમિતતા તથા દુકાળોમાં પાણીની અછત, તે દુઃખ મટાડવા માણસો દીર્ઘદૃષ્ટિ રાખી નાણાં ખરચતાં અને ઘરોમાં ટાંકામાં પણ પાણી સંઘરતા.

### ગુજરાતનો આદિમાનવ

તળાવો ઉપરથી હવામાન કેવું હોય, વર્ષા કવી રીતે થાય, સમુદ્રકિનારેથી શું પ્રાપ્ત થાય વગેરે બાબતો સમજાવતાં કહે છે કે 'લંડન યુનિવર્સિટીના ડૉ. ઝોઈનર જે ત્યાં વાતાવરણીય પુરાતત્ત્વના પ્રાધ્યાપક છે અને એક આંતરરાષ્ટ્રીય વિદ્વાન છે તેમને સયાજીરાવ યુનિવર્સિટી અને ડેક્કન કૉલેજે આમંત્રણ આપ્યું હતું. એમણે જ્યાં આગળ મહીની ભેખડો ખંભાતના અખાત પાસે સમુદ્રને મળે છે તે સ્થાનનું નિરીક્ષણ કર્યું અને એવા અનુમાન પર આવ્યા કે સાબરમતીના અને મહીના જે થરોમાં આદિમાનવોનાં હથિયારો મળે છે. તે થર જ્યારે જગતમાં બીજો આન્તર-હિમયુગ પ્રવર્તતો હતો ત્યારે બંધાયા હતા. આન્તર-હિમયુગોમાં હિમનદીઓનું પાણી પીગળવાથી બહુ પાણી નદીમાં અને દરિયામાં થઈ જાય છે; આને લીધે દરિયાની અને નદીની પાણીની સપાટી બહુ ઊંચે આવે છે. અને નદીઓ પોતાના મુખ આગળ અને મધ્યભાગોમાં રેતી અને કાંપ લાવવા માંડે છે, પછી જ્યારે હિમયુગ આવે છે કે બીજા કોઈ કારણને લીધે દરિયાની સપાટી નીચે જાય છે ત્યારે નદી પણ પોતાનું પાત્ર નીચે ખોદતી જાય છે. આમ

નદીની ભેખડોમાં વાતાવરણ અને આબોહવાનાં ફેરફારસૂચક ચિહ્નો સચવાઈ રહ્યાં હોય છે જે નિષ્ણાત એક ગુનાશોધકના માફક પિછાણે છે.

'જુદીજુદી શાસ્ત્રીય પદ્ધતિએ અભ્યાસ કરતાં ગુજરાતના માનવનો, જગતના બીજા આદિ માનવો, વાતાવરણ, આબોહવા ઇત્યાદિથી માનવઇતિહાસને વધારે સમજવાને શકિતશાળી થઈ એ.'[1]

કવિ ન્હાનાલાલ તેમની રચેલી ભૂગોળમાં કહે છે કે 'જેમ મધ્યકાલીન હિંદુના ઘરમાં કોઠાર હોય, ચોક હોય, દેવસેવાનો ભાગ હોય, અગાસી હોય, પાણિયારું હોય, તેમ સમગ્ર દેશમાં ગામડાંનાં ખેતરો તે કોઠાર છે; શહેરો તે ચોક છે. સુંદર શિલ્પ-સ્થાપત્યવાળાં તીર્થો તે દેવસેવાનાં ધામ છે; કલ્પના અને આદર્શોને ઊંચે ઉરાડનાર સંતો અને કવિઓનાં રહેઠાણ તે દેશની અગાસીઓ છે. અને વાવ, તળાવ તથા સરોવર તે દેશનાં પાણિયારાં છે.'

**નારેશ્વરનું તળાવ :**

આ તળાવ ખંભાતના વાયવ્ય ખૂણામાં આવેલું છે. તેની પૂર્વ બાજુએ શ્રી મહાપ્રભુજીની બેઠક છે. દક્ષિણ બાજુએ જાફરઅલીખાન વૉટર વર્કસ છે; પશ્ચિમે લાલબાગ છે. અને ઉત્તરે રાજવંશોનાં મકાનો છે. એનું ક્ષેત્રફળ ૧૨૭૩૫૦ ચો. વાર છે. વચમાં એક બંગલી હતી. આ તળાવની ચારે બાજુ વૃક્ષરાજીઓ, ખુલ્લાં હવાપાણી; પવિત્ર સ્થાનો, બગીચો; પાસે શિવાલય; ઉજાણી માટેની ધર્મશાળા; બગીચામાં બાળકોની રમતોનાં સાધનો વગેરે હોવાથી ઘણી જ રમણીય જગા છે. ખંભાતમાં સુમનોહર; આકર્ષક અને આનંદની જગા હોય તો તે આ નારેશ્વર તળાવ છે.

આ તળાવ પૌરાણિક છે. તેને વિશે કુમારિકા ખંડમાં કથા આપી છે કે નારદજીએ દર્ભની સળી વડે આ સરોવર ખોદ્યું હતું અને તામ્રપાત્ર વડે માટી બહાર કાઢી પછી સર્વે તીર્થોમાંથી ઉત્તમ જળ લાવી તેમાં ભર્યું. આ સરોવર તે નારદીય સરોવર કહેવાયું.[1]


કાળાન્તરે આ નામમાં ફેરફાર થઈ નારેશ્વર નામથી ઓળખાય છે. તેના નામ વિશે બીજી દંતકથા કહે છે. નૃત્યમાં પ્રવીણ એવી નગીના નામની છોકરીનો પહેલો અક્ષર લઈ આ નામ પાડવામાં આવ્યું. ત્યારે કેટલાક કહે છે નૌરંગ નામની છોકરીના નામ ઉપરથી પાડવામાં આવ્યું છે.[2]

---

૧. પ્રો. ડૉ. હસમુખ ધીરજલાલ સાંકળિયા—ગુ. સા. પૃ. ૨૧મું સંમેલન કલકત્તા તેમણે 'ઇતિહાસ – પુરાતત્ત્વ' વિભાગના પ્રમુખપદેથી આપેલું વ્યાખ્યાન.

૧. કૌ. ખં. અ. ૫૩. શ્લો. ૧૩થી ૨૫ સુધીમાં 'નારદીય સરોવર' માહાત્મ્યવર્ણન છે.

૨. જગલરામ મં. કૃત ખંભાતનો ઇતિહાસ પૃ. ૫૮ની ટીપ.



નારેશ્વર તળાવ, ખંભાત

ઉપરની બંને લોકવાર્તાનો આધાર મળતો નથી.

**નારદેશ્વર મહાદેવ :** કૌ. ખંડમાં જે હકીકત લખી છે તેમાં નારદેશ્વર મહાદેવની હકીકત છે. એટલે પુરાણોમાં જ્યાં જ્યાં શિવાલયોની સ્થાપના થઈ છે ત્યાં કૂવા, કુંડ અને તળાવો થયાના ઉલ્લેખો છે. જેથી કૌ. ખંડમાં આપેલી હકીકત માન્ય કરવામાં કશી હરકત નથી.

**અલંગ નહેર :** આ તળાવમાં પાણી આવવા માટે એક નહેર રાખેલી છે. તેમાં સાબરમતી નદીનાં પાણી આવે છે. તે પાણી નારેશ્વર તળાવમાં લેવામાં આવે છે. વચમાં વચમાં બંધ બાંધવામાં આવ્યા છે કે જેથી તળાવમાં પાણી ભરાઈ જાય અને ન લેવું હોય તો તે પાણી બારોબાર સમુદ્રમાં વાળી દેવામાં આવે છે.

આ તળાવનું પાણી પીવાના કામમાં આવતું હોવાથી તેમાં કપડાં ધોવાનું; માછલાં પકડવાનું; નહાવાનું વગેરે કરવાની મ્યુનિસિપાલિટી તરફથી બંધી છે.

ચારે બાજુ ઓવારાથી બાંધેલું હોવાથી તેની રમણીયતામાં વધારો થાય છે. તળાવમાં વચમાં વચમાં કૂવા છે. વળી હાલના વૉટર વર્કસનો એક મોટો કૂવો તળાવમાં કરેલો છે, કે જેથી કૂવામાં પાણી તળાવનું આવે; જેથી તેની મીઠાશ વધે.

**અલંગ વિશે દંતકથા :**

એક વણિકની દીકરી અમદાવાદના એક શેઠને ત્યાં પરણાવી હતી. તેણે જમી રહ્યા પછી સાસુ પાસે સોપારી માંગી, તે વખતે સાસુએ જવાબ આપ્યો કે વહુજી ! સોપારી ખાવાની ઇચ્છા હોય તો પિયેરથી મંગાવો. તમારો પિતા તો મોટો વહાણનો વેપારી છે. આ ઉપરથી તે છોકરીએ પોતાના પિતાને સવિસ્તર હકીકત ખંભાત લખી. આથી તેના પિતાએ નારેશ્વરના તળાવમાંથી અલંગ નહેર ખોદાવી વહાણ મારફતે તેને સોપારીનાં વહાણ મોકલ્યાં અને દીકરીને સાસુનું મહેણું ભાંગ્યું. સંભવિત છે કે ખંભાત અને અમદાવાદ વચ્ચેના વેપારનું સૂચન છે.

**શંભુશેઠ તરફથી ધજા :**

પ્રતિવર્ષે આસો સુદ ૧૦ દશેરાને દિવસે રાજદરબારમાંથી સવારી ચઢી નારેશ્વર ઉપરના લાલ બાગમાં આવતી. ( ખંભાત સ્ટેટ વખતે ) અહીં રાજદરબારીઓની બેઠક રાખવામાં આવતી. તે વખતે શ્રી શંભુશેઠ તરફથી નવાબસાહેબને નજરાણો ધરાતો; ત્યાર પછી પાણી ભરેલા નારેશ્વર તળાવમાં હોડી મારફતે વચલી બંગલી ઉપર ધોળી ધજા શ્રી શંભુશેઠ તરફથી ચડાવવામાં આવતી. નારેશ્વરમાં પાણી વાળવાનું કામ તેઓના તરફથી કરવામાં આવતું. તેની જવાબદારી બદલ તેમને શરપાવ મળતો. હવે તો આ વાત માત્ર યાદ જ કરવી રહી.

**ઐતિહાસિક ઉલ્લેખો :**

આ સુંદર અને રમણીય જગા ઉપર બાદશાહો, મહારાજાઓ, ધર્માચાર્યો, સંતમહંતો મુકામ કરતા. અકબર બાદશાહ પણ ત્યાં ઊતર્યો હશે. જહાંગીર બાદશાહે તો ત્યાંથી સવારી ચડાવી બજારમાં ફેરવી હતી. હિ. સ. ૧૧૪૯ (ઈ. સ. ૧૭૩૬ ) પહેલા મોમીનખાને નારેશ્વર તળાવ ઉપર છાવણી નાખી હતી.[૧] તેમ બીજી વખત હિ. સ. ૧૧૫૩ ( ઈ. સ. ૧૭૪૦ )માં મુકામ રાખ્યો હતો.[૨] હિ. સ. ૧૧૫૪ ( ઈ. સ. ૧૭૪૧ ) ફીદાઉદ્દીનખાન[૩]; તથા હિ. સ. ૧૧૫૬ ( ઈ. સ. ૧૭૪૩ )માં રંગોજીએ મુકામ કર્યો, તથા મફતાખરખાન તથા નજરખાનના ત્યાં મળ્યા હતા.[૪]

---


૧. મિ. એ. વૉ. ૨ ખંડ ૨, પૃ. ૨૪૪
૨. એ જ પૃ. ૩૨૧
૩. એ જ પૃ. ૩૩૦
૪. એ જ પૃ. ૩૯૦

ઈ. સ. ૧૮૦૨માં ગુજરાતમાં ગાયકવાડ અને ઈસ્ટ ઇંડિયા કંપની તરફથી ડંકન, ગાયકવાડ તરફથી રાવજી આપાજી સાથે થયેલા કરારો તે નારેશ્વર ઉપર થયા છે.[૫] (તા. ૧૫મી માર્ચ સને ૧૮૦૨) તથા (તા. ૬ઠ્ઠી જૂન ૧૮૦૨) આ પ્રમાણે ઈસ્ટ ઇંડિયા કંપની તરફથી જે જે મોટા અધિકારીઓ આવતા તેઓ તથા બીજા નારેશ્વરના તળાવ ઉપરના લાલ બાગમાં બાંધેલાં મકાનોમાં ઊતરતા. અત્યારે દરિયા ઉપર કોઠી સામે 'ગેસ્ટ હાઉસ' છે તેવું જ મકાન આ ગણાતું.

નારેશ્વરનું સુરમ્ય સરોવર કવિઓને કાવ્ય-વિષયરૂપ થઈ પડે તેવું છે. વિ. સં. ૧૬૯૪માં મહોપાધ્યાય વિનયવિજય નામના એક જૈન મુનિએ સંસ્કૃતમાં 'આનંદ-લેખ' નામના લેખ સાત ભાગમાં ૨૫૨ શ્લોક લખ્યા છે. તેમાં 'સ્તમ્ભ-તીર્થનગર વર્ણન' નામે શ્લોક પરથી ૧૦૭ સુધીનું વર્ણન છે. જેમાં નારેશ્વરને સમુદ્રનું લઘુ-સ્વરૂપ છે એ પ્રકારે નારેશ્વર તળાવનું ઘણું વર્ણન કર્યું[૬] છે.

**માદળાનું તળાવ :**

ખંભાત શહેરની પૂર્વ દિશાએ માદળાનું તળાવ આવેલું છે. તેનું ક્ષેત્રફળ ૮૦૦૮૪ ચો. વાર છે. તે નારેશ્વર જેટલું મોટું નથી, તેમ બહુ ઊંડું પણ નથી. તેની ચારે બાજુ ઓવારા નથી પરન્તુ હમણાં આ જગાને ખંભાતનું સૌંદર્યધામ મ્યુનિસિપાલિટી બનાવવા માગે છે, જેથી તેની દક્ષિણ બાજુએ સુંદર બગીચો બનાવ્યો છે. વળી પાણીનો કૂવો બનાવી તેમાંથી ટાંકી બાંધી ગામમાં પાણી પૂરું પાડવાની ગોઠવણ થઈ છે. કિનારા ઉપર મંહકાલેશ્વર મહાદેવ તથા શ્રી રણછોડજી, શ્રી રામજી, શ્રી લક્ષ્મીનારાયણ વગેરે પ્રભુમન્દિરો હોવાથી ઘણા ભકતો – માણસોને રોજ સવારમાં આ રસ્તે આવવું પડે. વળી સિનેમા અહીં હોવાથી, શહેરની તદ્દન નજીક હોવાથી તથા હમણાં મ્યુનિસિપાલિટીએ બજાર માટે દુકાનો બાંધેલી હોવાથી આ જગાની રોનક બદલાઈ ગઈ છે. રસ્તો ખૂબ પહોળો થવાથી અકસ્માત થવાનો ભય રહ્યો નથી. વળી ખં. મ્યુ. તરફથી સ્નાનગૃહ થયું છે જેની શરૂઆત તા. ૧-૩-૧૯૬૮થી થઈ છે.



માદળાનું તળાવ, ખંભાત

તળાવમાં ખાસ કરીને આજુબાજુનાં ખેતરોનું તથા કેટલુંક ગામનું પાણી આવે છે.

તળાવ વિષે પૌરાણિક વાતો મળે છે. તેમાં મહાકાલેશ્વરની કથા સાથે તેનો સંબંધ છે.[૧]

વળી આ તળાવ કલ્યાણરાયે બંધાવ્યાનો ઇતિહાસમાં ઉલ્લેખ છે.[૨] વળી કહેવત છે કે :

"માન સરોવર માદળું મંહકાલેશ્વરનો આરો
ઢીંગલે પાંચ શેર બાજરી કલ્યાણરાયનો વારો."

તળાવની આજુબાજુ કૂવા તથા વચમાં અને બાજુઓ ઉપર વાવો આવેલી છે; અને તેથી તેનું નામ પાણિયારી દરવાજો પડેલું છે. પાણિયારી દરવાજે આ તળાવ આવેલું છે.

---

૫. ગુજરાતના રાજસંબંધી કોલકરાર પૃ. ૮૬ તથા ૮૮ પુ. સને ૧૮૭૦

૬. 'પ્રશસ્તિસંગ્રહ' — સંપાદક અમૃતલાલ મ. શાહ પૃ. ૧૦૨

૧. કૌ. ખં. ૪૦મો અધ્યાય.

૨. હિસ્ટરી ઑફ ગુજરાત (અં.) ડોસાભાઈ કૃત પૃ. ૪૬

**શાબાન તળાવડી :** ખંભાતની દક્ષિણે દરવાજાની તદ્દન નજીક આ તળાવડી આવેલી છે. બાવા શાબાનના નામ ઉપરથી આ નામ પાડયું છે. તેમાં પાણી બિલકુલ રહેતું નથી. વિ. સં. ૧૭૬૧ – ઈ. સ. ૧૭૦૫ના દસ્તાવેજોમાં આ નામ નીકળે છે. એટલે તે કરતાં પણ વધારે જૂનું હશે.[૧]

**નૈડાનું તળાવ :** ખંભાતની પશ્ચિમે ખાજા-ખીજરની જગા પાસે આ તળાવ આવેલું છે. તેમાં પાણી રહેતું નથી.

**ગાંગડિયાનું તળાવ :–** આ તળાવ શહેરથી ઉત્તરે દૂર છે. પાણી રહે ખરું અને ના પણ રહે. ધોબી લોકો તેનો ઉપયોગ કરે છે. તેમાં એક-બે કૂવા છે.

**સૌંદર્યધામ કૈનેવાળ તળાવ :**

ખંભાત તાલુકામાં ભાલગાળાના વલ્લી ગામ નજીક સૌન્દર્યધામ સમું કૈનેવાળ તળાવ આવેલું છે. તેનો વિસ્તાર લગભગ ૧૩૦૪ એકર છે. ખંભાતથી ઉત્તરે ૧૬ માઈલને અન્તરે આવેલું છે. પાણીના આવરણનો વિસ્તાર ૩૧·૪ ચો. મા. છે; પાણી સમાવવાની શકિત ૧૬૬·૮૭ મિલિયન ઘનફૂટ છે. તળાવથી ૨૦૦૦ એકરને પાણી પહોંચી શકે. ચોમાસામાં જ્યારે તળાવમાં પાણી ભરાય છે ત્યારે તે એક મહાસરોવર સમું દેખાય છે. આ સ્થળે દૂરદૂરનાં પંખીઓ આવે છે. કેટલાકના કહેવા પ્રમાણે હિમાલયનાં પંખીઓ આવે છે. હંસ પણ શિયાળામાં નજરે પડે છે. બારે માસ તળાવમાં પાણી રહે છે. ગુલાબ, મોગરો વગેરે પુષ્પો થાય છે. જ્યારે સ્ટેટ હતું ત્યારે રાજ્યના કેટલાક મહેમાનોને આ સ્થળે લાવવામાં આવતા હતા. અને કોઈ કોઈ વખતે શિકારની વ્યવસ્થા પણ કરવામાં આવતી હતી. કહેતા કે શિકારને માટે આવું મનોહર સ્થળ બીજું કોઈ નથી.

આ તળાવમાં મસ્ત્યઉદ્યોગ ખિલવવાની વિચારણા સરકાર કરી રહી છે. તે ખાતાના માણસો આવીને તળાવમાંની માછલીઓ વગેરેની તપાસ કરી ગયા છે.[૧]

આ સિવાય તાલુકાનાં ઘણાં ગામોએ તળાવો છે.

**ખંભાતમાં મીઠા કૂવા :**

ખંભાત શહેર સમુદ્રકિનારે આવેલું હોવાથી સમુદ્રના પાણીની પૃથ્વીના ભૂગર્ભ ભાગમાં તેની અસર થઈ છે; જેથી શહેરનો જેટલો ભાગ વસેલો છે; ત્યાંની જમીન ઉપર જે જે પોળો આવી છે. તે પોળોમાં ખોદેલા કૂવાઓનાં પાણી ખારાં છે, એટલે તે કૂવાઓ માત્ર નાહવાધોવાના ઉપયોગમાં આવતા, તે પાણીથી રસોઈ થતી નથી. રસોઈ માટે ટાંકાનાં પાણી વપરાતાં અને જેને ઘેર ટાંકું ન હોય તે પીવાને માટે નારેશ્વર તળાવનું પાણી મંગાવે; અથવા વાડીકૂઈ કે ઢોકળકૂઈ અને ઘુઘરી કૂવાનું પાણી મંગાવે.

**વાડીકૂઈ :** આ કૂવો રણછોડજીના મંદિરમાં છે. તે સ્થળ 'કોડકી બાઈની વાડી' નામે ઓળખાતું; વિ. સં. ૧૮૨૮ના દસ્તાવેજમાં આ શબ્દ વાપર્યો છે. એટલે આ કૂવો લગભગ બસો વર્ષ પહેલાંનો છે; તેનું પાણી ખંભાતના ઘણા લોકો વાપરતા.

---

૧. અમદાવાદના સ્વતંત્ર સુલતાનોના સમયમાં 'મલીક શાબાન' નામે અમીરનું નામ આવે છે. તે મહંમદ બેગડાના વખતમાં ઊંચી પાયરી ઉપર ચડયો હતો. વૃદ્ધાવસ્થામાં રાજાનો આગ્રહ છતાં તેણે નોકરીમાંથી છૂટા થઈ ઈશ્વરની બંદગીમાં પસાર કર્યો. ને ઈ. સ. ૧૪૬૫માં મરણ પામ્યો. તે રાજાનો માનીતો હતો; અને ખંભાત સાથે મહંમદ બેગડાના સંબંધને લીધે તે આવતો હોવાથી તેનું નામ વાદ રાખવા આ તળાવનું નામ પડયું હોય એમ પણ બન્યું હોય. ( ગુ. સા. ઈ. પૃ. ૪૫૫ )

૧. ચરોતર સર્વસંગ્રહ ભા. ૧લો, પૃ. ૭૬

મકલેસરનો કૂવો : માદળાના તળાવ ઉપર લગભગ સાતઆઠ કૂવા હતા. તે દરેકનાં પાણી મીઠાં હતાં, પરન્તુ રસ્તાની સંકડાશને લીધે તે પૂરી નાખવામાં આવ્યા છે. પણ હાલ જે મોટો કૂવો છે; તે ઘણો જ ઊંડો અને પાણીથી ભરેલો છે; મ્યુ. તરફથી હવે તો તેને એકદમ સુધારીને બોરીંગ વગેરે મૂકી મીઠા પાણીના ઉપયોગ તરીકે લીધો; આ કૂવો શહેરની સારી સેવા બજાવશે કે જે અત્યાર સુધી પડી રહેલો હતો.

ઘુઘરી કૂવો : નારેશ્વરના તળાવ ઉપર આ કૂવો આવેલો છે. જેને લોકો નારેશ્વરમાંથી પાણી ના લેવું હોય તે આ કૂવામાંથી ભરી જતા.

આમ ખંભાત શહેરને ફરતા ત્રણે બાજુ કૂવા છે. ભૂગર્ભમાં મીઠા પાણીના પ્રવાહો છે. અને તે જ વાત લક્ષમાં લઈ વૉટરવર્ક્સ ઊભું કરવામાં આવ્યું છે. તથા મ્યુ. તરફથી નવાં બોરીંગો મૂક્યાં છે.

હવે નળ થઈ ગયા છે અને વૉટરવર્ક્સથી ખંભાતને પાણી પૂરું પડે છે, તેથી ઉપરના કૂવાનો ઉપયોગ થોડા પ્રમાણમાં નહિવત્ થાય છે. અને શહેરના કૂવા નિરુપયોગી લાગવાથી સને ૧૯૬૫માં તેને પૂરી નાંખ્યા.

ઢાકળકૂઈ : સ્ટેશને જતાં ડાબા હાથે ધપલેશ્વર મહાદેવનું સ્થાન આવે છે. આ સ્થાનમાં એક કૂવો છે, તે ઢાકળકૂઈને નામે ઓળખાય છે. તેનું પાણી ઘણું હલકું અને ફાયદાકારક હોવાથી માંદા માણસો માટે તે કૂઈનું પાણી વપરાતું.

આ કૂઈ માટે ઇતિહાસ મળે છે. આ કૂઈ બંધાવનાર એક ગોસાઈ હતા. તેનું નામ જીવણપરી. તેઓ પગે અપંગ હતા. કૂઈ બનાવરાવ્યા પછી તેમાંથી પાણી ખારું નીકળ્યું. આથી તેમને ઘણો જ ખેદ થયો. અને તેથી તેમણે તે મહાદેવના સ્થાનમાં જીવતાં સમાધિ લીધી. તે પછી તેમના સગા ભાઈ ઢાકળપરી તેમની સાથે રહેતા હતા. તેમણે મહાદેવની ઉપાસના કરી; અને કૂઈનું પાણી મીઠું થયું ત્યાર પછી તેમણે ૧૮મે દિવસે તે જ સ્થાનમાં જીવતાં સમાધિ લીધી આથી તેમના નામ ઉપરથી કૂઈનું નામ ઢાકળકૂઈ પડેલું છે.[૧]

## ખંભાતમાં ટાંકાં

પાણિયારી દરવાજે માંદળાનું તળાવ, વાવો, કૂવા વગેરે ઘણાં પાણીનાં સાધનો છે, તે સઘળાં મીઠા પાણીનાં છે. જમીનમાં તે મીઠા પાણીનો પ્રવાહ સ્ટેશન સુધી અને ત્યાંથી પશ્ચિમે નારેશ્વર સુધી છે. આ પ્રવાહ ઉપર ખોદેલા કૂવા મીઠા નીકળ્યા છે, એટલે ખંભાતને પાણિયારી દરવાજે વાડીકૂઈ, ઉત્તરે ઢાકળકૂઈ, પશ્ચિમે નારેશ્વર તળાવ અને ગુગળીકૂવાનું પાણી કાયમ લેવું પડયું છે.

સમુદ્રને લીધે મીઠું પાણી સંઘરવાની ખંભાતની પ્રજાને ઘણી જ જરૂરિયાત ઊભી થઈ; આથી ખંભાતનાં ઘણાં ઘરોમાં ટાંકાં હોય છે; તેમ મંદિરો, મસ્જિદો વગેરેમાં ટાંકાં હોય છે; વરસાદનું પાણી સંઘરવા માટે ઘરને ઉપલે માળે આગાસી ( ધાબું ) બનાવવામાં આવે છે; આ ખંભાતનાં ઘરોની વિશિષ્ટતા છે; કદાચ દુકાળ પડે તોપણ પાણી વગર માણસને હેરાન ન થવું પડે. તેની તકેદારી ખૂબ રાખતા.

કેટલાંક ટાંકાંની વિશિષ્ટતા તો એ છે કે તેમાં વચમાં પાટડા જેવો અદ્ધર બંધ રાખેલો હોય છે, કે જેથી ભયને સમયે તે પાટડા ઉપર કિંમતી વસ્તુ મૂકી દેવાય; વળી ઉનાળામાં ટાંકાવાળા ભાગમાં ખૂબ ઠંડક રહે છે; ઉનાળામાં સમુદ્ર તરફનો પવન આવે, અને ટાંકાવાળા ભાગમાં સૂવાનું મળે; તો એ એક પ્રકારનું માણસનું વૈભવી સુખ છે.

સ્થાપત્યની દૃષ્ટિએ વિચારીએ તો જે જમાનામાં સિમેન્ટ મળતી ન હતી, તે જમાનામાં કોઈ પણ

---


૧. 'નવપ્રભાત' ખંભાતથી પ્રસિદ્ધ થયેલું, સને ૧૯૩૮, પૃ. ૫૧

થાંભલા સિવાય ઘરમાં મોટું પોલ અને ઉપર છત્ર બનાવવા અને તેની બાંધવાની કારીગીરી એટલી સરસ હોય છે કે તેમાંથી કાંઈ નુકસાન થતું ન હતું. સોદાગરની પોળમાં સ્થાપત્યના નમૂનારૂપ ટાંકું છે. તેવાં બીજે સ્થળે પણ છે; જેમાં અંદર પાંચ-દસ માણસો આનંદથી બેસી શકે.

ખંભાત શહેર બહારનાં પરાંઓમાં ટાંકાં નથી એ દેખાડી આપે છે કે તે પરાં પાછળથી વસ્યાં છે; તે લોકો નારેશ્વરના તળાવનું તથા કૂવાઓનું પાણી લાવતા. હવે પરાના લોકો ટાંકાં કરવા લાગ્યા છે.

**ધી નવાબ જાફર અલીખાન વૉટર વકર્સ : ઈ. સ. ૧૯૧૬.**

ખંભાતની પ્રજાને કૂવાઓમાંથી પાણી મેળવવાનું મુશ્કેલ હતું; કારણ કે શહેરમાં નારેશ્વરનું પાણી પીવાના કામમાં લોકો વાપરતા અને વાડીકૂઈ, ગુગળીકૂવો અને ઢોકળકૂઈ આ ત્રણ કૂવાનું પાણી જ લોકો વાપરતા એટલે પાણીની અડચણ દૂર કરવા માટે ના. મર્હુમ નવાબસાહેબ જાફરઅલીખાનના દિવાન માધવરામે વિચાર્યું, અને નારેશ્વરના તળાવ ઉપર વૉટર વર્ક્સ કરવા જગા પસંદ કરી. તેનો એક કૂવો નારેશ્વરના તળાવમાં અને એક કૂવો તળાવ બહાર ખોદાવ્યાં; ત્યાં એંજિનો વગેરે મુકાવ્યાં; પરંતુ તેની પૂર્ણાહુતિનો સમય તે રાજા અને દિવાન બેઉ જોઈ શક્યા નહિ. પ્રજા પ્રત્યેની તેમની ઊંડી લાગણીનો આ નમૂનો છે.



ધી જાફર અલીખાન વૉટરવકર્સ ખંભાત

ઈ. સ. ૧૯૧૬માં વૉટર વર્ક્સનું સઘળું કામ તૈયાર થઈ ગયું અને તે વખતના એડમિનિસ્ટ્રેટર કે. આર. બમનજીએ તા. ૮મી જાન્યુઆરી ૧૯૧૬ના રોજ ગવર્નરની કૌંસિલના સભાસદ મિ. ડબલ્યુ. ડી. શેપર્ડ બહાદુર સી. આઈ. ઈ.; આઈ. સી. એસ.ના હસ્તે 'ધી નવાબસાહેબ જાફરઅલીખાન વૉટર વકર્સ' નામ આથી ખુલ્લું મુકાવ્યું. આ પ્રસંગની ખુશાલીમાં સ્ટેટની ઑફિસો અને શાળાઓમાં રજા આપવામાં આવી.

**સુધરાઈના નિયમો :**

ખંભાતની સુધરાઈ પંચે પાણીપટીના નિયમો ઠરાવ્યા અને એવો ઠરાવ કર્યો કે જે ઘરની કિંમત ૧૫૦૦ અને તે ઉપરાંતની હોય તે ઘરને પહેલા વર્ગનું ગણવું અને તે ઘરવાળા પાસે પાણીની વપરાશના રૂ. ૬) વાર્ષિક લેવા. રૂા. ૫૦૦ થી ૧૫૦૦ સુધીના કિંમતના ઘરને બીજા વર્ગમાં મૂકવાં અને રૂા. ૧૦૦ થી ૫૦૦ની અંદરના ઘરને ત્રીજા વર્ગમાં ગણવા ઠરાવ્યું. તેમના વેરાના અનુક્રમે રૂા. ૪) અને રૂા. ૩) ઠરાવ્યા. ત્રણે વર્ગવાળા ઘરમાં નળ લે તો તેઓ વધારાના રૂા. ૯) ભરે. આ પ્રમાણે નિયમો ઠરાવી તા. ૮-૧-૧૯૧૬થી અમલ કરવા માંડ્યો. શરૂઆતના નિયમો ઉપર પ્રમાણે હતા.

હવે તો આ નિયમોમાં દિનપ્રતિદિન ફેરફાર થતા ગયા છે.

**વાવ :**

'પાણિયારી' દરવાજો નામ એટલા માટે જ પાડેલું કે તે સ્થળે માદળાનું તળાવ, કૂવા અને વાવ આવેલાં છે. આ સ્થળે વચલી વાવ, રાયની વાવ, દિલખુશ બાગની પાછળની વાવ અને મોતીવાળાની વાવ એમ ચાર વાવો હતી અને પાંચેક કૂવા હતા. હવે ઉપરની વાવો પૂરી નાંખવામાં આવી છે. તેમ સ્ટેશન ઉપર નોબરજીની વાવના નામથી ઓળખાતી વાવ પૂરી નાખી છે. વચલી વાવમાં થોડો ભાગ રહ્યો છે. વિ. સં. ૧૫૪૫ના વૈશાખ વદ ૧૦ બંધાવ્યાનો

લેખ મળ્યો હતો. રાયની વાવ ઉપર બોરીંગ કરીને તેમાંથી શહેરને પાણી પૂરું પાડવામાં આવે છે.

વડવાની વાવ : ( વિ. સં. ૧૫૩૮ )

ખંભાત શહેરની પૂર્વે આશરે એક માઈલ ઉપર વડવાક્ષેત્ર નામે સ્થાન છે. ત્યાં કોઈનાં ઘર નથી. પરંતુ ત્યાંથી મહેતપુર તદ્દન નજીક છે. અહીં શ્રીમદ્ રાજચંદ્રનો આશ્રમ પણ પાસે છે. આ ક્ષેત્ર હવા માટે સારું છે. શ્રીમદ્ રાજચંદ્રે અહીંયાં નિવાસ કરેલો.

અહીં તદ્દન પથ્થરની બાંધેલી ત્રણ મજલાની મોટી વાવ છે. ઉત્તર–દક્ષિણ લાંબી છે. વાવમાં ઊતરવા માટે મુખ આગળ ચોરસ મંડપ છે. મંડપ ઉપર ઘુમટ છે. અંદર ઊતરીને દશેક પગથિયાં જતાં વચમાં મોટા ચોરસ આવે છે, જે પ્રવેશદ્વાર જેવો છે. ત્યાં જમણી અને ડાબી બંને ભીંતોમાં આ વાવ બંધાવનારનો પ્રશસ્તિલેખ સંસ્કૃતમાં છે. સારા આરસપહાણ ઉપર તેને કોતરવામાં આવેલ છે; ત્યાંથી થોડું નીચે ઊતરતાં પાછો બીજો ચોરસ મંડપ આવે છે; અને ત્યાંથી નીચે ઊતરતાં કૂવો આવે છે. વાવ ઉપરથી તદ્દન ખુલ્લી નથી; પરંતુ તેનો એક ગાળો પથ્થરથી ઢાંકી દીધેલો અને બીજો ગાળો ખુલ્લો એમ બાંધવામાં આવ્યો છે. જેથી કૂવા સિવાય બીજા ભાગમાંથી પાણી કાઢી શકાય. વળી આગળ ભાગ જેવો વચલા ભાગ ઉપર એક ચોરસ મંડપ બાંધેલો છે. વાવની અંદર સુંદર હાથણીઓમાંથી કમાનો કાઢેલી છે. હિંદુ સ્થાપત્યના ઊંચા નમૂના રૂપે છે.

આ વાવ ગુજરાતના બાદશાહ મહંમદશાહ ( મહંમદ બેગડો )ના સમયમાં વિ. સં. ૧૫૩૮ના ફાગણ સુદ ૧૪ને દિવસે બંધાવી છે. ( ઈ. સ. ૧૪૮૩ ) પાટડાઓમાં જુદી જુદી તિથિઓ નાંખવામાં આવી છે. એટલે જેમ જેમ કામ થતું ગયું હોય તેમ તેમ તિથિઓ જણાવેલી હશે. પરંતુ લેખમાં તે સં. ૧૫૩૮નો છે. પશ્ચિમ તરફની ભીંતમાં પ્રશસ્તિલેખ છે. તેમાં વિ. સં. ૧૫૩૯ના ભાદરવા સુદી ૮ ને ગુરુવારની મિતિ આપી છે.

વાવ બંધાવનાર :

આ વાવ મિહિર એવી સંજ્ઞાવાળા તંબોલીય જ્ઞાતિના વૈજલના વંશમાં ધનદ નામે પુત્ર થયો ( વંશાવળી આપી છે ) તેઓએ દ્વારકાની યાત્રા કરી હતી તથા દુકાળના વખતમાં ઘણું દ્રવ્ય ખરચી ગરીબોનાં દુઃખો ટાળ્યાં હતાં. તેણે જીવલોકના જીવનને માટે આ મદોન્મત્ત હાથણીવાળી, જાળાં, અને ગોખ વગેરેથી સુશોભિત આ વાવ બંધાવી છે. આ સિવાય તેણે બીજી વાવો, કૂવા, તળાવ, યજ્ઞ, વિવિધ મકાનો, બ્રહ્મપુરીઓ, બગીચા વગેરે બંધાવ્યું છે, એમ લેખમાં જણાવ્યું છે. ધનદને બલરાજ નામનો પુત્ર અને નૃસિંહદાસ અને સુખદાસ નામે પૌત્રો હતા.

આ વાવની પ્રશસ્તિ લખનાર હલ નામના નાગર બ્રાહ્મણ છે. અને કાંડયા સજસુત વનાકે અને કડિયા દેવદાસસુત ખેતાકે બાંધી છે.

આ વાવ ગુજરાતની પ્રસિદ્ધ વાવોમાંની એક ગણાય છે.

ભૈરવનાથની વાવ :

ગવારા દરવાજેથી આગળ વહોરવાડમાં જતાં ભૈરવનાથની પ્રસિદ્ધ વાવ આવે છે. આજથી ત્રણસો વર્ષ ઉપર થયેલા ખંભાતના શ્રીગોડ બ્રાહ્મણ જયદેવ સમ્રાટે બંધાવ્યાની હકીકત મળે છે. વાવની અંદર ભૈરવનાથની મૂર્તિ છે, મહાદેવ છે. વાવનું પાણી વપરાશમાં આવતું નથી. વાવ ઘણી જ વિશાળ છે, જોવા જેવી છે. સારી હાલતમાં છે.

શેખાજીની વાવ :

ખંભાત શહેરના પશ્ચિમ ભાગે સડકની સાથે જ આ વાવ આવેલી છે. તે પડી ગઈ છે. માત્ર કૂવો રહ્યો છે, તેમાં થોડું પાણી છે. તે પાણીમાં એવો ગુણ છે કે ગડગૂમડાં નીકળ્યાં હોય તે મટી જાય છે; એટલે તેના પાણીમાં ગંધક મિશ્રિત છે.

વળી આ ભાગમાં 'શેખવાડી' નામે એક મહોલ્લો છે; તે ઉપરથી એમ લાગે છે કે કોઈ મુસલમાન પ્રખ્યાત થયો હોય અને તેણે આ વાવ બંધાવી હોય અને તેના નામ ઉપરથી આ મહોલ્લાનું નામ પડયું હોય અને શેખે બંધાવી હોય તો તે ઉપરથી આ વાવ તેના નામથી ઓળખવાનો સંભવ છે.



શેખાજીની વાવ

**વડુચી માતાની વાવ :**

ખંભાતથી ત્રણેક માઈલ પશ્ચિમે આ પ્રસિદ્ધ સ્થળ આવ્યું છે ત્યાં એક વાવ છે અને તેની અંદર દેવીની મૂર્તિ છે. જ્યારે વાવ ગળાવે છે ત્યારે લોકો દર્શને જાય છે. કૂવાવાળા ભાગમાં પશ્ચિમાભિમુખે ૨૩/૪' ઊંચી અને ૧૩/૪' પહોળી દેવીની મૂર્તિ છે. તેના હાથ અભય મુદ્રાથી શોભે છે; જ્યારે કોઈને સ્વપ્ન આવે ત્યારે તે વાવ ગળાવે છે. વાવ બહુ મોટી નથી. વારંવાર તેને ગળાયા કરાય છે. વાવની બાજુમાં એક નાનું મંદિર છે. તેમાં દેવીની પૂજા – દીવો વગેરે થાય છે. તેનો આસો માસમાં મેળો ભરાય છે.

**તારાપુરની વાવ : ( વિ. સં. ૧૫૧૮ )**
તારાપુર ગામમાં પ્રવેશ કરતાં આ વાવ આવે છે. તેમાં વિ. સં. ૧૫૧૮નો શિલાલેખ છે. તેમાં 'તારકપુર' શબ્દ વાપર્યો છે. સ્તંભતીર્થના દોસી – બદરાજે તેને બંધાવી છે. તારાપુરમાં વૉટરવર્કર્સ ન હતું ત્યારે આ વાવનું પાણી ઘણું વપરાતું હતું.

**કંસારીની વાવ : વિ. સં. ૧૬૮૫**

ખંભાત નજીક કંસારી ગામ છે; ત્યાં એક વાવ છે, જે રસ્તા ઉપર છે, ભાગોળમાં છે. તેની બાંધણી તદ્દન સાદી છે. તેમાં એક લેખ છે; વિ. સં. ૧૬૮૫ શાકે ૧૫૫૧ના ચૈત્ર વદ ૬ પાદશાહ શાહજહાંના સમયમાં કંસારીમાં રહેનાર ગુણિકા જ્ઞાતિની ચાંદબીબી સુતરાજે એ લોકના કલ્યાણ માટે બંધાવી છે : આ પ્રમાણે લખાણ છે.

કંસારી આગળ આંબાવાડિયું આવેલું છે; ત્યાં એટલી શીતળતા છે કે ત્યાંથી મુસાફરને ઊઠવાનું મન ન થાય. આથી ખંભાતની પ્રજા આ રમણીય અને સુંદર હવાનો લાભ ઉઠાવવા ઊજાણી માટે આવે છે; તથા પહેલાંના અમલદારો અને મહેમાનોને વિદાય કરવા અહીં સુધી આવતા. કંસારી વિશે સ્વતંત્ર લેખ વાંચો.

**બહૂદકનો કુંડ :**

ચારે દિશામાંથી દેવોથી રક્ષાયેલા ખંભાત શહેરના સ્ટેશનથી પૂર્વમાં થોડે છેટે આ સ્થળ આવેલું છે. આંબા, પીપળા, પીપળ, વડ, ગદગુંદી, કોઠી વગેરે વૃક્ષોની ઘટા છે. તળાવડી, કૂવા, કૂઈ, કુંડ વગેરે જળાશયોથી, ઉત્તમ અને પવિત્ર શિવાલયો તથા સમાધિસ્થાનોથી, સંસારી જનોને આનંદપ્રમોદના સ્થાન તરીકે, યોગી અને સાધુસંતોને એકાંત આશ્રમ તરીકે તથા સંત મહાત્માઓની સમાધિરૂપ આ સ્થાન દર્શનીય છે.

આ સ્થળ મુખ્યત્વે બહૂદકના કુંડથી વિશેષ પ્રખ્યાત છે. ( લોકો 'બૌદ્ધક' શબ્દ વાપરે છે. )

ખંભાતને કોટેશ્વર, બહૂદક અને કાણીસા એમ ત્રણ કુંડ વિદ્યમાન છે. ત્રણે સારી હાલતમાં છે. ત્યાં મેળા ભરાય છે.


બહૂદકનો કુંડ ઘણાં વર્ષો થયાં ગળાયો ન હતો તે શકરપુરના લોકોએ સને ૧૯૫૭માં શ્રમયજ્ઞ કરીને ચોખ્ખો કર્યો અને એક ઉદાર ગૃહસ્થે સારી રકમ ખરચી તેનો જીર્ણોદ્ધાર કર્યો. ખેરેખર ! આ બન્નેએ ધાર્મિક પ્રજા ઉપર ઘણો ઉપકાર કર્યો અને આવા પ્રાચીન પૌરાણિક સ્થળને જાળવી રાખ્યું છે.

**આકાર વગેરે વર્ણન :** કુંડનો આકાર ચોરસ છે. તેની પૂર્વ પશ્ચિમ ૮૧ ફૂટ ૩ ઈંચ છે અને ઉત્તર દક્ષિણ ૮૧ ફૂટ ૭ ઈંચ છે એટલે સમચોરસ છે. તેમાં ચારે બાજુથી ઊતરવા પગથિયાં છે તે પગથિયાંની પહોળાઈ ૯ ઈંચ છે. વળી એક સળંગ પગથિયાં પછી બીજા આખા પગથિયાને બદલે માત્ર પગ મૂકવા જેટલો એક ટપ્પો છે એટલે પાણી ભરેલા કુંડમાં આગળ પગથિયાં હશે એમ સમજી પગ મૂકે તો કુંડમાં પડી જવાનો ભય છે. ટપ્પા પછી ૧ ફૂટ ૯ ઈંચનો પહોળો પગથાર આવે છે. આ રીતે કુલ ૨૭ પગથિયાં, ૬ ટપ્પા અને ૫ પગથાર ઊતર્યા પછી કૂવાના મુખ ઉપર જવાય છે. કુંડની છેક ઉપરથી કુંડની મધ્યમાં કૂવાના મથાળા સુધીની સીધી ઊંડાઈ ૨૮$\frac{1}{2}$ ફૂટ છે. કૂવાનો આકાર અષ્ટકોણ છે, અને તેનો વ્યાસ ૧૬$\frac{1}{2}$ ફૂટ છે. આખા કૂવા ઉપર લોખંડની મજબૂત જાળી નાંખી દીધી છે. જાળીથી કૂવાની ઊંડાઈ ૨૧ ફૂટ છે.

**ભગવાન કપીલેશ્વર અને બાલાદિત્ય :** કુંડની પૂર્વમાં એક શિવાલય છે, તેમાં પેસતાં સન્મુખ મધ્ય–ઓરડામાં બાલાદિત્ય ( સૂર્ય ) પથ્થર ઉપર કોતરેલા છે. ત્યાં નગરામાં સૂર્યની મૂર્તિ છે. તેવી મૂર્તિ નથી પણ તે જ કલામય કોતરેલા છે કે જે ખંભાતમાં આવી એક જ છે. તે ખંડની ઉત્તર બાજુના ખંડમાં કપીલેશ્વરનું વિશાળ બાણ છે અને દક્ષિણ ખંડમાં રન્નાદેવીની મૂર્તિ છે. આગલા એક ભાગમાં ૧૧ રુદ્રો અને મધ્યમાં એક લિંગ એમ દ્વાદશ જ્યોતિર્લિંગ દર્શાવતું બાણ છે તથા તેની બાજુમાં એક બાણ છે.

**પૌરાણિક કથા :** આ કુંડની કથા એવી છે કે ભગવાન નારદે તપ કરી સૂર્યનારાયણને બોલાવ્યા. તેઓએ પ્રત્યક્ષ થઈ દર્શન દીધાં, અને વરદાન માંગવાનું કહ્યું. દેવર્ષિ નારદે લોકહિત માટે તેમને સદા અહીં રહેવાનું કહ્યું. સૂર્યનારાયણે ' તથાસ્તુ ' કહ્યું. દેવર્ષિએ તેમની સ્થાપના કરી, અને ભટ્ટાદિત્ય નામ રાખ્યું; અને તેમની આજ્ઞાથી દર્ભની શલાકા વડે ત્યાં કુંડ કર્યો. આ કુંડ ઉપર નંદભદ્ર નામનો એક ભક્ત હતો, તેણે ઘણાં વર્ષો સુધી તપ કર્યું. ( વિસ્તારભયથી તે કથા અત્રે આપી નથી પણ કુમારિકા ખંડમાં અ. ૪૩, ૪૪, ૪૫, ૪૬ જુઓ ) કપીલ મુનિએ ઘણાં વર્ષો સુધી અહીં તપ કરીને કપીલેશ્વર લિંગની સ્થાપના કરી. નંદભદ્રે તેમનું પૂજન કર્યું હતું. સૂર્ય પણ તેમના ઉપર પ્રસન્ન થયા. તેણે ' બાલાદિત્ય 'ની સ્થાપના કરી.

જે માણસ બહૂદકના કુંડમાં સ્નાન કરે છે તે સર્વ જન્મમાં ધનધાન્ય અને આરોગ્યને મેળવે છે. બહૂદક તીર્થમાં માઘ મહિનાની સાતમને દિવસે સ્નાન કરીને પિતૃઓને જે પિંડ આપે છે; તે અક્ષય તૃપ્તિને પામે છે. જે પવિત્ર થઈને યજ્ઞ કરે છે તે સો યજ્ઞનું ફળ મેળવે છે, પુત્ર મેળવે છે. આ સ્થળે પ્રભુના નામનો જપ કરે છે તેને લક્ષ ગણું ફળ મળે છે. અહીં બ્રહ્મભોજન કરાવે તો કરોડ બ્રાહ્મણ જમાડ્યા જેટલું ફળ મળે છે. કુમારિકાને ભોજન કરાવે તો પાર્વતી તેનું કલ્યાણ કરે છે. અહીં જે યોગસાધના કરે છે તેને ૭ માસમાં સિદ્ધિ મળે છે. આ તીર્થમાં સ્નાન, દાન, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ વગેરે કરવામાં આવે તો તે મહાન ફળને પામે છે.



કાણીસાનો કુંડ, ખંભાત

શિવાલયો : આ કુંડ સામે ચાર શિવાલયો છે તે દુરસ્ત કરાવવા જેવાં છે.

સમાધિઓ : સ્વયંગિરિ મહારાજ, શિવાનંદ મહારાજ, યતિ મુકુન્દાશ્રમજી, કેશવાનંદ બાલયોગી વગેરે સંન્યાસીઓ તથા કીસનદાસ તથા વનમાળીદાસ તથા મથુરાદાસની સમાધિ છે.

પાદુકાઓ : રાજરાજેશ્વરાનંદગિરિ ખંભાત પધાર્યા તેની યાદગીરીમાં પાદુકાઓ પધરાવેલી છે.

સામા મહાદેવની બાજુમાં ગણપતિ તથા માતાની મૂર્તિ અને વિસોયંત્ર જોવા જેવાં છે.

કંસારીની ધર્મશાળા : ખંભાતના કંસારા જ્ઞાતિની અહીં ધર્મશાળા છે તે લોકો પોતાના પૂર્વજીયા કરવા અહીં આવે છે.

કેટલાક સાધુઓ અહીં વનઘટાનો લાભ લેવા અને એકાંત રહેવા આવે છે. સુરમ્ય સ્થળ છે. અધિક માસમાં કેટલાક ભાવિકો રોજ સ્નાન કરવા આવે છે.

કોટેશ્વરનો કુંડ :

શ્રાવણ માસની અમાસને દિવસે આ સ્થળે મેળો ભરાય છે. ખંભાતથી ત્રણ માઈલ ઉત્તરે આવેલું નગરા ગામ છે; ત્યાંથી ઉત્તરે એક માઈલ પર કોટેશ્વર મહાદેવનું શિવાલય અને કુંડ આવેલો છે; લોકો મેળાને દિવસે તે કુંડમાં સ્નાન કરે છે, પાસે વિશાળ તળાવ છે; તેમાં સ્નાન કરે છે; ભજનમંડળીઓ આવે છે. આજુબાજુના તથા ખંભાતના હજારો માણસો ત્યાં સ્નાન કરવા જાય છે. અને ત્યાંથી પાછા આવી નગરા ગામે મેળો ભરાય છે.

કુંડની રચના ખંભાતના બહૂદકના કુંડને મળતી છે; આ કુંડ પણ પૌરાણિક છે તથા બ્રહ્માએ કરોડો તીર્થનું સ્મરણ કરીને અહીંયાં સ્થાપન કર્યા છે વગેરે કથા છે.[૨] આ સ્થળ પર અત્રીશ્વર, ગૌતમેશ્વર, ભારદ્વાજ વગેરે શિવાલયો છે.

દરરોજ એક હજાર કપીલા ગાયોનું દાન કરીને જે ફળ મેળવે એટલું ફળ આ સ્થાનના સેવનથી મળે છે.

૩. કામનાથ કુંડ ( કાણીસા ) :

કાણીસા ગામ પાસે કામનાથ મહાદેવ છે. આ મહાદેવની સાથે જ પૂર્વમાં એક વિશાળ કુંડ છે. આ કુંડ ખંભાતના બહૂદકનો કુંડ અને કોટેશ્વરના કુંડ કરતાં જુદો છે; તે અંદરથી ઊતરતાં અષ્ટકોણ દાર છે; બહુ જ પ્રખ્યાત કુંડ છે. અહીં શ્રાવણ માસના છેલ્લા વ્યતિપાતને દિવસે મેળો ભરાય છે. ચરોતરમાં આ કુંડ આવેલો હોવાથી ચરોતરનાં ઘણાં ગામો તથા ભાલબારાનાં ગામોના લોકો અહીં આવી મેળો ભરે છે. આ કુંડ માટે વિશિષ્ટતા એ કહેવાય છે કે જેને કોઢ નીકળ્યા હોય તે આ કુંડમાં વ્યતિપાતે સ્નાન કરે છે; તો તેના કોઢ મટી જાય છે. આ કુંડ વિશેની પૌરાણિક કથામાં મુખ્ય એ આવે છે કે આ કુંડમાં સ્નાન કરવાથી કોઢ મટે છે.[૩]

કામનાથ મહાદેવ બહુ નીચાણમાં હતા, તેમને ભાસ્કરાનંદ સરસ્વતી નામના સંન્યાસી ઉપર લાવ્યા હતા. આ શિવાલયનો જીર્ણોદ્ધાર ખંભાતના સ્વ. વૈદ્ય હરિશ્ચન્દ્રે વિ. સં. ૧૯૬૧–૧૯૬૫માં કરાવ્યો એવો તેના ઉપર લેખ છે.

ખંભાત તાલુકાનાં ગામોમાં વારિગૃહો :

સને ૧૯૪૮માં મર્જર થયા પછી ખંભાત રાજ્યનાં ઘણાં ગામોમાં વારિગૃહો તૈયાર થયાં છે. જેમાંનાં મુખ્ય પીપળોઈ, વત્રા, સાયમા, ખટનાલ, જહાજ, પોપટવાવ, તારાપુર, નગરા, કાળી તળાવડી, ઉંદેલ વગેરે ચરોતરનાં ગામોમાં છે.

હજી ભાલબારાના પ્રદેશમાં પીવાના પાણીની હરકત પડે છે.

ઘણાં ગામોમાં નવા કૂવા ખોદાવ્યા છે. જૂના સુધરાવ્યા છે, વળી ખેતીને માટે પંપોનું પ્રમાણ વધતું જાય છે.

---

૨. કૌ. ખં. ગુ. ભા. અ. ૫૨, પૃ. ૩૨૫

૩. કૌ. ખં. ગુ. ભા. પરિશિષ્ટ પૃ. ૩૮૮

પ્રકરણ ૨૦

## ઉપવનો – બગીચા

**કદલિ નાગરવેલજી, મંડપે સોહઈ જિ જિહાં**
**ચંદન ચંપક કેતકીજી, મારગિ શીત છહાં.**

ખંભાત ગુજરાતના તમામ રાજકર્તાઓના અમલ નીચે આવી ગયું, વળી સમુદ્રકિનારે હોવાથી તેનાં સુંદર હવાપાણીના ભોગ ભોગવવા રાજાઓ અહીં આવતા, અને તેમના સુખને માટે, આનંદ-પ્રમોદ માટે સુંદર બાગબગીચાઓ કરાવ્યા છે.

### તેરમો (૧૩માં) સૈકો – હિંદુ સમય :

ગુર્જરેશ્વર પુરોહિત સોમેશ્વરદેવે 'કીર્તિ-કૌમુદી'માં (૧૩મો સૈકો) કહે છે કે વસ્તુપાલ અને શંખનું યુદ્ધ ખંભાત સમુદ્રકિનારે થયા પછી, તેમાં શંખનો પરાભવ કર્યા પછી, વસ્તુપાલ ખંભાતમાં પ્રવેશ કરી પ્રથમ એકલવીરા માતાનું પૂજન કરે છે, ત્યાર બાદ તે તાપને શાંત પાડવા – બપોરનો સમય હતો, તાપ ખૂબ પડયો હતો, એટલે ઠંડક લેવા માટે શહેર પાસેના બગીચામાં બેઠા.

'તે મંત્રો પેઠા ગુણિવૃંદ ભેળા,
પાસે રહેલે બગીચે સવેળા.'
મંત્રી જઈ એ બગીચો વખાણે,
શોષે રહ્યો ગ્રીષ્મ મહા ઈ ટાણે.[૧]

ઉષ્ણકાળ ચાલતો હતો, સુંદર વૃક્ષો છાયા આપી રહ્યાં હતાં. કોયલ – મોર વગેરે પંખીઓ આનંદ કરી રહ્યાં હતાં. દ્રાક્ષના મંડપો નીચે, સત્કવિઓ સાથે મંત્રીઓ આનંદથી વાતો કરી રહ્યા. કવિઓ મંત્રીના વિજયથી તેમને સંતોષ અને આનંદ દર્શાવે છે. મહામાત્યે મધ્યાહ્નના ઉગ્ર તાપમાં બગીચામાં શાંતિ મેળવી.[૨]

'કવિ–મુખા યંત્રથી તે બગીચે,
ઝરી સુધા ત્યાં શ્રવણાત્મ સીંચે
તેથી સિંચાતાં સચિવ પ્રધાને
મધ્યાહ્ન ગાળ્યો ઝટ તે જ સ્થાને.[૩]

સાંજ પડતાં મહામાત્યો પોતાના મહેલ તરફ વળ્યા. આથી સ્પષ્ટ સમજાય છે કે સોલંકી અને વાઘેલા રાજાઓના સમયમાં બગીચાઓ ખંભાતમાં હતા.

### ગુજરાતના સુલતાનોના સમયમાં :

ગુજરાતના બાદશાહોને જેવી રીતે ખેતીની ચિંતા હતી તેવી જ રીતે તેઓ બગીચાઓ તરફ ધ્યાન આપતા. તેમણે આ ભૂમિને સુંદર બનાવી દેવા યત્ન કર્યો. સુલતાન અહમદશાહ પહેલાએ અમદાવાદનો પાયો નાંખ્યો ત્યારે તેણે મહેલાતોની જોડે બાગો પણ તૈયાર કરાવ્યા. અહમદશાહે (ઈ. સ. ૧૪૧૦–૧૪૪૨) ખંભાતમાં બગીચો તૈયાર કરાવ્યો હતો. જ્યારે દિલ્હીનો મોગલ બાદ-શાહ જહાંગીર ઈ. સ. ૧૬૧૭માં ગુજરાતમાં આવ્યો અને તેણે શાહજહાંને માંડુથી બોલાવ્યો. તેઓ બન્ને ખંભાત આવ્યા અને સમુદ્રકિનારે અહમદશાહ બાદશાહે બંધાવેલા 'બાગે સુલતાન અહમદ'માં દસબાર દિવસ સુધી મુકામ કરીને રહ્યા. અને ખંભાતમાં સમુદ્રની સહેલ તેમણે કરી. બગીચામાં રહેવાની પણ સગવડ હતી. અને ત્યાં જહાંગીરે બાજરાની ખીચડીની મઝા માણી.[૪] અત્યારે પણ લાલબાગમાં બગીચો છે અને મકાન પણ છે.

---

૧. કી. કૌ. પૃ. ૬૯ (ભા.)
૨. એ જ, પૃ. ૭૦


૩. મિ. એ. ભા. ૧લો, પૃ. ૨૦૧, ૧૬૬
૪. ગુજરાત : એક પરિચય.

### મોગલ સમયમાં :

ઈ. સ. ૧૬૩૮માં જર્મન મુસાફર મેન્ડેલ્સ્લો ખંભાતમાં આવેલો. તે લખે છે કે 'મને બે કલાક શહેરમાં ફેરવ્યા પછી બગીચામાં લઈ જવામાં આવ્યો, અને બગીચામાં ફેરવવામાં આવ્યો.' વળી તે લખે છે કે અહીં જે બગીચા છે તેમાં એક બગીચો દરિયા પાસે છે. તે જોઈ તે લખે છે કે 'દુનિયામાં આના જેવો બગીચો ભાગ્યે જ હશે.' વળી આ જગા એટલી બધી સુંદર છે કે રાજા પોતાનું ભોજન પણ આ બગીચામાં બેસીને લેવાનું પસંદ કરે છે.'[૫]

નુમા હવા, સુન્દર વનવૃક્ષોથી આ જગા ઘણી જ રમણીય, આહ્લાદક અને બહુ પ્રિય છે, તે સ્થળે બગીચો એ અતિ ઉત્તમ સ્થળના પસંદગી છે. આ બગીચો હિ. સ. ૧૧૦૭ અને સંવત ૧૭૫૨માં બનાવવામાં આવ્યો છે. આ બગીચામાં પેસતાં જ આવેલા મકાનના દીવાનખાનામાં એક લેખ ફારસીમાં છે.

'હબ્બઝા બાગ મીરઝાબાકર કે
બનુઝહત ઈરમ શરીસ્ત આમદ
સાલે તારીખે ઈ ખુશીસ્તા બીના
દર નઝર ગુલશને બેહસ્ત આમદ
ચકસદો યક હજારો હફત આમદ.'



લાલ બાગનું મકાન, ખંભાત

### લાલ બાગ : ( ઈ. સ. ૧૬૯૫-૯૬ )

ખંભાત શહેરના નારેશ્વર તળાવને કાંઠે આ બાગ આવ્યો છે. પાણીવાળી સુન્દર જગા, ખુશ-

આ લેખની જોડે ગુજરાતીમાં 'સંવત ૧૭૫૨ વરસ' આટલા શબ્દો લખ્યા છે. આ બગીચો મિરઝાં બાકરે ઈ. સ. ૧૬૯૫-૯૬માં લોકના હિત માટે કરાવ્યો છે. અને તે સ્વર્ગ જેવો છે.[૬]

---

૫. મેન્ડેલ્સ્લોની મુસાફરી.

૬. મારા એક મિત્રે તે લેખનો તરજૂમો કર્યો છે.

આ બાગમાં પૂર્વપશ્ચિમ બે સામસામાં મોગલાઈ પદ્ધતિનાં બે મકાનો આવેલાં છે. દરેક મકાનની સામે જુદાજુદા ઘાટના પાણીના હોજ છે, તેમાં પાણી આવવાની અને જવાની યોજનાઓ ગોઠવેલી છે. આ મકાનમાં નવાબસાહેબના સમયમાં દશેરાને દિવસે સાંજના સવારી આવ્યા પછી દરબાર ભરાતો, અને ત્યાં શંભુશેઠવાળાઓને શરપાવ આપવામાં આવતો. નવાબસાહેબને હારગોટા થયા પછી સવારી શહેરમાં જતી હતી.

આ મકાનોમાં ગુજરાતના બાદશાહો મુકામ કરતા મીરઝા બાકર એ પહેલા મોમીનખાનનો પુત્ર મહમદ બાકરખાન હતો એ મહદ્ અંશે લાગે છે.૭ હાલમાં આ બાગ સારી સ્થિતિમાં છે. મ્યુ.ના કબજામાં છે, તેમાં બાળકોની રમતનાં સાધનો છે, તેમ જ મોટેરાંને બેસવાની સારી સગવડ છે. ખંભાતમાં આ બાગ શોભારૂપ છે, રેડિયો વગેરેની વ્યવસ્થા છે.

### દિલકુશા બાગ : ( ઈ. સ. ૧૭૮૧ )

માદળાના તળાવ ઉપર અત્યારના નવા બગીચાની ઉત્તરે દિલકુશા બાગ હતો. હાલ તો તે જગ્યાએ બાગ નથી. તે જ્યારે નવાબસાહેબના કબજામાં હતો; ત્યારે ત્યાં 'મુસ્લિમ હૉસ્ટેલ' કાઢવામાં આવ્યું હતું, અને તે મર્જર પછી બંધ થયું. અને તે બાગમાં જે મોગલપદ્ધતિનું મકાન છે, તે મકાનમાં સરદાર છાત્રાલય શરૂ કરવામાં આવ્યું હતું, અને અહીં 'ગાંધીમેળો' ભરવામાં આવ્યો હતો. સરદાર છાત્રાલયનું નવું મકાન નારેશ્વર તળાવ પાસે કરાવવામાં આવ્યું, ત્યારે આ છાત્રાલય ત્યાં લઈ ગયા.

આ બગીચામાં એક હોજ છે. તે ઉત્તરદક્ષિણ ઘણો લાંબો છે, વચમાં એક છત્રી છે, તેમાં ઊંચેથી પાણી પડે છે. તે બધું જ રમણીય લાગે છે. આ બગીચો માછીપરાની પાસે, ખુલ્લી જગા હોવાથી, દરિયા તરફથી આવતી હવાથી ઘણો જ સુંદર લાગે છે.

આ બગીચાનું ચિત્ર ફોર્બ્સસાહેબે ઈ. સ. ૧૭૭૫–૧૭૮૦માં દોર્યું છે. જે ચિત્ર જેન્સ ફોર્બ્સ ઓરીએન્ટલ મેમોરસ વૉ. ૧માં પ્રસિદ્ધ છે. જેન્સ ફોર્બ્સ નામનો એક અંગ્રેજ સુરતથી વહાણને રસ્તે ખંભાત આવેલો, તેણે ખંભાતનું વર્ણન સારું કરેલું છે.


અત્યારે તો બગીચો રહ્યો નથી અને તે ખેતરના રૂપમાં છે.

### એડવર્ડ સેવન્થ કોરોનેશન ગાર્ડન : ( હાલ તિલકબાગ ) ઈ. સ. ૧૯૦૩


ખંભાતના સ્ટેશન નજીક આ બગીચો આવ્યો છે. ના. નવાબસાહેબ જાફરઅલીખાનસાહેબના સમયમાં ના. શહેનશાહ સાતમા એડવર્ડના રાજ્યાભિષેકની ખુશાલીમાં તા. ૧–૧–૧૯૦૩ના રોજ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. અને ૧૯૦૧માં સ્ટેશન બંધાયા પછી આ બાજુ લોકોને ફરવા આવવાનું અનુકૂળ પડે એ માટે આ બગીચો કરાવવામાં આવ્યો હતો. હાલ તો આ બગીચો ખં. મ્યુ.ના કબજામાં છે, અને તેનું નામ બદલીને 'તિલક' બાગ રાખવામાં આવ્યું છે ( સને ૧૯૫૭ ). પરંતુ તેના પત્થરના દરવાજા ઉપર મૂળ નામ કોતરેલું છે. બગીચો સ્વચ્છ અને સારો છે, માંહે કુવારો તથા બાળકોની રમતોનાં સાધનો છે. તથા એક બાજુ પાણી માટે પાતાળકૂવાની બોરીંગ ઓરડી છે. શહેરના ઘણા માણસો આ બગીચાનો લાભ લે છે. વચમાં એક કુવારો પણ છે.

---

૭. મિ. એ. ધો. ૨–૧, પૃ. ૧૬૪માં લખ્યું છે કે 'આગલા દીવાન મોમીનખાનનો પુત્ર મહંમદ બાકરખાન કે જે પોતાના કાકા અબ્દુલગનીખાનના દીવાનના નાયબનું કામ કરતો હતો.' 'મિરઝાં'એ મોગલોના નામની પહેલાં મૂકવામાં આવે છે. હાલના ખંભાતના નવાબોના નામની પહેલાં 'મીરઝાં' મુકાય છે.



દિલકુશા બાગમાં મકાન તથા હોજ, ખંભાત



એડવર્ડ સેવન્થ કોરોનેશન બાગ, ખંભાત

મ્યુનિસિપલ બાગ : આ બાગ મ્યુ.ની ઑફિસ આગળ આવેલો છે, તેની નજીકના લોકો તેનો લાભ લે છે. શહેરના આ વિસ્તારને શોભાયુક્ત છે.

માદળા બાગ : માદળાના તળાવ આગળના ભાગને સને ૧૯૬૦થી સૌંદર્યધામ બનાવવાનું નક્કી થતાં ખંભાત મ્યુ. તરફથી માદળાના તળાવનો કેટલોક ભાગ પુરાવી નાખી, ત્યાં વિશાળ ચોગાન બનાવવામાં આવ્યું. ત્યાં પાણીનો વિશાળ કૂવો છે, તે સુધરાવી તેમાંથી પાણી પૂરું પાડવાની યોજના કરી છે. માદળાના તળાવની વચમાં જ્યાં વચલી વાવ હતી, તે જગા ઉપર ( તળાવની મધ્યમાં ) સુંદર બગીચો બનાવ્યો, અને પૂલ ઉપર થઈ ત્યાં જવાની ગોઠવણ કરી, અને સાથે માદળાની દક્ષિણ બાજુએ પૂર્વ છેડાથી તે પશ્ચિમ છેડા સુધી એક મોટો ભવ્ય બગીચો બનાવ્યો. આ બગીચામાં અનેક વૃક્ષો છાયા આપી રહ્યાં છે, બાળકો રમતનાં સાધનોનો ઉપયોગ કરે છે. અને સાંજ પડચે હજારોની મેદની તે બગીચાની લીલી ચાદરને શોભાવે છે. આ બગીચો શહેરની તદ્દન નજીક આવ્યો છે.

વળી માદળાના તળાવનું પાણી ગંધ મારતું હતું, કપડાં ધોવાનો ત્યાં ઘાટ હતો, વગેરે આરોગ્યને નુકસાન કરનારાં સ્થાનોમાં ફેરફાર કરીને અને એકસરખી નવી દુકાનોની લાઈન તૈયાર કરીને તથા સ્નાનાગાર કરીને આ સ્થળ અતિ રળિયામણું, ધનપ્રદ, જનોપયોગી, આનંદદાયી અને શહેરના સૌન્દર્યમાં અનેરો વધારો કરનારું ખંભાત નગરપાલિકાએ બનાવ્યું છે.

નાળિયેરી બાગ : લાલ દરવાજેથી નીકળ્યા કે પ્રથમ નાળિયેરી બાગ આવે છે. પ્રથમ ત્યાં નાળિયેરી ઘણી થતી હોવાથી તે નામ રાખવામાં આવેલું. હાલ તો તે બાગમાં ના. નવાબસાહેબનો બંગલો છે તેથી તે જાહેર ઉપયોગનો નથી.

હુસેની બાગ : આ બગીચો નારેશ્વર તળાવની ઉત્તરે આવેલો, પરન્તુ હાલ તો તે ખાનગી માલિકીનો છે.

નેજાનો બાગ : ખંભાતથી દોઢ માઈલ ઉપર નેજા ગામ છે. ત્યાં નવાબસાહેબનો મહેલ છે. મર્હૂમ નવાબસાહેબ જાફરઅલીખાનસાહેબના સમયમાં ત્યાં સુન્દર બગીચો હતો. પાસે વિશાળ તળાવ છે. અને ત્યાં પ્રાણીસંગ્રહાલય રાખવામાં આવ્યું હતું. તેમાં વાઘ, વરુ તથા બીજાં પ્રાણીઓ રાખવામાં આવ્યાં હતાં. લોકોને તે સ્થાન આનંદમય લાગતું, એટલે ત્યાં જોવા અને ફરવા જતા. હાલ તો તે બગીચો તદ્દન બંધ થઈ ગયો છે.

તાડવન : ખંભાતથી અમદાવાદ જતાં ખંભાતથી નઢાવા તળાવ, ને નેજા ગામથી લગભગ દસ હજાર તાડવૃક્ષો નજરે પડે છે. પહેલી દૃષ્ટિએ તો ' તાડવન ' હશે, એવો ભાસ થાય છે. નહાવા સુંદર જળાશય, વૃક્ષોની ઘટા, અને તાડવૃક્ષો એક એક હરીફાઈ કરતાં, સરિયામ રસ્તો, આ બધુ રમણીયતામાં અનેક રીતે વધારો કરે છે.

તાડવૃક્ષોના પાનની સાદડીઓ, ઘૂઘરા, પિપુડીઓ, સાવરણા અને ઘર ઉપર છાવવામાં ઉપયોગ થાય છે. ' તાડફળી 'ઓનો ઉપયોગ થાય છે, સવારમાં તાજી ખાનારા – લેનારા મળે છે. અને તે ગવારામાં વેચાય છે. તાડફળીના ગોળનો પ્રયોગ

સફળ થયો નથી. સ્ટેટના વખતમાં તાડના ૧ ઝાડે ચાર આના ટૅક્સ લેતા.

હરિયાળાં સુંદર ખેતરો, લીલીછમ વનરાજી, આમ્રવૃક્ષો વગેરે જોતાં આ સ્થળ ઘણું રમણીય છે અને તે સ્થળે સરકાર ' હોલી ડે હોમ્સ ' બાંધવાનો વિચાર કરી રહી છે. સને ૧૯૫૨માં તાડ–નીરો અને ગોળ બનાવવાની યોજના થઈ હતી.

વનવૃક્ષવર્ણનો : ખંભાતની આજુબાજુ ક્યાં ક્યાં વૃક્ષો થતાં હશે તે ઉપરથી તેનું વર્ણન ખંભાતના મુસ્લિમ કવિ અબ્દુલરહેમાને રચેલા ' સંદેશરાસક 'માં આપેલું છે ( પંદરમો સૈકો ).[૧] તથા ખંભાતના બીજા કવિ વિષ્ણુદાસે ( સત્તરમો સૈકો ) જાલંધરાખ્યાનમાં કડવા ૩૦માં ઘણાં વૃક્ષોની નામાવલિ ગણાવી છે.[૨] કદાચ તેમાં જણાવેલાં બધાં વૃક્ષો નહીં થતાં હોય; પણ તે વનરાજીએ કાવ્યમાં વૃક્ષોની નામાવલિ મૂકવા પ્રેરાયા હોય !

## હૉજ અને ફુવારા

મુસલમાન રાજ્યશાસનકાળમાં જે જે મસ્જિદો બંધાઈ તે દરેકમાં વજુ કરતી વખતે હાથપગ ધોઈ, પવિત્ર થઈ નિમાજ પડવા માટે, પાણીની સગવડ રાખવામાં આવી છે. ખંભાતની જુમામસ્જિદમાં એક વિશાળ હૉજ બાંધવામાં આવ્યો છે, જે હોજના ઉપર છત્ર ( પથ્થરનું )થી ઢાંકેલો છે, જેમાં પાણી ઠંડું અને સ્વચ્છ રહે તેની દરકાર રાખવામાં આવે છે, વળી ઠંડકમાં તેના ઉપર બેસી શકાય તેવી ગોઠવણ હોય છે.

પૂર્વ તરફના દ્વારમાં પેસતાં ડાબા હાથ તરફ અરબીમાં પાંચ લીટીનો લેખ છે. તેની લંબાઈ આશરે દોઢેક ફૂટ છે અને પહોળાઈ ૧ ફૂટ છે. તેમાં લખ્યું છે કે હિ. સ. ૧૩૦૦ (ઈ. સ. ૧૮૮૨)માં આ ટાંકું અને હૉજની મરામત અલીબીન અબ્દુલનબી બગદાદીએ કરાવી છે.

લાલ બાગમાં પેસતાં જ આવતા મકાન આગળ સુંદર હૉજ છે, તેમ જ તે મકાનની સામેના બીજા મકાન આગળ મોટો હૉજ છે. દિલકુશા બાગમાં મોટો અને સુંદર હૉજ અત્યારે પણ છે. જેનો ફોટો જેમ્સ ફૉબર્સસાહેબે પોતાના પુસ્તકમાં આપવામાં આવ્યો છે. નવાબસાહેબના દરબારગઢમાં પેસતાં વચલા દરવાજાથી પસાર થતાં (હાલનો આ દરવાજો જે ઘડિયાળી દરવાજો કહેવાતો હતો અને ત્યાં ઘડિયાળમાં કેટલા વાગ્યા છે તે દરબારગઢનાં રાજરાણીઓ વગેરેને માટે જાણવા માટે ઘંટ વગાડવામાં આવતો.) એક મોટો વિશાળ હૉજ કે જે લગભગ ૧૦૦ ફૂટ જેટલો લાંબો અને તે પ્રમાણે પહોળો પણ હતો, અને તે મોગલાઈ દરવાજાના ઠાઠરૂપ હતો. આ હૉજ ના. હુસેમયાવરખાનસાહેબની તાજપોશી ( ઈ. સ. ૧૯૩૦ ) સમયે તેને પૂરી દેવામાં આવ્યો. મોગલો તેમ જ અન્ય મુસલમાનોમાં હૉજ અને ફુવારા સાથે નાનો બગીચો કરવાનો શોખ ખંભાતમાં પ્રથમથી જ છે.

---

૧. સિંધી ગ્રંથમાળા ( મુંબઈ ) તરફથી પ્રસિદ્ધ થયેલા ' સંદેશરાસક 'માં પૃ. ૧૨૨–૧૨૩ ઉપર વનસ્પતિની સૂચિ આપી છે.

૨. ગુજરાત વિદ્યાસભા તરફથી પ્રસિદ્ધ ' જાલંધરાખ્યાન 'માં.

પ્રકરણ ૨૧

# આબોહવા

**ઉષ્ણતામાન :**

સામાન્ય રીતે કારતક માસથી ઠંડી પડે છે અને તે વસંતપંચમી સુધી પહોંચે છે. અને પછી તાપ લાગવાની શરૂઆત થાય છે. તે હોળી પછી ચૈત્ર, વૈશાખ અને અર્ધા જેઠ સુધી વધારે પડે છે. વૈશાખમાં પવન ફૂંકાય છે. કેરીની મોસમ પણ આ ઋતુમાં આવે છે. અખાત્રીજ ( વૈ. સુદ ૩ )ના રોજ દરિયાની ભરતીનાં પાણી જોવા લોકો દરિયા ઉપર જાય છે. ત્યાર પછી વહાણો દરિયામાં મૂકવામાં સામાન્ય રીતે જાય હોય છે. જેથી વહાણની મુસાફરી થતી નથી. શિયાળામાં સરેરાશ ઓછામાં ઓછું ઉષ્ણતામાન ૫૩° અને ઉનાળામાં વધારેમાં વધારે ૭૫° નોંધાયું છે. જો કે કોઈ કોઈ વખતે વધારે જાય છે.

ખંભાત સમુદ્રને કિનારે હોવાથી તેની હવા સારી છે. આરોગ્ય આપવાવાળી છે. એકંદરે સૂકી છે. અમદાવાદમાં જેમ શિયાળામાં અત્યંત ઠંડી અને ઉનાળામાં અત્યંત તાપ પડે છે તેમ અહીં થતું નથી. પરંતુ સમઘાત લાગ્યા કરે છે. અમદાવાદમાં ઉનાળામાં લૂ વાય છે તેવી ખંભાતમાં વાતી નથી. એકંદરે ખંભાતની હવા સારી અને તંદુરસ્તીને ફાયદાકારક છે. ગુજરાતની ઉત્તર–સરહદની સમીપથી કર્કવૃત્ત પસાર થતું હોવાથી તેની હવા વિષમ છે. પરંતુ પશ્ચિમ કિનારે વિસ્તરેલા અરબી સમુદ્ર અને ખંભાતના અખાતને લીધે ઉષ્ણતામાનની વિષમતા હળવી થાય છે.

**ખંભાતની ઓછામાં ઓછી અને વધારેમાં વધારે ગરમી :**

| સને | એપ્રિલ | મે | જુલાઈ | જૂન | ઓગસ્ટ | સપ્ટેમ્બર |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૨-૬૩ | ૭૪.૧૧૨ | ૭૬.૧૧૪ | ૭૪.૧૦૬ | ૭૮.૧૦૫ | ૭૬.૯૮ | ૭૨.૯૭ |
| ૧૯૬૩-૬૪ | ૭૧.૧૧૩ | ૭૯.૧૧૬ | ૬૫.૧૦૦ | ૭૮.૧૦૭ | ૭૪.૯૬ | ૭૩.૯૯ |
| ૧૯૬૪-૬૫ | ૭૩.૧૨૨ | ૭૬.૧૧૨ | ૭૪.૯૬ | ૭૮.૧૦૮ | ૭૫.૮૯ | ૭૫.૯૩ |
| ૧૯૬૫-૬૬ | ૬૫.૧૦૨ | ૭૧.૧૦૪ | ૬૦.૧૦૪ | ૭૦.૧૦૫ | ૭૫.૯૩ | ૭૪.૮૬ |
| ૧૯૬૬-૬૭ | ૭૫.૯૮ | ૮૦.૧૦૮ | ૭૪.૧૦૦ | ૮૦.૧૦૯ | ૭૮.૯૭ | ૭૮.૯૫ |

| સને | ઓકટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુ. (નવું વર્ષ) | ફેબ્રુ. | માર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૨-૬૩ | ૬૮.૧૦૦ | ૬૪.૯૯ | ૫૯.૯૨ | ૫૩.૯૪ | ૫૮.૯૯ | ૬૬.૧૦૪ |
| ૧૯૬૩-૬૪ | ૭૦.૧૦૨ | ૬૮.૧૦૦ | ૫૪.૯૩ | ૪૫.૯૦ | ૫૩.૧૦૦ | ૬૬.૧૦૭ |
| ૧૯૬૪-૬૫ | ૮૫.૬૬ | ૫૮.૮૨ | ૪૮.૮૮ | ૫૬.૮૬ | ૫૨.૮૯ | ૫૮.૯૫ |
| ૧૯૬૫-૬૬ | ૭૦.૯૫ | ૬૫.૭૦ | ૬૪.૮૬ | ૬૦.૮૬ | ૭૦.૯૮ | ૬૬.૯૭ |
| ૧૯૬૬-૬૭ | ૮૦.૧૦૫ | ૮૯.૯૯ | ૬૦.૮૮ | ૫૭.૮૬ | ૬૭.૯૬ | ૭૫.૯૭ |
| ૧૯૬૭-૬૮ | ૮૫.૧૦૮ | ૭૬.૧૦૮ | ૮૦.૧૦૭ | | | |

સને ૧૯૬૬ પહેલાં સેં. મી. ગણેલા છે અને ૧૯૬૬થી ફેરનહાઈટ ગણ્યા છે.

### પવનની દિશા :

કારતક મહિનાથી પોષ સુધી પવનની દિશા ઉત્તરપૂર્વ હોય છે. આ પવન માળવાના વેરાન પ્રદેશ પર થઈ ને આવતો હોવાથી સૂકો, ઠંડો અને મધુર હોય છે. ઉત્તરાયણ આવતાં પવનની દિશા દક્ષિણ–પશ્ચિમ થાય છે. જેથી પતંગો દરિયા તરફ (દક્ષિણ દિશામાં) જાય છે. ખંભાત શહેરમાં જે જે મકાનો બંધાય છે તેમાં ખાસ કરીને દક્ષિણપશ્ચિમ દિશાએથી પવન આવવાની જોગવાઈ કરવામાં આવે છે. આ દિશાએથી ઘણો સારો પવન આવે છે.

ગુજરાતની આબોહવા પલટાતી જાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં લીલાં સ્થાનો સૂકાં થતાં જાય છે. ઋતુઓ અનિયમિત થતી જાય છે. સામાન્ય રીતે એમ મનાય છે કે મુંબઈમાં ૧૫મી જૂન પહેલાં વરસાદ થવો જોઈ એ. ત્યાર પછી ૧૦–૧૫ દિવસે ખંભાતમાં વરસાદ થવાનો, પરન્તુ અનિયમિતતાને કારણે ખેડૂતોના જીવ ઊંચા થાય છે. કેટલીક વખત એકસામટો વરસાદ પડે છે અને પછી બિલકુલ પડતો નથી. કોઈ વખત પહેલાં તદ્દન ઓછો પડે અને પાછળથી વધારે પડે. આથી ખેડૂતોને નિયમિત ખેતી કરવા છતાં તેનાં જોઈએ તેવાં ફળ મળી શકતાં નથી. હવા પણ કોઈ વખત અતિશય ઠંડી અને કોઈ વખત ખૂબ તાપ પડે છે. આવી અનિયમિતતાથી ઘણું જ નુકસાન થાય છે.

## પ્રકરણ ૨૨

# ખંભાતમાં પડેલો વરસાદ

### વરસાદ :

વરસાદના આંકડા રાખવાની પદ્ધતિ બ્રિટિશ રાજકર્તાઓના વખતમાં દાખલ થઈ છે. ખંભાત શહેરના વરસાદની નોંધ ' ખંભાત દરબારી ગૅઝેટ 'માં પ્રતિવર્ષ અષાડ, શ્રાવણ, ભાદરવો અને આસો માસમાં ઇંચમાં આપવામાં આવતી હતી.

વીસ ઇંચ કરતાં ઓછો વરસાદ પડ્યો છે. તે વર્ષ અનાવૃષ્ટિ જેવું ગણાય અને સને ૧૯૨૭માં વધુમાં વધુ વરસાદ ૫૮ ઇંચ ૮૭ દોકડા પડ્યો તે અતિવૃષ્ટિ ગણાય. સરેરાશ ત્રીસ ઈંચની આજુબાજુ ખંભાતનો વરસાદ ગણાય છે. અતિવૃષ્ટિથી કેવાં સંકટો પડ્યાં તેનું વર્ણન જુદા પ્રકરણમાં આપવામાં આવ્યું છે.

૧૯૪૫થી ૧૯૫૩ સુધીનો સરેરાશ વાર્ષિક વરસાદ ૨૪.૫૩ ઈંચ છે.

' નૉરમલ ' વરસાદ : ખંભાત ઘણાં વર્ષના વરસાદના સરેરાશ આંકડાને ' નૉરમલ ' વરસાદ કહે છે. સામાન્ય રીતે કેટલો વરસાદ પડવો જોઈ એ તેનું માપ ' નૉરમલ વરસાદ 'ના આંકડાથી સૂચવાય છે.

ચોમાસાની શરૂઆત જૂન મહિનાના બીજા પખવાડિયાથી થાય છે.

ખંભાતમાં પડેલો વરસાદ

| સને | ઈંચ દો. |
|---|---|
| ૧૮૮૩ | ૩૫– ૩ |
| ૧૮૮૪ | ૫૫–૩૪ |
| ૧૮૮૫ | ૨૧–૬૩ |
| ૧૮૮૬ | ૪૨– ૬ |
| ૧૮૮૭ | ૩૦–૬૭ |
| ૧૮૮૮ | ૧૪–૯૩ |
| ૧૮૮૯ | ૩૦–૩૪ |
| ૧૮૯૦ | ૨૯–૩૮ |
| ૧૮૯૧ | ૨૦–૭૦ |
| ૧૮૯૨ | ૩૪–૬૫ |

| સને | ઈંચ. દો. | સને | ઈંચ. દો. |
|---|---|---|---|
| ૧૮૯૭ | ૩૦ ૨૯ | ૧૯૨૬ | ૧૮–૩૨ |
| ૧૮૯૮ | ૩૫ ૮૨ | ૧૯૨૭ | ૫૮ ૮૭ અતિવૃષ્ટિ |
| ૧૮૯૯ | ૪ ૬૮ દુકાળ | ૧૯૨૮ | ૩૦ ૮૪ |
| ૧૯૦૦ | ૨૫ ૪૨ | ૧૯૨૯ | ૧૪ ૮૩ |
| ૧૯૦૧ | ૨૨ ૪૦ | ૧૯૩૦ | ૩૧ ૩૨ |
| ૧૯૦૨ | ૩૨ ૪૩ | ૧૯૩૧ | ૩૩ ૫૭ |
| ૧૯૦૩ | ૩૨ ૯ | ૧૯૩૨ | ૨૬ ૭ |
| ૧૯૦૪ | ૧૧ ૪૨ | ૧૯૩૩ | ૩૩ ૫૮ |
| ૧૯૦૫ | ૧૭ ૫૧ | ૧૯૩૪ | ૨૫ ૧૦ |
| ૧૯૦૬ | ૨૧ ૩૮ | ૧૯૩૫ | ૧૮ ૨૭ |
| ૧૯૦૭ | ૩૬ ૭૦ | ૧૯૩૬ | ૧૯ ૩૪ |
| ૧૯૦૮ | ૨૩ ૫૦ | ૧૯૩૭ | ૩૫ ૭૦ |
| ૧૯૦૯ | ૧૫ ૮૨ | ૧૯૩૮ | ૨૨ ૫૦ |
| ૧૯૧૦ | ૪૦ ૯૬ | ૧૯૩૯ | ૧૫ ૫૫ |
| ૧૯૧૧ | ૧૧ ૮૩ | ૧૯૪૦ | ૧૫ ૭૫ |
| ૧૯૧૨ | ૪૧ ૪૪ | ૧૯૪૧ | ૩૦ ૪૭ |
| ૧૯૧૩ | ૪૭ ૪૪ | ૧૯૪૨ | ૩૦ ૧૬ |
| ૧૯૧૪ | ૧૧ ૩૫ | ૧૯૪૩ | – – |
| ૧૯૧૫ | ૧૨ ૨ | ૧૯૪૪ | – – |
| ૧૯૧૬ | ૨૪ ૨૨ | ૧૯૪૫ | ૪૮ ૫૯ |
| ૧૯૧૭ | ૪૩ ૮૦ | ૧૯૪૬ | ૨૫ ૬૧ |
| ૧૯૧૮ | ૧૩ ૨૬ | ૧૯૪૭ | ૨૯ ૭૪ |
| ૧૯૧૯ | ૨૧ ૮૬ | ૧૯૪૮ | ૮ ૯૦ |
| ૧૯૨૦ | ૧૨ ૩૪ | ૧૯૪૯ | ૨૨ ૪૫ |
| ૧૯૨૧ | ૩૦ ૪ | ૧૯૫૦ | ૨૬ ૧૪ |
| ૧૯૨૨ | ૧૩ ૪૫ | ૧૯૫૧ | ૧૦ ૮૬ |
| ૧૯૨૩ | ૧૨ ૧૫ | ૧૯૫૨ | ૨૬ ૧૬ |
| ૧૯૨૪ | ૨૫ ૩૩ | ૧૯૫૩ | ૨૨ ૩૪ |
| ૧૯૨૫ | ૨૧ ૭૮ | ૧૯૫૪ | ૨૭ ૪૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯૬૨ | ૫૦૫.૪ | મી. મી. | ૨૦.૫ | ઈંચ |
| ૧૯૬૩ | ૮૨૫ | ,, | ૩૩ | " |
| ૧૯૬૪ | ૮૭૫ ૨ | ,, | ૩૫ | " |
| ૧૯૬૫ | ૫૫૧.૯ | ,, | ૨૨ | " |
| ૧૯૬૬ | ૪૬૧.૩ | ,, | ૧૮.૧૧ | " |
| ૧૯૬૭ ( ૫–૭–૬૭ ) | | | | |

**ખંભાત રાજ્યના કાંસ : ( ઈ. સ. ૧૮૯૮ )**

ખંભાતના ભાલબારાના ભાગમાં પાણીની તંગી છે, અને તે માટે કેટલેક ઠેકાણે કાંસો કરવાની જરૂર જણાયાથી ખંભાત રાજ્યે આશામલીથી ઈશનપુર સુધીની અલગનો કાંસ, જીધેજથી ખંભાત સુધીનો કાંસ, દલોલીથી કસબારા સુધીનો કાંસ, વલ્લીનો કાંસ વગેરે કાંસો દુરસ્ત કરાવ્યા એટલું જ નહિ પણ તેમાં પાણી ભરેલું રહી. ને તેમાંથી પાણી લઈ સરકારી જમીનમાં જે કોઈ માણસ ડાંગર કરશે, તેની પાસેથી કચારીના આકાર સિવાય કાંઈ વિશેષ લેવામાં આવશે નહિ, આ રીતે રાજ્ય તરફથી ખેડૂતને ઉત્તેજન આપવામાં આવતું હતું. તેમ સરકારી જમીનનો ઉપયોગ થાય તે પ્રમાણે કરવામાં આવતું હતું.[1] વળી માતર તાલુકાના મોરજ અને ચીખોલીયા ગામનાં પાણી 'અલંગ નહેર'માં જોડયાં છે.

**ખેડૂતને ખેડવા મફત જમીન :** ખંભાત સંસ્થાનમાં આવીને જાથુના વસવાટ કરવા માગતા હોય તેમને પડતર જમીન દોઢ સાલ સુધી વગર આકારે ખેડવા આપવા માટે સને ૧૮૯૨માં ઠરાવ કરેલો[2] અને તેનો લાભ પણ કેટલાકે લીધેલો જેથી ખંભાત રાજ્યનાં કેટલાંક ગામડાંની જોડે હાલ જે પરાં બન્યાં છે તે તેની સાથે જ ગણાય છે. આથી રાજ્યની આબાદીમાં વધારો થાય તેવો સરકારનો પ્રયત્ન હતો.

---

૧. ખં. દ. સરક્યુલર બૂક, પાન ૩૬

૨. એ જ પૃ. ૧૬

પ્રકરણ ૨૩

# દુકાળ

વિ. સં. ૧૨૧૩–૧૪ (ઈ. સ. ૧૨૫૭–૫૯)

ગુજરાતમાં મોટો દુકાળ પડચો. તે વિશળદેવ રાજા હતો. તેણે ધાન્યના કોઠાર ભરી રાખ્યા હતા. તેના સમયમાં જગડુશાહે ઘણી મદદ કરી હતી.

વિ. સં. ૧૩૯૩ પછીનાં ઘણાં વર્ષ દુકાળની સ્થિતિમાં ગયાં છે.

વિ. સં. ૧૪૬૮ (ઈ. સ. ૧૪૧૨): આ સાલમાં ભયંકર દુકાળ પડચો હતો. ખંભાતમાં તે વખતે પ્રખ્યાત અને ધનાઢય પર્વત અને તેનો મોટો ભાઈ રામ હતો, તેણે હલકી, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારની દાનશાળાઓ માંડી લોકોને સંકટમાં મદદ કરી.[૧]

ઈ. સ. ૧૩૫૮: મહંમદ બેગડાના વખતમાં દુકાળ પડેલો. તેણે પ્રજાનું સારી રીતે રક્ષણ કરેલું.

વિ. સં. ૧૬૧૯ (ઈ. સ. ૧૫૬૩)માં દુકાળ પડચો. તે વિશે વેનિસનો એક વેપારી સીઝર ફ્રેડરિક ખંભાત વિશે લેખે છે કે 'હું ત્યાં હતો તે વખતે તે શહેરમાં ભારે ત્રાસ અને અછત હતાં. મેં જોયું તો તે દેશના લોકો પોતાનાં પુત્રપુત્રીઓને ફિરંગીઓ પાસે લઈ જતા અને કહેતા કે 'આને વેચાતાં રાખો.' એક છોકરાના આઠદશ લારીન એટલે કે શિ. ૧૦ કે ૧૩ શિ. ૪ પેન્સના ભાવે મેં વેચાતો જોયો.' આ ઉપરથી સમજાશે કે દુકાળે કેવી ભયંકર સ્થિતિ સર્જી હતી.

વિ. સં. ૧૬૬૧ (ઈ. સ. ૧૬૦૫)માં દુકાળ પડ્યો તે વખતે ખંભાતમાં મહાન જૈન વેપારી રાજીયા અને વજીયા બે ધનાઢય ભાઈ ઓ વસતા હતા. તેઓએ આ દુકાળમાં હજારો રૂપિયા ખરચી પ્રજાને મદદ કરી છે. તેનું બંધાવેલું દહેરું બજારમાં ચિંતામણી પાર્શ્વનાથનું છે તેની પ્રશસ્તિનો લેખ મંદિરમાં છે.[૨]

વિ. સં. ૧૬૮૭ (ઈ. સ. ૧૬૩૨): આ સાલમાં ભયંકર દુકાળ પડચો તે સત્યાશીઓ નામથી જાણીતો છે. આ સમયનું વર્ણન જોન વિચન આપે છે. તે જળમાર્ગે પ્રવાસ કરતો હતો. ત્યાં તેણે ગરીબ માણસોથી ભરેલી નાની હોડી જોઈ. આ લોકો ખંભાતના હતા. ખંભાતમાં તથા મુગલોના બધા મુલકોમાં દુષ્કાળ હોવાને લીધે દક્ષિણ તરફ જતા હતા. આ દુષ્કાળનું વર્ણન ઘણા ગ્રંથોમાં આપ્યું છે.

સત્તરમી સદીમાં પાંચ દુકાળો પડચા અને તેમાં ૨૨ વર્ષ સંકટમાં ગયાં હતાં.

વિ. સં. ૧૭૭૪ ચુંવોતરો
" " ૧૮૪૨ બેંતાળો
" " ૧૮૪૭ સુડતાળો
" " ૧૮૬૦ સાઠો કાળ
" " ૧૮૬૯ અગણોતેરો
" " ૧૯૨૫ પચ્ચીસો
" " ૧૯૩૪ ચોત્રીસો
" " ૧૯૫૬ છપ્પનીઓ

---

૧. પર્વતની પ્રશસ્તિ જૈન કોન્ફરન્સ હેરોલ્ડના પુસ્તકના અંક ૮ના પૃષ્ઠ ૪૨૮થી ૪૩૧ ઉપર છે.

૨. જુદો લેખ પણ છે તેમાં તેના ગુણોનું વર્ણન કર્યું છે.

## ઈ. સ. ૧૮૯૯ છપ્પનીઓ

**વરસાદની અછત :** સને ૧૮૯૯ની ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં માત્ર ૪ ઈંચ ૬૮ દોકડા વરસાદ થયો. આથી વાવેતર કરેલું તે પાણીની તંગીને લીધે સુકાઈ ગયું; અને ઢોરોને ચારાની તથા પાણીની તંગી ઊભી થઈ તેથી ઢોર મરવા લાગ્યાં.

**રાજ્ય તરફથી તગાવીની મદદ :** ખેડૂતોને કૂવા ખોદવા, જૂના હોય તેને દુરસ્ત કરવા, વાવવા માટે દાણા વગેરે આપવા માંડયું. તગાવીમાં બનતાં સુધી દાણા આપવા માંડયા.

**પશુરક્ષક છાવણી :** માદળાના તળાવ ઉપર સરકાર તરફથી ઢોરો ખરીદી લેવાં અને તેને ઘાસચારો નાંખવો, પાણી વગેરેની સગવડ કરી પશુધનનો નાશ થતો અટકાવ્યો.

**નિરાશ્રિત આશ્રમ :** આ આશ્રમમાં આંધળાં, લુલાંલંગડાં, અશક્ત, માબાપ વગરનાં વગેરેને દાખલ કરવાં. તેમને બે વાર મફત ખવરાવવું. એક વાર ખીચડી અને એક વાર રોટલા. તેમને રહેવા માટે વાઘડીયાવાડ આગળની ધર્મશાળાનો ઉપયોગ કર્યો. જે માણસો શરમને લીધે ભીખ માગતા નથી, તેમને ઘેર અનાજ પહોંચાડવું. ગરીબોને સસ્તુ અનાજ મળે તે માટે વળી રેલવેનું કામ શરૂ કર્યું. તેમાં દુષ્કાળથી પિડાતા ૩૦૦૦ માણુસ કામે લાગ્યા.

રાજ્ય તરફથી ફંડ ઊભું કરવામાં આવ્યું. તેમાં રાજ્યે દશ હજાર રૂપિયા ભર્યા. અને ખંભાતમાંથી અને મુંબઈમાંથી મળ્યા. તેની વ્યવસ્થાના પ્રેસિડેન્ટ દીવાન રહ્યા; અને તેવા જ ભરોંસાદાર માણસોને વ્યવસ્થા સોંપી.

૨૯૫૫૪–૨ આવક અને તેટલો જ ખર્ચ.

આ ફંડમાં મુંબઈમાં વસનાર ખંભાતી ભાઈઓએ ઘણી સારી સહાય કરી હતી.

**આ દુકાળ વખતે અનાજના ભાવ :** ઈ. સ. ૧૯૦૦

| | | કિંમત |
|---|---|---|
| ૧ ધોળા ઘઉં | મણુ ૧ના | ૩– ૯–૦ |
| ૨ રાતા ઘઉં | મણુ ,, | ૩– ૪–૦ |
| ૩ બાજરી | મણુ ,, | ૩– ૯–૦ |
| ૪ દાળ તુવેરની વીણેલી | ,, ,, | ૩–૧૦–૦ |
| ૫ દાળ તુવેરની વગર વીણેલી | ,, ,, | ૩– ૮–૦ |
| ૬ મઠ | ,, ,, | ૩– ૨–૦ |
| ૭ મઠ લીલા | ,, ,, | ૩– ૧–૦ |
| ૮ ચોખા હલવાના | ,, ,, | ૨–૧૨–૦ |
| ૯ ચોખા પાનાસાલ | ,, ,, | ૪– ૪–૦ |
| ૧૦ ચોખા કમોદના | ,, ,, | ૪– ૮–૦ |
| ૧૧ ચણી સારી | ,, ,, | ૨– ૮–૦ |
| ૧૨ ચણા | ,, ,, | ૨–૧૪–૦ |
| ૧૩ તેલ | ,, ,, | ૧૦–૧૨–૦ |
| ૧૪ દીવેલ | ,, ,, | ૮– ૬–૦ |
| ૧૫ કોપરેલ | ,, ,, | ૧૧– ૦–૦ |
| ૧૬ ખાંડ – મોરસ | ,, ,, | ૬– ૬–૦ |

૧ ફેબ્રુઆરી ૧૯૦૦ના ભાવ છે.

પ્રકરણ ૨૪

# અનાજના ભાવ

અકબર ખંભાતમાં : અકબર બાદશાહ ૬ઠ્ઠી શાબાન ૯૮૦ હિ. સ. (ઈ. સ. ૧૫૭૨) ખંભાતમાં આવ્યો હતો. અને ૬ દિવસ રહી ૧૨મી શાબાનને દિવસે વડોદરે ગયો હતો.[૧] તેના સમયમાં (ઈ. સ. ૧૫૭૩થી ૧૬૦૫) અનાજના ભાવ કેટલા હતા તે આઈન અકબરી તથા બીજા ગ્રંથોમાંથી મળે છે. તેમાંના એક ગ્રંથને આધારે નીચે મુજબ જાણવા મળે છે.

(ઈ. સ. ૧૫૭૩થી ૧૬૦૫)

ઘઉં ૧ રૂ.ના ૧૮૫ રતલ, જવ રૂ. ૧ના ૨૭૭ાા રતલ, હલકા ચોખા રૂ. ૧ના ૧૧૧ રતલ, ઘઉંનો લોટ ૧ રૂ.નો ૧૪૮ રતલ, દૂધ ૧ રૂ.નું ૮૯ રતલ, ઘી ૧ રૂ.નું ૨૧ રતલ, સફેદ ખાંડ ૧ રૂ.ની ૧૭ રતલ, શ્યામ ખાંડ ૧ રૂ.ની ૩૯ રતલ, મીઠું ૧ રૂ.નું ૧૩૭ રતલ, જુવાર ૧ રૂ.ની ૨૩૨ રતલ, અને બાજરી ૧ રૂ.ની ૨૭૭ રતલ.[૨]

૧. મિરાતે એહમદી ભા. ૧, પૃ. ૧૦૫.

૨. ડબ્લ્યુ. એચ. મોરલડ રચિત ધી વૅલ્યુ ઑફ મની ઍટ ધી કૉર્ટ ઑફ અકબરને આધારે લેવાયેલા 'સુરીશ્વર અને સમ્રાટ'માંથી પૃ. ૩૩૩

વિ. સં. ૧૮૬૪ ઈ. સ. ૧૮૦૮

નવાબ ફત્તેહઅલીખાનનો સમય.

| | |
|---|---|
| ઘઉં | રૂ. ૧ ના ૧ મણ ૫ શેર |
| બાજરી | ,, ૧ ની ૦ાા મણ ૭ શેર |
| તુવેર | ,, ૧ ની ૧ા મણ ૧ શેર |
| ચણાની દાળ | ૧ ની ૦ાા મણ |
| મઠ | રૂ. ૧ ના ૧ાા મણ ૭ શેર |
| અડદ | ,, ૧ ના ૦ાા મણ ૨ શેર |
| કેરી | ,, ૧ ની ૧ા મણ |
| રાઈ | ,, ૧ ની ૨૬ શેર |
| મેથી | ,, ૧ ની ૨૦ શેર |
| ઘી | ,, ૧ નું ૬ શેર |

મજૂરી :

કડિયા ૧ ના ૨૨ જઈ (પૈસા)

મજૂર ૧ ના ૧૧ જઈ (સુતારનો)

પખાલ પાણીની ૩ ના ૬ જઈ

મજૂર (કડી) ૧ ના ૩ જઈ.

ઓગણીસમી સદી : મણના ભાવ છે

| | ૧૮૦૮ | ૧૮૭૬ | ૧૮૯૮ | ૧૯૦૦ દુકાળ |
|---|---|---|---|---|
| | રૂ. આ. | રૂ. આ. | રૂ. આ. | રૂ. આ. |
| ઘઉં ધોળા | ૧–૦૦ | ૧–૦૮ | ૧–૧૩ | ૪–૦૨ |
| ઘઉં રાતા | ૦–૧૫ | ૧–૦૪ | ૧–૦૯ | ૩–૦૭ |
| બાજરી | ૧–૦૦ | ૧–૦૪ | ૧–૦૭ | ૨–૦૦ |
| તુવેરની દાળ | ૦–૧૩ | ૧–૦૨ | ૧–૧૨ | ૪–૦૪ |
| મઠ | ૦–૧૦ | — | ૧–૦૧ | — |
| મગ | ૦–૧૦ | — | ૧–૦૪ | — |
| ચોખા | ૧–૦૮ | ૨–૦૦ | ૨–૦૦ | ૨–૧૪ |
| ઘી | ૭–૦૦ | — | ૧૬–૦૪ | ૩૩–૦૦ |
| તેલ | — | — | ૮–૦૦ | ૧૨–૦૮ |
| ખાંડ | — | — | ૫–૧૧ | ૬–૧૩ |

### વીસમી સદી : મણના ભાવ

| | ૧૯૦૧ | ૧૯૧૮ | ૧૯૩૧ | ૧૯૪૨ | ૧૯૪૫ | ૧૯૬૪ |
|---|---|---|---|---|---|---|
| ઘઉં ધોળા | ૨–૦૮ | ૫–૦૪ | ૧–૦૮ | ૪–૦૪ | ૬–૦૦ | ૨૩–૦૦ |
| ઘઉં રાતા | ૧–૦૮ | ૪–૧૪ | ૧–૦૪ | ૩–૧૨ | ૫–૦૪ | — |
| બાજરી | ૧–૦૫ | ૫–૦૮ | ૧–૦૨ | ૩–૦૮ | છત નથી | ૧૫–૨૧ |
| દાળ તુવેરની | ૩–૦૮ | ૪–૦૪ | ૨–૧૨ | ૫–૧૨ | ૮–૦૦ | ૩૩–૦૦ |
| મઠ | ૧–૦૬ | ૫–૦૮ | — | — | — | ૧૪–૩૭ |
| મગ | ૩–૦૨ | ૫–૦૪ | — | — | — | — |
| ચોખા | ૩–૦૪ | ૬–૦૪ | ૧–૧૩ | ૫–૦૦ | ૧૦–૦૦ | — |
| ઘી | ૧૭–૦૦ | ૩૯–૦૦ | ૨૪–૦૦ | ૩૫–૦૦ | ૬૮–૦૦ | — |
| તેલ | ૭–૧૨ | ૧૬–૦૦ | ૬–૦૪ | ૧૧–૦૦ | ૧૮–૦૦ | — |
| ખાંડ | ૪–૧૦ | ૮–૦૦ | ૬–૦૭ | ૯–૦૦ | ક ટ્રોલ | — |
| તલ | — | — | — | — | — | ૩૨–૦૦ |
| જાર | — | — | — | — | — | ૧૩–૩૬ |
| તુવેર | — | — | — | — | — | ૨૪–૪૦ |
| ગવાર | — | — | — | — | — | ૧૩–૪૧ |

### પહેલું વિશ્વયુદ્ધ

સને ૧૯૧૪થી સને ૧૯૧૮

બ્રિટિશ સરકાર તા. ૪–૮–૧૯૧૪ના રોજથી જર્મની અને ઑસ્ટ્રીયા સાથે લડાઈમાં ઊતરી હતી. આ તારીખને તેની વરસગાંઠ ગણી તે દિવસે ખંભાત સ્ટેટ તરફથી રજા પાળવામાં આવતી અને પ્રાર્થના વગેરે થતી. આ જાતનો હુકમ એ. મિ. તરફથી નીકળતો.

અનાજના ભાવ — ઑગસ્ટ ૧૯૧૪માં ધોળા ઘઉંના ભાવ મણ ૧નો રૂ. ૨–૯–૦, રાતા ઘઉંના ૨–૩–૦, બાજરી ૧ મણના રૂ. ૨–૪, દાળ તુવેરની વીણેલીનો ભાવ રૂ. ૨–૧૩, ચોખા સુતરશાળના મણના રૂ. ૨–૮–૦, ચોખા પાનાશાળના રૂ. ૩–૯–૦, થી મણના ૧૮–૦, તેલ મણના રૂ. ૯–૧૪–૦, ખાંડ મણના રૂ. ૪–૨–૦, ચણા દેશી રૂ. ૨–૩–૦, ચણી મણના રૂ. ૧–૧૫–૦, મગના રૂ. ૨–૪–૦, મઠના રૂ. ૧–૧૦–૦

ઉપર પ્રમાણેના ભાવ ૧૯૧૭ સુધી સરખા રહ્યા છે. તેમાં થોડો થોડો વધારો થતો ગયો છે. ૧૯૧૮માં ઘણા ભાવ વધી ગયા.

| | પહેલું વિશ્વયુદ્ધ | | બીજું વિશ્વયુદ્ધ | |
|---|---|---|---|---|
| | ઑગસ્ટ ૧૯૧૪ના ભાવ | ૧૯૧૮ | ૧૯૩૯ | થી ૧૯૪૫ જાન્યુ. |
| ધોળા ઘઉં મણના | ૨–૯–૦ | ૪–૩–૦ | ૨–૪–૦ | ૬–૪–૦ |
| રાતા ઘઉં | ૨–૩–૦ | ૩–૪–૦ | ૧–૧૫–૦ | ૫–૦–૦ |
| બાજરી | ૨–૪–૦ | ૩–૪–૦ | ૨–૨–૦ | છત નથી |
| ચોખા સુતરશાળ | ૨–૮–૦ | ૪–૪–૦ | ૨–૧–૦ | ૧૧–૦–૦ |
| ચોખા પાનાશાળ | ૩–૯–૦ | ૫–૬–૦ | ૩–૪–૦ | ૧૬–૦–૦ |
| દાળ તુવેર | ૨–૧૩–૦ | ૩–૯–૦ | ૨–૧૪–૦ | ૭–૧૨–૦ |
| ઘી | ૧૮–૦–૦ | ૩૨–૮–૦ | ૨૩–૯–૦ | ૭૦–૦–૦ |
| તેલ | ૯–૧૪–૦ | ૧૨–૦–૦ | ૬–૦–૦ | ૧૮–૮–૦ |
| ખાંડ | ૪–૨–૦ | ૮–૩–૦ | ૬–૨–૦ | ૧૦–૫–૦ |
| ચણી દેશી | ૧–૧૫–૦ | ૨–૧–૦ | ૨–૨–૦ | છત નથી |
| ચણા | ૨–૩–૦ | ૨–૪–૦ | ૨–૧૦–૦ | છત નથી |

બીજું વિશ્વયુદ્ધ : ૧૯૩૯થી ૧૯૪૫

માનવતાના ભાગ્યભવન પર ઊતરેલી અંધારી રાતનો ઈ. સ. ૧૯૩૯માં પ્રારંભ થાય છે. જગતની જાતેજાત, વર્ણેવર્ણે, પ્રજાએ પોતાના લાડીલા નવજવાનોના ઊના લોહીનો અખૂટ બલિદાન આપ્યો છે. સંહાર અને વિનાશનું તુમુલ તાંડવ ખૂબ ખીલ્યું. અછત, મોંઘવારી ભૂખ વગેરે અનેકવિધ સંકટો, યાતનાઓ વહોરવાં પડચાં છે.

સ્વતંત્રતા, સમાનતા, માનવતા, સત્ય, ન્યાય, અને બીજા અનેક સંસ્કૃતિના પ્રત્યયોને છૂંદી નાખી ઉન્મત બનેલા નાઝી અને ફાસીવાદીઓએ જગત પર આસુરી વર્ચસ્વ જમાવવા યુદ્ધના મહાયજ્ઞને ચેતતો કર્યો. ચેંઘીસખાન જેવા ઇતિહાસના અધમ જાલીમોને પગલે ચાલીને સ્વતંત્રતા અને લોકશાહીની આહુતિ એ યજ્ઞમાં પડી. પરંતુ મહાકાલ ઇતિહાસનો અમરકોલ છે કે અંધકાર પર પ્રકાશનો, ગુલામી સામે સ્વતંત્રતાનો અને સરમુખત્યારી સામે લોકશાહીનો આખરે વિજય થાય છે.

પ્રકરણ ૨૫

# આરોગ્ય અને દવાખાનાં

દવાખાનાં :

નવાબસાહેબના અમલ સમયે નીચેનાં દવાખાનાં હતાં.

૧. કેનેડી હૉસ્પિતાલ : ( ઈ. સ. ૧૮૯૩ ) કેનેડી નામના સ્પેશિયલ પોલિટિકલ એજંટ સને ૧૮૯૦થી ૧૮૯૪ સુધી ખંભાતમાં રહ્યા. તેમના વખતમાં ખંભાતમાં સને ૧૮૯૩માં ત્રણ દરવાજાની અંદરના ભાગમાં દવાખાનું બાંધવામાં આવ્યું; આ દવાખાના સાથે મેજર કેનેડીનું નામ જોડવામાં આવ્યું. સ્ટેટના સમયથી આ દવાખાનું મુખ્ય ગણવામાં આવે છે. અને મર્જર થયા પછી પણ સરકારી દવાખાના તરીકે તેને ગણવામાં આવે છે. આ દવાખાનાના મોટા ડૉકટરને સરકારી મુખ્ય ડૉકટર ( ચીફ મેડીકલ ઑફિસર ) ગણવામાં આવે છે. આ દવાખાનામાં દરદીઓને રહેવાની સગવડ છે.[૧]

૨. ધી વિકટોરિયા ડાયમન્ડ જ્યુબિલિ ઝનાના હોસ્પિટલ : ( ઈ. સ. ૧૮૯૮ )

શહેરની અંદર સ્ત્રીઓ માટે જુદા દવાખાનાની જરૂર જણાવાથી સને ૧૮૯૮માં ખેડા જિલ્લાના કલેકટર એગનલસાહેબના હસ્તે આ દવાખાનાનો પાયો નંખાયો અને મહારાણી વિક્ટોરિયાના જ્યુબિલિ મહોત્સવના સ્મારક તરીકે તેનું નામ ' ધી વિકટોરિયા જ્યુબિલિ ઝનાના હૉસ્પિટલ ' રાખવામાં આવ્યું. અહીં સુવાવડખાતું રાખવામાં આવ્યું છે.[૨]

૩. જીનાબે બહુબેગમ ડિસ્પેન્સરી : ( ઈ. સ. ૧૯૧૨ ) મર્હુમ નવાબ જાફરઅલીખાન સાહેબનાં માતુશ્રી બહુબેગમ સાહેબનું નામ જોડી ગવારામાં વિ. સં. ૧૯૬૮ ( ઈ. સ. ૧૯૧૨ )માં આ દવાખાનું કાઢવામાં આવ્યું. ' લોકોને ત્રણ દરવાજાનું દવાખાનું દૂર પડવાથી શહેરના મધ્ય ભાગમાં ફ્રી દવાખાનું કાઢવામાં આવે છે ' આ મુદ્દો ધ્યાનમાં રાખેલો અને એક એલ. એમ. ઍન્ડ એસ. ડૉકટરની નિમણૂક કરી હતી. આ તારીખ સુધી આવી ડિગ્રી ધરાવનાર કોઈ ડૉકટરની નિમણૂક થઈ ન હતી.

---

૧–૨. પાછળ પૃ. ૧૧૫ ઉપર નોંધ

આજે તો આ દવાખાનું બંધ કરવામાં આવ્યું છે અને તે મકાનમાં 'ટેલિફોન એક્ષચેંજ' ઑફિસ રાખવામાં આવી છે.

૪–૫–૬. તારાપુરમાં અને વરસડામાં એમ બે સરકારી દવાખાનાં હતાં. તથા કાણીસામાં દવાખાનાં છે.

## ૭. પશુચિકિત્સાલય

ખંભાતનું દેશી રાજ્ય હતું, ત્યારે ખંભાત સંસ્થાનનાં, ગામડાંનાં તથા શહેરનાં પશુઓનું એક દવાખાનું ત્રણ દરવાજાની અંદર છાપખાનાની બાજુમાં રાખવામાં આવ્યું હતું. તેનું નામ જાનવરોનું દવાખાનું એવું રાખવામાં આવ્યું હતું. અને તે માટે એક ખાસ ડૉકટર રાખવામાં આવ્યો હતો. તે પશુઓને દવા આપતા હતા. આ દવાખાનું સને ૧૯૧૦ પહેલાંનું હતું.

ગુજરાત રાજ્યસરકાર હસ્તક આ દવાખાનું આવ્યા પછી તેને ચાલુ રાખવામાં આવ્યું છે. સરકાર હસ્તક ૨૦૦ ઉપરાંત પશુ–ચિકિત્સાલયો અને પ્રાથમિક સારવાર કેન્દ્રો છે. આ દવાખાનામાં પશુઓને તેમ જ મરઘાં–બતકોને મફત સારવાર આપવામાં આવે છે ચેપી રોગોના અટકાવની રસી ગામડાંમાં જઈ ને મફત મૂકવામાં આવે છે. ખસી તથા નાનામોટા વાઢકાપનું કામ પણ દવાખાનામાં અદ્યતન પદ્ધતિની કરવામાં આવે છે.

પશુચિકિત્સામાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને માટે આણંદ ખાતે એક પશુચિકિત્સક મહાવિદ્યાલય સને ૧૯૬૫થી શરૂ કરવામાં આવ્યું છે. જેમાં દ્વિતીય વર્ષ વિજ્ઞાન પસાર કરેલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. અભ્યાસક્રમ ૪ ( ચાર ) વર્ષનો છે. સરકાર તરફથી ૪૦ વિદ્યાર્થીઓને માસિક રૂા. ૭૫ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

ખંભાત રામકૃષ્ણ સેવાધામ : ( ઈ. સ. ૧૯૪૪ )

ખંભાતના વતની અને પાટીદાર જ્ઞાતિના સુપુત્ર અનેક ડિગ્રીધારી ડૉ. અમૃતલાલ માણેકલાલ પટેલના તરફથી સને ૧૯૪૪ના નવેમ્બર માસમાં 'રામકૃષ્ણ સેવાધામ'ની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થા તરફથી મુખ્ય કામ તો 'દવાખાના'નું છે.

આ દવાખાનાનો લાભ ગામડાના અને શહેરના લોકો સારા પ્રમાણમાં લે છે.

આ દવાખાનાની ખાસ દેખરેખ અત્રેના પરીખ અમૃતલાલ મોહનલાલ રાખે છે. અને એકધારો સુંદર વહીવટ ચાલે છે. આ દવાખાનાનો તમામ ખર્ચ ડૉ. અમૃતલાલ પટેલ તરફથી થયેલો છે. જૂન ૧૯૫૧થી અખિલ હિન્દ મહિલા સમાજ કે જેણે એક મોબીલવાન લાવી ગામડાંની પ્રજાઓને રાહત મળે તે માટે ફરતું દવાખાનું શરૂ કર્યું હતું. આ મોબીલ હૉસ્પિટલ ડૉ. પટેલની લાગવગને આભારી છે. આ પુરુષ સ્વર્ગવાસી થયા છે.

## ખંભાત–જનરલ હૉસ્પિતાલ

ખંભાત શેઠ મુળચંદભાઈ ગિરધરલાલ સૂતિકા ગૃહ : ઈ. સ. ૧૯૪૩

સ્ત્રીઓને સુવાવડના પ્રસંગે કષ્ટસાધ્ય દરદો માટે બોરસદના પ્રસૂતિગૃહમાં કે પેટલાદ જેવાં બીજા. સ્થળોમાં વારંવાર જવાના સંતાપથી બચાવી લેવા અને તેમની દર્દભરી કહાણીમાં સહાયભૂત થવા ખંભાતનાં વિચારક નગરજનોએ ખંભાતમાં જ સૂતિકાગૃહ એવા સંકલ્પનું પરિણામ તે 'ખંભાત સૂતિકા ગૃહ' છે.

આ માટે તેમણે ખંભાતમાં ઊંચીશેરીમાં એક વિશાળ મકાન ભાડે રાખ્યું અને તેમાં પ્રસૂતિઓ માટે જોઈતાં સર્વ સાધનો તથા સ્ત્રી ડૉકટર તથા પરિચારીકાઓ વગેરેની ગોઠવણ કરી દીધી.

ઉદ્‌ઘાટન–સમારંભ : તા. ૮–૧૦–૪૩ (વિ. સં. ૧૯૯૯ની વિજયાદશમી)

તા. ૮–૧૦–૪૩ના રોજ સવારના નવ વાગ્યે મકાનના આંગણામાં એક સુશોભિત તંબુ નાંખવામાં આવ્યો, મકાનને શણગારવામાં આવ્યું તથા ખાટલા તથા અન્ય સાધનોથી સુસજ્જિત બનાવી દીધું.

પ્રારંભમાં બાલિકાઓએ પ્રાર્થના તથા સ્વાગત-ગીત ગાયા પછી મંત્રીશ્રી બાદ શેઠ શ્રી ચુનીલાલ ગિરધરલાલે ના. નવાબસાહેબ હુસેનયાવરખાન સાહેબને પ્રસૂતિગૃહ ખુલ્લું મૂકવાની વિનંતી કરી હતી. ના. નવાબસાહેબે તેને ખુલ્લું મૂકતાં સૌ આરોગ્ય ભોગવે અને સ્ત્રીઓ આ ગૃહનો લાભ લે એવાં આશીર્વચન કહ્યાં હતાં. બાદ ફૂલહાર થયા હતા.

પ્રથમ વર્ષનો ખર્ચ અને ફંડ : પ્રાથમિક રીતે તેમાં દસબાર ખાટલા રાખવાની વ્યસ્થા થાય તેમ હતી, તેથી તેટલી કરી હતી. પ્રથમ વર્ષનો ખર્ચ શેઠ શ્રી ચુનીલાલ ગિરધરલાલે રૂ. ૧૫૦૦૦ પંદર હજાર આપ્યા. વળી ફંડ ઊઘરાવવાની શરૂઆત કરવામાં આવી, તેમાં સ્વ. શેઠ ચુનીલાલ ત્રિભોવનદાસ લાદીવાળાના ટ્રસ્ટીઓએ ચાલુ ડિસ્પેન્સરી માટે રૂ. ૪૧૦૦૧ જેવી ઉદાર સખાવત કરી. વળી શેઠ શ્રી મુળચંદ ગિરધરલાલના ટ્રસ્ટીઓ તરફથી રૂ. ૧૫૫૦૫૧ની સખાવત મળી અને સ્વ. શેઠ મુળચંદભાઈ ગિરધરલાલ પ્રસૂતિગૃહ નામ રાખવામાં આવ્યું.

નવું મકાન : (ઈ. સ. ૧૯૫૬)

સને ૧૯૪૩થી ૧૯૫૬ સુધી ખંભાત ઊંચી શેરીના મકાનમાં ખંભાત પ્રસૂતિગૃહ રાખવામાં આવ્યું. પછી એ માટેના પ્રયત્નો ચાલુ હતા, અને તેનું પરિણામ એ આવ્યું કે ખંભાતની બેઠકરોડ ઉપર વિશાળ જગામાં સ્વતંત્ર મકાન અદ્યતન સગવડવાળું બનાવવામાં આવ્યું. અને તે નવું મકાન સને ૧૯૫૬માં તૈયાર થતાં વિ. સં. ૨૦૧૨ના વૈશાખ સુદ ૩ અખાત્રીજ તા. ૧૩–૫–૫૬ના રોજ તેમાં પ્રસૂતિગૃહ લઈ જવામાં આવ્યું. ત્યાં સ્ત્રીવર્ગને જવા અડચણ ન પડે તે માટે એમ્બ્યુલન્સ ગાડીની ગોઠવણ કરવામાં આવી. તથા ટેલિફોન તથા રસોડા વગેરેની સગવડ કરવામાં આવી.

જનરલ હૉસ્પિતાલ : પ્રસૂતિગૃહ તથા મકાનમાં આવ્યા પછી તેના કાર્યકરોનો અવિરત ઉત્સાહ હોવાથી; એમણે અહીંયાં જનરલ હૉસ્પિતાલ કરવાનું વિચાર્યું; તેનું શુભ પરિણામ આવ્યું. સારા દાતાઓ મળ્યા; અને ફંડ પણ સારું એકત્રિત થયું. અને બેઠકરોડ ઉપર તે જનસેવા કરનાર હૉસ્પિતાલ ખડેપગે તૈયાર થઈ. તેમાં ધીમેધીમે દાતાઓએ સારાં દાન આપવા માંડયાં અને જુદા જુદા વિભાગો ખોલવામાં આવ્યા.

આરામગૃહ : દસ ખંડોનું આરામગૃહ સદ્‌ગત શેઠ ચીમનલાલ વાડીલાલે રૂા. ૨૬૦૦૧નું દાન આપી દરદીઓનાં સગાંવહાલાં માટેના આરામ માટે સને ૧૯૫૯માં બાંધી આપ્યું.

એકસ–રે : સદ્‌ગત શેઠ લલ્લુભાઈ ચુનીલાલ મેચીસવાળા તરફથી રૂા. ૫૦૦૦ પાંચ હજાર મળ્યા તથા બીજું ૨૧૦૦૦નું દાન મળતાં સને ૧૯૬૦માં એકસ–રે મશીન ખરીદાયું.

પેથેલૉજિકલ લેબોરેટરી : સદ્‌ગત શેઠ લલ્લુભાઈ ચુનીલાલ મેચીસવાળાએ તેમનાં ધર્મપત્ની સવિતાબહેન લલ્લુભાઈ મેચીસવાળાના નામથી રૂા. ૯૫૦૦ દાનમાં આપી, લેબોરેટરી શરૂ કરી સને ૧૯૬૧.

સર્જીકલ વૉર્ડ : ખંભાતના સાડીપંચ તરફથી રૂા. ૮૮૦૦૦ના ખર્ચે સર્જીકલ વૉર્ડ બાંધી આપવામાં આવ્યો. અને તેની ઉદ્‌ઘાટનવિધિ ગુજરાતના

મુખ્ય પ્રધાન જીવરાજ મહેતાને હાથે થઈ, ( તા. ૯–૬–૬૩ ), સને ૧૯૬૨.

આઉટડોર વિભાગ : શ્રી સવિતાબહેન શંકરલાલના ટ્રસ્ટીઓ શેઠ કાંતિલાલ ભોગીલાલ શાહ તથા શેઠ હસમુખલાલ કરસનદાસ તથા શેઠ મહેન્દ્રભાઈ ભાઈદાસ તરફથી રૂા. ૪૦૦૦૦ ચાલીસ હજારની મદદથી મકાન બંધાવ્યું સને ૧૯૬૩.

કાર્ડિયોગ્રામ વિભાગ : શ્રી સવિતાબહેન માણેકલાલ તરફથી કાર્ડિયોગ્રામ માટે રૂા. ૭૦૦૦ સાત હજારનું દાન મળ્યું.

મુવેબલ એક્સ–રે મશીન : શ્રી સુગર ઍન્ડ ગ્રેઈન મરચન્ટ્સ એસોસીએશન તરફથી રૂા. ૧૧૦૦૧ મળ્યા. ને તે ખરીદાયું.

ઓપ્થાલ્મિક વિભાગ : કાન, નાક અને ગળાનો વિભાગ, ચર્મરોગ–વિભાગ, હૃદય અને છાતી-વિભાગ વગેરે વિભાગો શરૂ કરવામાં આવ્યા, અને તે રોગોના ખાસ ડૉકટરો બહારગામથી આવે તેવી વ્યવસ્થા થઈ. ટી. બી.ના દરદીઓ માટે સગવડ કરાઈ, નર્સિંગ ટ્રેનિંગ વર્ગ શરૂ થયો.

દાંત–રોગ માટે મકાન બાંધવા શેઠ અમૃતલાલ મોતીલાલ પટેલે રૂા. પચાસ હજારનું દાન કર્યું.

આમ આ સંસ્થા નાના બીજમાંથી વિશાળ વૃક્ષ બની. તેનું નામ ' ધી કેમ્બે મેટનિરટિ હોમ ' હતું. તે બદલી ' ધી કેમ્બે મેડિકલ રિલીફ સોસાયટી ' રાખવામાં આવ્યું સને ૧૯૬૫. સંસ્થાએ ખંભાત અને આજુબાજુના પ્રદેશની સેવા સારી બજાવી. પ્રશંસાને પાત્ર બને છે. શુભ સંકલ્પ; અવિરત પ્રયત્ન; મનુષ્યસેવા; સહકાર અને દયાધર્મ આ સઘળા સંસ્કૃતિના અમર વારસાનું પ્રતિક આ હૉસ્પિતાલ છે.

શહેરમાં આયુર્વેદિક તથા હોમિયોપેથિક આરોગ્યાલયો સારી સેવા આપે છે.

**શ્રી વિનોદકુમાર રમણલાલ સાર્વજનિક દવાખાનું : તા. ૧૮–૮–૬૧**

ખંભાતના વતની પરંતુ અમદાવાદમાં કાપડ-ઉદ્યોગનો વ્યવસાય કરનાર શેઠ શ્રી રમણલાલ વજેચંદ તરફથી તા. ૧૮–૮–૬૧ના રોજ ખંભાતના નાગરિકો માટે સાર્વજનિક દવાખાનું જીરાળાપાડામાં શરૂ કરવામાં આવ્યું. પ્રમુખસ્થાને ના. નવાબ-સાહેબ હુસેનયાવરખાન બેઠા હતા.

**જન્મમરણ : સને ૧૯૫૧**

[1]ખંભાત શહેરની ૧૯૫૧ની વસ્તી = ૩૯૦૪૨

| | | | |
|---|---|---|---|
| જન્મ | ૬૮ પુ. | + ૮૨ સ્ત્રી | = ૧૫૦ જન્મ |
| મરણ | ૨૬ | + ૨૪ | = ૫૦ મરણ |

એક વર્ષની અંદરનાં બાળકોની મરણસંખ્યા ૧૪.

દર હજારે જન્મોના પ્રમાણમાં બાળમરણ પ્રમાણ ૯·૩૩

દર હજારે મરણના પ્રમાણમાં ,, ,, ,, ૨૮૦.

પાંચ વર્ષની અંદરનાં બાળકોની મરણસંખ્યા ૨૫.

દર હજારે પાંચ વર્ષની અંદરનાં બાળકોની મરણસંખ્યાનું પ્રમાણ ૫૦૦.

કયા રોગથી મરણ પામ્યાં.

| | | | |
|---|---|---|---|
| તાવથી | ૩૬ | ક્ષય | ૫ |
| ઝાડાથી | ૨ | બીજા રોગ | ૩ |
| લકવો | ૧ | દમ | ૨ |
| એનીમીયા | ૧ | | |

સંસ્થામાં થયેલા જન્મો ૭૨
ખાનગી થયેલા જન્મો ૭૮

૧૫૦

**રોગો :**

**કોલેરા : ૧૯૩૧**

ખંભાત શહેરમાં સને ૧૯૩૧માં કોલેરા ચાલતો હતો. તેને અટકાવવા ખં. મ્યુ.ના પ્રેસિડેન્ટ

૧. નવસંસ્કાર તા. ૬–૭–૫૧, પૃ. ૭

જસાવાળાએ એક મીટીંગ ભરી. અને ગામના ડૉકટરોની સલાહસૂચના પ્રમાણે કોલેરા નાબૂદ કેમ થાય તેનાં પગલાં ભરવામાં આવ્યાં. શહેરના ડૉકટરોને ત્યાં જઈ કોલેરાની રસી મુકાવાની ગોઠવણ કરી. આ રોગ ફાટી નીકળ્યા પછી શી શી સાવચેતી રાખવી તથા આહાર–વિહાર કેવો રાખવો વગેરે પ્રજાજોગી એક યાદી બહાર પાડી હતી. તેમાં જણાવ્યું હતું કે લગભગ ૨૨૦ બીમાર પડયા છે અને લગભગ ૭૦ મરણ થયાં છે.

## પ્લેગ : ૧૯૩૦

ખંભાત શહેરમાં સને ૧૯૩૦ના એપ્રિલ માસમાં પ્લેગ શરૂ થયો. લોકો ગામ બહાર ઝૂંપડાં બાંધી ખેતરમાં રહેવા ગયા. રાજ્ય તરફથી તેમનાં ઘરબાર વગેરેનું રક્ષણ આપવાનું સૂચન આપવામાં આવ્યું અને બરાબર પ્લેગ નાબૂદ થયા પછી આવવા સૂચના કરી.[૧]

## મેલેરિયાવિનાશ : ૧૯૫૧

ખંભાત શહેર અને ગામડાંમાં મેલેરિયા તાવનું જોર વધારે હતું. આ તાવ મચ્છરોને લીધે આવે છે. જો મચ્છરોનો નાશ થાય તો મેલેરિયા જતો રહે. અને પ્રજાનું આરોગ્ય વધે આ હેતુથી મલેરિયા–નાબૂદી માટે મુંબઈ સરકારે આરોગ્યખાતું કાઢયું, અને તે ખાતા તરફથી શહેર–ગામડાના દરેક ઘરમાં ડી. ડી. ટી. છાંટવાનો પ્રબંધ કર્યો, આ રીતે પ્રયત્ન થવાથી મેલેરિયા ઉપર સારી અસર થઈ.

ખંભાતમાં તા. ૧–૮–૫૧થી ડી. ડી. ટી. છાંટવાનું શરૂ કર્યું હતું. આ પાવડરમાં ૫૦ ટકા વેટબલ હતો.

૧. ખં. દ. ગે. ૧૯૩૦ એપ્રિલ

## ઈન્ફ્લ્યુએન્ઝા : ૧૯૫૭

ખંભાત શહેરમાં ઈન્ફ્લ્યુએન્ઝાનો રોગ સને ૧૯૫૭માં વ્યાપક થતો દેખાયો. આ વખતે મ્યુનિ. સેનેટરી કમિટિના ચેરમેન ડૉ. દેવેન્દ્ર ભટ્ટના સૂચનથી ખંભાત મ્યુ.ના પ્રમુખશ્રીએ જાહેર પ્રજાને પૂરતી વૈદકીય રાહત મળે તે દૃષ્ટિથી શહેરના ડૉકટરો, વૈદ્યો અને હકીમોની એક મિટિંગ બોલાવી. અને તેમના સહકારથી શહેરમાં — ૧. મોઢ દૂધારાની વાડી, ૨. ગવારા પોલીસ–ચોકી, ૩. મકાઈ મંડઈ (સ્ટેશન–રોડ) ૪. જૂની મંડઈ, ૫. પીઠ, ૬. જૂની હાઈસ્કૂલ તા. ૧૪–૫–૫૭થી કામ શરૂ થયું.

આ પ્રમાણે કેન્દ્રો નક્કી કરી અને ત્યાં ડૉકટરો અને તેમના સમયો વગેરે નક્કી કર્યા અને ત્યાં મફત દવાઓ, ઈન્જેકશનો વગેરે આપવાની વ્યવસ્થા કરી. આથી રોગ કાબૂમાં આવી ગયો.

તા. ૭–૮–૫૭ રાત્રે મોઢ વણિક દૂધારાની વાડીમાં સર્વ ડૉકટરો કે જેમણે ઈન્ફ્લ્યુએન્ઝાના કાર્યમાં પોતાની કમાણી છોડી સેવા આપી છે, તેમનો મ્યુ.ના પ્રમુખ તરફથી આભાર માનવામાં આવ્યો હતો.

## કૃમિનો ઉપદ્રવ : ૧૯૫૬

મુંબઈ સરકાર તરફથી ખંભાતની સરવે કરતાં માલમ પડયું કે ખંભાત તાલુકામાં ૫૦ ટકા કૃમિ જંતુનો ઉપદ્રવ છે. આ માટેના ઉપચાર કરવા એક અધિકારી નીમવામાં આવ્યા હતા. તેઓએ ગામડે ફરીફરીને આ ઉપદ્રવ માટેના નિયમો સમજાવ્યા હતા. અને તેના ઉપાયો પણ કર્યા હતા.

## શિતળાની રસી : ૧૯૫૮

બાળકોને શિતળા કઢાવવા જોઈએ. અને તે રોગથી બચવા માટે ખં. મ્યુ. તરફથી બાળકોને રસી મુકાવવાની યોજના કરી હતી. તથા ખં. મ્યુ. તરફથી ત્રિગુણી રસી મૂકવામાં આવી હતી.

### ભારત સેવકસમાજ–પરિવારકલ્યાણનિયોજન કેન્દ્ર : સને ૧૯૬૫

ખંભાતમાં આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. નિયમસરનું બંધારણ કર્યું. તેના પહેલા પ્રમુખ ડૉ. દેવેન્દ્રપ્રસાદ ન. ભટ્ટને નીમવામાં આવ્યા. કુટુંબનિયોજન માટે તથા અન્ય સાંસ્કૃતિક કાર્યો કરી આ સંસ્થાએ ખંભાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં સારો ફાળો નોંધાવ્યો છે.

### ખંભાત તાલુકામાં આરોગ્યનાં કામ : સને ૧૯૬૩-૬૪

ખંભાત વિકાસ ઘટક તરફથી ઉંદેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું. તેમ જ સાયમા, ગુડેલ, મોરજ અને વરસડા પેટાકેન્દ્રો સ્થાપ્યાં. તારાપુર, કાણીસા, વરસડા, ગોલાણા, વડગામ, કલમસર, ખડા, ભુવેલમાં દવાખાનાં છે. ઉંદેલ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ કરવામાં આવ્યું છે; તેમ કર્મચારીઓ માટેનાં નિવાસસ્થાનો બંધાયાં છે.

### નેત્રયજ્ઞ :

#### ૧. વરસડા નેત્રયજ્ઞ : ઈ. સ. ૧૯૪૯

સામાજિક સેવાકાર્ય કરતી શ્રી ચિદાનંદ સોસાયટી તરફથી ભાલબારાના વરસડા ગામમાં તા. ૨૧–૨૨–૨૩ નવેમ્બર સને ૧૯૪૯માં રાખવામાં આવ્યો હતો, આંખના મુખ્ય ડૉ. નડિયાદવાળા સેવાભાવી સન્તુરામ હતા. ૫૨ ઑપરેશન થયાં અને ૩૨ આંખના મોતિયા કાઢયા હતા.

#### ૨. ઉંદેલમાં નેત્રયજ્ઞ : ઈ. સ. ૧૯૪૯

ખંભાત તાલુકાના ઉંદેલ ગામમાં નેત્રથી પિડાતા દરદીઓ માટે નેત્રયજ્ઞ તા. ૭–૮–૯ ડિસે. સને ૧૯૪૯ના રોજ રાખવામાં આવ્યો હતો. ૪૫૧ દરદીઓએ લાભ લીધો હતો. સેવાભાવી ડૉક્ટર સંતુરામે સેવા આપી હતી; તેમ ખંભાતથી ડૉક્ટરો મદદમાં આવ્યા હતા.

#### ૩. ખંભાતમાં નેત્રયજ્ઞ : ઈ. સ. ૧૯૫૦

શ્રી ઠાકુર હરનાથ મંડળ તરફથી ખંભાતમાં ટોળકિયા બ્રાહ્મણની વાડીમાં નેત્રયજ્ઞ રાખવામાં આવ્યો હતો. જનસેવાના ભેખધારી ડૉક્ટર સંતુભાઈ તથા ડૉ. રમણલાલ દોશીએ સારી સેવા આપી હતી. આ યજ્ઞમાં ૧૨૫ ઑપરેશન થયાં હતાં તથા ૧૨૫૦ આંખના દરદીઓને તપાસી યોગ્ય દવા–સલાહ આપી હતી. મંડળ તરફથી ડૉક્ટરોની સેવાનો આભાર માન્યો હતો, અને સન્માનપત્રો આપ્યાં હતાં.

#### ૪. ખંભાતમાં નેત્રયજ્ઞ : ઈ. સ. ૧૯૫૬

ખંભાત મુકામે સરકાર સંચાલિત નેત્રયજ્ઞ તા. ૩–૨–૫૬, વિ. સં. ૨૦૧૨ના પોષ વદ ૭ ને શુક્રવારથી કોઠી બિલ્ડિંગમાં શરૂ કરવામાં આવ્યો. નેત્રયજ્ઞ માટે એક કમિટી નીમવામાં આવી હતી. તેમાં જુદા જુદા માણસોએ કામ ઉપાડી લીધું હતું. નેત્રકામના નિષ્ણાત ડૉક્ટરો શ્રી વિષ્ણુભાઈ, ડૉ. ગણપતરાય, ડૉ. શ્રી અસ્તપુત્ર, ડૉ. ચાન્કર, ડૉ. જી. પી. અમીન, ડૉ. નારણભાઈ, ડૉ. વી. ડી. માંકડ, ડૉ. ડી. એચ. ભટ્ટ વગેરે ગુજરાત-અમદાવાદના ડૉક્ટરોએ સારી સેવા આપી હતી. આ નેત્રયજ્ઞમાં ૨૫૦૪ દરદીઓએ લાભ લીધો હતો, ૫૦૪ દરદીઓને ઑપરેશન થયાં હતાં. આ યજ્ઞમાં રૂ ૧૦૪૩૮–૬ લોકમદદ રોકડા અને રૂ. ૧૭૯૦–૧૫ અનાજ વગેરે મદદ અને રૂ. ૨૫૦૦ સરકારી મદદ મળી કુલ ચૌદહજાર સાતસોઓગણત્રીસ ૧૪૭૨૯–૫ આવ્યા હતા. અને ૮૫૬૮ ખર્ચ રૂ. થયો હતો. ૬૧૬૮ રૂ. બચ્યા હતા.

#### ૫. ખંભાતમાં નેત્રદંતયજ્ઞ : ૧૯૬૩

ખંભાત નેત્રસમિતિ તરફથી લાલબાગ આગળ સરદાર છાત્રાલયના વિશાળ કંપાઉંડમાં આ યજ્ઞ-

કરવામાં આવ્યો હતો. તેમાં ડૉકટર રમણુલાલ દોશી, ડૉ. ઝવેરભાઈ પટેલ, ડૉ. ઠાકોરભાઈ વગેરેએ સેવાઓ આપી હતી. આ યજ્ઞમાં ૩૩૬ ભાઈ-બહેનોને મોતિયાનાં ઑપરેશન કર્યાં હતાં, અને ૧૫૦૦ ઉપરાંત આંખના દરદીઓને તપાસ્યા હતા. દંતકામમાં ધર્મજવાળા ડૉ. નરેન્દ્રભાઈ વગેરેએ સેવા આપી હતી. ૩૦૦ દરદીઓના દાંત કાઢ્યા હતા. આ યજ્ઞ તા. ૨૦–૩–૬૩ સુધી ચાલ્યો હતો, અને શહેરના ગૃહસ્થો તરફથી નાણાંકીય મદદ તથા ભોજન વગેરેની સારી મદદ કરી હતી. આ સેવા-ભાવી કાર્યના આગેવાન શ્રી જટાશંકર ત્ર્યં. ભટ્ટ હતા.

પ્રકરણ ૨૬

# સંદેશાવ્યવહાર

## પોસ્ટ અને તાર અને સેવિંગ્સ
## ટેલિફોન – રેડીયો

### હિંદમાં પોસ્ટ–ઑફિસ :

ઈ. સ. ૧૮૩૭માં એક ખાસ કાયદાથી જાહેર ટપાલની પહેલવહેલી સ્થાપના થઈ. તે કાયદાને અંગે કાગળો લઈ જવાનો કુલ હક્ક બ્રિટિશ સરકારે હાથમાં લીધો. આમ સરકારી ઈજારાની સ્થાપના થઈ. અને સરકારની પરવાનગી વિના ખાનગી રીતે પૈસા લઈને ટપાલ લઈ જનાર વ્યકિતઓને મનાઈ કરવામાં આવી. ૦। તોલો વજનના કાગળો માટે અર્ધા આનાનો એકસરખો દર જાહેર કરવામાં આવ્યો. તે પછીના દર ૦। તોલાએ અર્ધો આનો વધારો હતો. ટપાલનો ઓછામાં ઓછો દર સો માઈલે બે આનાનો નક્કી કરવામાં આવ્યો હતો. જાહેરની સગવડ માટે ટપાલખાતાના વપરાશ સારુ તાંબાના ટોકન (સિક્કા) પાડવામાં આવ્યા હતા.

ત્યાર પછી હિંદની પોસ્ટ-ઑફિસના ઇતિહાસમાં સિમાચિહ્નસમું ઈ. સ. ૧૮૫૪નું વર્ષ આવ્યું. તે વર્ષમાં ટિકિટો દાખલ કરવામાં આવી. આ ખાતાને એક ડિરેકટર જનરલની નીચે મૂકવામાં આવ્યું. અને પત્ર ગમે તેટલે દૂર મોકલવાના હોય છતાં દર બધે એકસરખો લાગુ કરવામાં આવ્યો. ત્યાર પછીનો તબક્કો મહારાણી વિકટોરિયાના ઢંઢેરાથી શરૂ થયો. આ ઢંઢેરાથી દેશની વ્યવસ્થામાં ફેર-ફાર થયો.[૧]

### 'કૅમ્બે બ્રિટિશ પોસ્ટ–ઑફિસ' ઈ. સ. ૧૮૪૦

ખંભાતમાં અંગ્રેજી રાજ્ય તરફથી પોતાની પોસ્ટ–ઑફિસ ખોલી હતી. તેનું નામ 'કૅમ્બે બ્રિટિશ પોસ્ટ–ઑફિસ' રાખવામાં આવ્યું હતું. હાલના પોસ્ટ–ઑફિસના મકાન ઉપર '૧૮૪૦'નો પથ્થર ચોડવામાં આવ્યો છે.

### ખંભાતમાં પોસ્ટનો કાયદો :

બ્રિટિશ પોસ્ટ–ઑફિસનો કાયદો તા. ૧લી જાન્યુ. સને ૧૯૦૧માં ખંભાત રાજ્યમાં દાખલ કરવામાં આવ્યો.[૨] કાયદો કરતા પહેલાં ખંભાત સ્ટેટમાં 'ધી કૅમ્બે બ્રિટિશ પોસ્ટ–ઑફિસ' ચાલતી હતી.

---

૧. 'કુમાર' અંક ૨૪૨–૨૪૩, પૃ. ૬૨
૨. ખંભાત ગૅઝેટ પૃ. ૧૦મું, અંક ૯

૧. ઈ. સ. ૧૮૫૪ પહેલી ટપાલટિકિટ બહાર પડી.

૨. ઈ. સ. ૧૮૫૭ અર્ધા આનાવાળાં પાકીટો (કવરો) દાખલ કર્યાં.

૩. ઈ. સ. ૧૮૭૭ વેલ્યુપેબલથી કાગળો, ચીજો, છાપાં વગેરે મોકલવાની પદ્ધતિ દાખલ થઈ. (તા. ૧–૨–૭૭)

૪. ઈ. સ. ૧૮૭૯ પોસ્ટકાર્ડ જુના, નાના કદના પા આનાવાળા એકવડા દાખલ થયા. (જુલાઈ ૧૮૭૯)

૫. ઈ. સ. ૧૮૮૦ મનિઑર્ડર (ટપાલ મારફતે નાણું મોકલવાની પદ્ધતિ) દાખલ કરવામાં આવી. તા. ૧-૨-૮૦.

૬. ઈ. સ. ૧૮૮૪ જવાબ લખવાના રિપ્લાઈ પોસ્ટકાર્ડ (બેવડાં) દાખલ કર્યાં તા. ૧-૨-૮૪, સેવિંગ્સ બૅન્ક શરૂ થઈ.

૭. ઈ. સ. ૧૯૧૨ મોટાં પોસ્ટકાર્ડ દાખલ કર્યાં.

૮. ઈ. સ. ૧૯૪૯ વિમાનોદ્વારા ટપાલ મોકલવાની વ્યવસ્થા થઈ.[3]

હિન્દના ફોટાઓ સાથેની લગભગ ૬૩ પ્રકારની ટિકિટો સને ૧૯૪૭ પછી પાડવામાં આવી.

ખંભાત બ્રાંચ પોસ્ટો :

૧. ખંભાતમાં ચિતારી બજાર સને ૧૯૦૮માં ખોલવામાં આવી.

૨. ખંભાતમાં પીઠના લત્તામાં–તા. ૨૯–૨–૬૦-ના રોજ ખોલવામાં આવી.

૩. ખંભાતમાં ત્રણ દરવાજાની આગળ તા. ૨૯–૨–૬૦ના રોજ ખોલવામાં આવી.

૪. કંસારી ખાતે આઈલ ઍન્ડ નેચરલ ગૅસ કમિશનની કોલોનીમાં તા. ૨૪–૨–૬૪ના રોજ ખોલવામાં આવી.

૫. ખંભાતમાં ગવારામાં, ૨૨–૮–૬૮ના રોજ ગવારા લત્તામાં લાલાજીની પોળ આગળ જતાં કાઢવામાં આવી.

ગામડાંમાં : તારાપુર, સાયમા, ઉંદેલ, કાણીસા, મોરજ, બામણવા, ફિણાવ, જલસણ, વટાદરા, વત્રા, નગરા, રાળજ, શકરપુર, પીપળોઈ, કલમસર, રોહણી, જીણજ, વરસડા, વગેરે સ્થળે પોસ્ટ–ઑફિસો છે.

કાગળની ગણતરી : સને ૧૮૮૯ના ક્રમે સ્ટેટના રિપોર્ટમાં ખંભાતમાંથી કેટલાક કાગળો ન્યુઝપેપરો વગેરે લખાયાં છે. તેની ફેબ્રુઆરી માસમાં ગણતરી કરેલી અને તેના આંકડા નીચે પ્રમાણે આવ્યા છે. જો આજે કેટલી ગણતરી થાય, તે તો વાચક અનુમાન કરી લેશે.

| | કાગળો વગેરે | મનિઑડરો | રૂ. |
|---|---|---|---|
| ઈ. સ. ૧૮૮૩ | ૨૪૯૪ | | |
| ,, ૧૮૮૪ | ૨૮૯૦ | | |
| ,, ૧૮૮૫ | ૨૬૭૫ | ૭૯૬ | ૧૭૫૦૯- ૮ |
| ,, ૧૮૮૬ | ૨૭૯૬ | ૮૫૬ | ૨૨૧૮૨- ૩ |
| ,, ૧૮૮૭ | ૨૯૧૩ | ૧૦૦૫ | ૨૩૯૫૬- ૯ |
| ,, ૧૮૮૮ | ૩૨૧૩ | ૯૬૫ | ૨૪૫૨૭-૧૦ |
| ,, ૧૮૮૯ | ૩૬૩૯ | | |

સેવિંગ્સ બૅન્ક :

| | | | |
|---|---|---|---|
| ઈ. સ. ૧૮૮૫ | નં. ૪૧ | ડિપોઝીટ | ૧૮૪૩- ૮-૦ |
| ,, ૧૮૮૬ | નં. ૩૬ | ,, | ૯૭૩૦- ૫-૧ |
| ,, ૧૮૮૭ | નં. ૮૩ | ,, | ૩૦૩૭-૧૨-૯ |
| ,, ૧૮૮૮ | નં. ૬૬ | ,, | ૩૩૬૨-૧૦-૦ |

તાર–ઑફિસ :

ઈ. સ. ૧૮૩૯માં હિંદમાં પહેલો તારવહેવાર શરૂ થયો. ૨૧ માઈલ તારનાં દોરડાં નંખાયાં.

---

૩. ગુજરાતી દીપોત્સવી અંક ૧૯૩૩, પૃ. ૭૦

૧૮૫૩માં ખરું મુહૂર્ત થયું, તેથી ૧૯૫૩માં તેની શતાબ્દી ઉજવાઈ હતી. સને ૧૮૮૯માં તારઑફિસ પેટલાદ હતી. અને ત્યાર પછી ખંભાત લાવવામાં આવી, માત્ર પોસ્ટ-ઑફિસ હતી.

ટપાલટિકિટ (૧૮૫૪) બહાર પડી. તાર-પદ્ધતિને લીધે ૧૮૫૭નાં ક્રાંતિબળો દાબી દેવામાં આવ્યાં. એક સ્થળેથી બીજે સ્થળે સેનાની હેર-ફેરમાં, મુશ્કેલીઓમાં મુકાયેલાઓને મદદ કરવામાં સ્થાનિક અધિકારીઓને સૂચના આપવામાં અંગ્રેજ અધિકારીઓને તારથી સફળતા સાંપડી હતી.

### ખંભાતમાં ટેલિફોન :

વિજ્ઞાનની પ્રગતિની સાથે દેશમાં નવીન સાધનો આવવા લાગ્યાં. પછી ભલે તે અંગ્રેજ રાજ્યના હિતમાં હોય, ઈ. સ. ૧૮૮૧માં હિંદમાં ટેલિફોન લાવવામાં આવ્યો, અને તેની શોધ થયા પછી પાંચ વર્ષમાં તે હિન્દમાં આવ્યો, પરંતુ તેની ગતિ મંદ હતી; પરંતુ સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી ટેલિફોનની પ્રગતિ સારા પ્રમાણમાં થઈ છે.

ખંભાત સ્ટેટ હતું ત્યારે શહેરની સગવડતા માટે રાજ્ય તરફથી ટેલિફોનયોજના કરવામાં આવી હતી. વૉટર વર્ક્સ સને ૧૯૧૫માં શરૂ થયું. તે અરસામાં દરિયા ઉપર ડક્કા સુધી તથા બંબાખાના સાથે સંબંધ ધરાવતાં દોરડાં નાખ્યાં હતાં. પરંતુ તેનો વિકાસ કરવામાં આવેલો નહિ.

કદમરસુલનો તા. ૨૩-૭-૩૨ના રોજ દરબાર ભરવામાં આવ્યો. તે દિવસે ના. નવાબસાહેબ હુસેનયાવરખાનને હાથે ટેલિફોનની શરૂઆત કર-વામાં આવી અને આ કામ 'કેમ્બે ઇલેક્ટ્રીક સપ્લાય તથા ઈન્ડસ્ટ્રીલ કંપની'ને સોંપવામાં આવ્યું. ધીમેધીમે ટેલિફોનની સંખ્યા વધતી ગઈ, છતાં જાહેર રીતે તેની વપરાશ ન હતી.

તાર-ખાતાના ડિરેકટરસાહેબ તા. ૨૮-૭-૩૭, ખંભાત આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. પોસ્ટ-ઑફિસમાંથી ટેલિફોન શરૂ કરવા તજવીજ થશે એમ જણાવેલું.

સને ૧૯૪૭ની વચગાળાની સરકાર વખતે મોટા અમલદારોની ઑફિસોમાં ટેલિફોન શરૂ કર્યા હતા.

ગવારા પોસ્ટ-ઑફિસમાં ટેલિફોન આવ્યા પછી પણ જાહેર રીતે એનો ઉપયોગ કરવા દેવામાં આવતો ન હતો. પરંતુ પ્રજાની માંગણીને લીધે તા. ૧૦મી ઑગસ્ટ ૧૯૫૨થી પોસ્ટ ઑફિસમાંથી ટેલિફોનની સગવડ મળવા લાગી. ખંભાતના કેટ-લાક નાગરિકોએ તેમને ગેરંટી આપી હતી.

### સ્વતંત્ર એક્સચેંજ : તા. ૧-૭-૫૫

હાલનું ટેલિફોન એક્સચેંજ ગવારામાં જૂના દવાખાનાના મકાનમાં (જનાબે બહુબેગમ ડિસ્પે-ન્સરીવાળા મકાનમાં) શરૂ કરવામાં આવ્યું અને તેની ઉદ્ઘાટનવિધિ ખંભાતના સુપ્રસિદ્ધ શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ (જે. પી.)ને હસ્તે તા. ૧-૭-૫૫, કરવામાં આવી. ટેલિફોનનું ઉદ્ઘાટન કરતાં પ્રથમ ફોન અમદાવાદના ડિવિઝનલ એંજિ-નિયર ઑફ ટેલિગ્રાફ્સ અને પોસ્ટ માસ્તર જનરલ મુંબઈનો સંપર્ક સાધવામાં આવ્યો હતો.

એક્સચેંજ ઑફિસ પાસેથી નંબર માંગવો પડે અને તે નંબર જોડી આપે તો વાતચીત થાય છે. પરંતુ તે હવે વાતચીત કરનાર પોતે જ નંબર જોડી શકે એવાં સ્વયંસંચાલિત ટેલિફોનજોડાણ થોડા સમયમાં આવવા સંભવ છે.

ટેલિફોન અને ટેલિફોન એક્સચેંજની યંત્ર-સામગ્રી અને તારવહેવારનાં દોરડાં હવે ભારતમાં બહુ મોટી સંખ્યામાં બની રહ્યાં છે. બેંગલોરમાં આવેલું 'ઇન્ડિયન ટેલિફોન ઇન્ડસ્ટ્રીઝ' અને પશ્ચિમ બંગાળમાં આસાનસોલ પાસે 'હિંદુસ્તાન કેબલ્સ'માં હવે કો. એક્સિયલ કેબલ એટલે એક જ દોરડામાં ૨૦૦ કે તેથી વધુ વારના જોડકા હોય તેવા તારનું ઉત્પાદન શરૂ થયું છે. આ દોરડાની

વપરાશથી દૂરની ટેલિફોનસગવડ ઘણી શીઘ્ર અને વ્યાપક થશે. હાલ ખંભાતમાં ટેલિફોનનાં દોરડાં વધુ નંખાય છે અને ટેલિફોન વધુ આપવામાં આવે છે.

**ઉંદેલમાં ટેલિફોન એકસચેંજ :** ગુજરાત ટેલિફોન, અમદાવાદ — વિભાગમાં ૯૯મું એકસચેંજ ઉંદેલમાં નાખવામાં આવ્યું હતું. જયાંથી આસપાસનાં દસ જેટલાં ગામોને લાભ મળશે. એટલે ગામડાંમાં જલદી ખબરો મળે તેવી સુવિધા પ્રાપ્ત થઈ છે.

### રેડિયો

ઈ. સ. ૧૯૨૪ના મેની ૧૬મી તારીખે હિંદમાં મદ્રાસ ખાતે રેડિયો–કલબની સ્થાપના થઈ. ઈ. સ. ૧૯૨૭માં ઇન્ડિયન બ્રોડકાસ્ટીંગ કંપનીનું મુંબઈનું સ્ટેશન તા. ૨૩મી જુલાઈ એ ખુલ્લું મુકાયું અને કલકત્તામાં ૨૬મી ઑગસ્ટે ખુલ્લું મુકાયું. ઈ. સ. ૧૯૩૦માં બ્રોડકાસ્ટીંગ કંપની ફડચામાં ગઈ અને બ્રોડકાસ્ટીંગ હિંદી સરકારની સીધી દેખરેખ હેઠળ મુકાયું. તેનું નામ બદલીને 'ઇન્ડિયન સ્ટેટ બ્રોડકાસ્ટીંગ સર્વીસ' રખાયું અને ૧૯૩૬માં તેનું નામ બદલીને 'ઑલ ઇન્ડિયા રેડિયો' રખાયું-સને ૧૯૪૩માં દિલ્હીમાં એશિયાભરમાં પ્રથમ ગણાય એવું બ્રોડકાસ્ટીંગ ખુલ્લું મુકાયું, અને ૧૯૪૭માં ઑગસ્ટની ૧૫મીએ સરદાર પટેલે ધ્વનિવિસ્તાર ખાતું પોતાના હસ્તક લીધું.

આમજનતામાં જ્ઞાન સાથે ગમ્મત આપવા રાજકારણ, સાહિત્ય, વિજ્ઞાન, ઇતિહાસ, શિક્ષણ જેવાં ક્ષેત્રોમાં પ્રજાનો રસ વધારવા અને દેશપરદેશના સમાચારોથી પ્રજાને વાકેફ રાખવી, આ મુખ્ય હેતુ હોય છે.

માહિતી અને બ્રોડકાસ્ટીંગ ખાતું દિલ્હી સરકારના તે ખાતાના પ્રધાનના હાથમાં હોય છે. તેમના હાથ નીચે ડાયરેકટર જનરલ, ડે. ડાયરેકટર, ચીફ એન્જીનિયર, ડાયરેકટર ઑફ પબ્લિક રીલેશન્સ વગેરે હોય છે.

**વડોદરા રેડિયો–સ્ટેશન :** ઈ. સ. ૧૯૪૭ પછી ગુજરાતમાં બ્રોડકાસ્ટીંગક્ષેત્રે પ્રગતિ થઈ. વડોદરા રાજ્યે ૧૯૪૭માં વડોદરા રેડિયો–સ્ટેશનની શરૂઆત થઈ. આ પછી સરદાર પટેલના આશીર્વાદથી ૧૬મી એપ્રિલ, ૧૯૪૯થી અમદાવાદમાં રેડિયો સ્ટેશન શરૂ થયું.[૧]

અમદાવાદથી લગભગ ૧૪ માઈલ દૂર બારેજા ખાતે આકાશવાણીનું ઉચ્ચ શકિતશાળી ટ્રાન્સમીટર નાખવામાં આવ્યું. અને ૧૯૫૫ના જાન્યુઆરીની ૪થી તારીખથી રાજકોટ કેન્દ્ર શરૂ થયું. આ પ્રમાણે ગુજરાતમાં અમદાવાદ, વડોદરા અને રાજકોટ-ભુજથી કાર્યક્રમો આવે છે.

રેડિયો - ફોટો દ્વારા દુનિયાના એક છેડેથી બીજે છેડે મિનિટોમાં ફોટો–આકૃતિ મોકલી શકાય છે. જે સિદ્ધાંતોને આધારે શબ્દનું પ્રસરણ ક્ષણવારમાં હજારો માઈલ દૂરસાધ્ય કરાયું છે તે પ્રમાણે પ્રકાશનું પ્રસરણ મેળવીને દૂરથી આકૃતિઆલેખન પણ સાધ્ય કરાયું છે. એક દેશમાં કે શહેરમાં રેડિયો–ફોટાના યંત્રમાં ફોટો ગોઠવાય છે. ને તે થોડી જ વારમાં દૂરના એવા જ યંત્ર ઉપર સ્પષ્ટ દેખાય છે. અને તે ફોટા ઉપરથી બ્લૉક બનાવીને છાપામાં છપાય છે.

---

૧. 'ગુજરાત : એક પરિચય' પૃ. ૫૬૭